પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૨-૩-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંક : ૪
Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**
શંકાનો નકશો લઈ...
બધાને શ્રધ્ધા
સુધી જવું છે...

**આંબરડી સફારી પાર્કમાં મુલાકાતીઓની સંખ્યામાં ૧૮%નો વધારો**
(વાંચો છેલ્લા પાને)

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ સરકારની નટ ચાલ

# યુધ્ધની અસરો સ્થાનિક કક્ષાએ જબરદસ્ત દેખાતા ચૂંટણીના સંભવિત પરિણામોથી ભાજપ ચિંતિત

## ગેસ સહિતના ઈંધણની અછતઃ સતત વધતી મોંઘવારી, બંધ થતા કારખાનાઓની વિપરિત અસર મતદાન પર થવાની દહેશત

**અબતક, રાજકોટ**

ઈરાન-ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે છેલ્લા ૧૩ દિવસથી ભીષણ યુધ્ધ ચાલી રહ્યું છે. તેની અસર હવે વિશ્વભરમાં વર્તાવા લાગી છે. ખાડી યુધ્ધની વિપરિત અસરોથી ગુજરાત પણ બાકાત નથી હવે જો યુધ્ધ વધુ ચાલશે તો આગામી દિવસોમાં સ્થિતિ વધુ વિકટ બની શકે છે. હાલ રાજયની ભાજપ સરકાર અને સંગઠનની ચિંતા સતત વધી રહી છે.એપ્રિલ અંત અને મોડામાં મોડી મેંના પ્રથમ સપ્તાહમાં ચૂંટણી આપવી જ પડે તેમ છે. જો વાતાવરણ સાનુકુળ નહી બને તો મહાપાલિકાઓ, જિલ્લા પંચાયત અને નગર પાલિકામાં વહીવટદાર શાસન લાંબુ ચાલી શકે છે. યુધ્ધ ઝડપથી સમાપ્તત થઈ જાય અને સ્થિતિ થાળે પડી જાય તે તમામના હિતમાં છે.

રાજયની મહાપાલિકાઓ, જિલ્લા પંચાયત, અને નગરપાલિકાઓમાં હવે વહીવટદાર શાસન આવી રહ્યું છે. એસઆઈઆરની કામગીરીના કારણે રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પાછી ઠેલાઈ છે. ગઈકાલે ૧૧મી માર્ચે આખરી મતદાર યાદી પ્રસિધ્ધ થવાની હતી. પરંતુ કોઈ કારણોસર થઈ શકી નથી. ખાડી



### એક સપ્તાહમાં આચાર સંહિતા અમલમાં આવી જવાની સંભાવના

આગામી એકાદ સપ્તાહમાં રાજય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની તારીખ જાહેર કરી દેવામાં આવે તેવી શકયતા પણ જણાય રહી છે. આગામી ૨૫મી માર્ચે વિધાનસભાનું બજેટ સત્ર પૂર્ણ થતાની સાથે જ ચૂંટણીની તારીખનું એલાન કરી દેવામાં આવશે. તેવું હાલ દેખાય રહ્યું છે. આગામી એક પખવાડીયા સુધી સરકાર યુધ્ધની સ્થિતિ પર વોચ રાખશે જો યુધ્ધ વિરામ થઈ ગયું હશે તો ૨૫ કે ૨૬ માર્ચે ચૂંટણીની તારીખ જાહેર થઈ જશે.

યુધ્ધની વિપરીત અસરો હવે ગુજરાતમાં પણ મોટાપાયે થવા માંડીને રાજ્યમાં ઉદ્યોગોને અપાતા ગેસના જથ્થામાં મોટાપાયે કાપ મૂકવામાં આવ્યો છે. જેના કારણે અનેક ઉદ્યોગોમાં હાલ શટ ડાઉન જેવી સ્થિતિ સર્જાય જવા પામી છે. રાંધણ ગેસ, પેટ્રોલ, ડીઝલ પણ અછત ઉભી થવાની દહેશત જણાય રહી છે. યુધ્ધના કારણે મોંઘવારી પણ વકરે તેવી ભીતિ દેખાય રહી છે. આવામાં સ્થાનિક સ્વરાજયની આગામી ચૂંટણીને લઈ રાજયની ભાજપ સરકારની ચિંતા દિન પ્રતિદિન વધી રહી છે. શહેરી (અનુ. આઠમા પાને)

### એપ્રિલ અંત કે મેના પ્રથમ સપ્તાહથી મોડી ચૂંટણી આપવી સરકારને પોષાય તેમ નથીઃ સાનુકુળ વાતાવરણ નહીં બને તો વહીવટદાર શાસન લાંબુ પણ ચાલી શકે



### મોજબતા હુમલામાં ઘાયલ થતા ઈરાન ફફડ્યું

# અમારી ત્રણ શરતો સ્વીકારશો તો જ યુધ્ધ સમાપ્ત કરીશુંઃ ઈરાન

## આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાનની માંગણીઓ સંતોષવા સહિતની માંગ સાથે અમેરિકા અને ઈઝરાયેલ સાથે ચાલી રહેલા ભીષણ યુદ્ધ વચ્ચે, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને પહેલીવાર યુધ્ધ વિરામ અંગે મૌન તોડ્યું

**અબતક, રાજકોટ**

પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલું ભીષણ યુદ્ધ હવે નિર્ણાયક મોડ પર પહોંચ્યું છે. વૈશ્વિક અર્થતંત્ર પર આ જંગની માઠી અસરો વચ્ચે ઈરાને પહેલીવાર યુદ્ધ વિરામ માટે પોતાની શરતો દુનિયા સામે મૂકી છે.

ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને બે અઠવાડિયા જેટલો સમય થવા આવ્યો છે ત્યારે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર સ્પષ્ટ કર્યું છે કે ઈરાન કયા સંજોગોમાં પાછળ હટશે. તેમણે જણાવ્યું કે જો આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાનની માંગણીઓ સંતોષવામાં આવે તો જ તેહરાન યુદ્ધ સમાપ્ત કરવા માટે તૈયાર છે.

ઈરાનના રાષ્ટ્રપતિએ રશિયા અને પાકિસ્તાન જેવા પ્રાદેશિક સાથી દેશોના નેતાઓ સાથે વાત કરીને આંતરરાષ્ટ્રીય સમર્થન (અનુ. આઠમા પાને)

### ઈરાનની આર્થિક અને ટેકનોલોજી હબ ઉપર હુમલાની દહેશતને લઈ દુબઈ હરકતમાં!!!

ખાડી દેશોમાં વધી રહેલા સૈન્ય તણાવ અને ઈરાન દ્વારા અમેરિકન સંસ્થાઓને નિશાન બનાવવાની ધમકી બાદ દુબઈના આર્થિક અને ટેકનોલોજી ક્ષેત્રમાં હાઈ-એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દુબઈમાં કાર્યરત અમેરિકન બેંકો અને વૈશ્વિક ટેક કંપનીઓએ સાવચેતીના ભાગરૂપે તેમના કર્મચારીઓને ઓફિસ આવવાને બદલે ઘરેથી કામ કરવા આદેશ આપ્યો છે.ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોપ્ર્સ દ્વારા અમેરિકન બેંકો અને ટેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલાની ચેતવણી આપવામાં આવ્યા બાદ દુબઈ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સેન્ટરમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. (અનુ. આઠમા પાને)

### ઈરાનની ૩ મુખ્ય શરતો

**૧. વૈધ અધિકારોની માન્યતાઃ** આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાનના કાનૂની અને વ્યૂહાત્મક અધિકારોને સ્વીકારવામાં આવે.

**૨. યુદ્ધનું વળતરઃ** જંગ દરમિયાન ઈરાનને થયેલા આર્થિક અને માળખાગત નુકસાનની ભરપાઈ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવે.

**૩. આંતરરાષ્ટ્રીય ગેરંટીઃ** ભવિષ્યમાં ઈરાન પર કોઈ પણ પ્રકારના હુમલા નહીં થાય તેની નક્કર આંતરરાષ્ટ્રીય સુરક્ષા ગેરંટી આપવામાં આવે.

# ઉઠાંતરી કરતી ચેનલોને બંધ કરવા સરકારનો ટેલીગ્રામને આદેશ

## ચેનલોમાં પાયરેટેડ ફિલ્મો અને વેબ સિરીઝ મૂકી કાયદાનું ઉલ્લંઘન થતું હોવાથી આકરી કાર્યવાહી

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે મેસેજિંગ પ્લેટફોર્મ ટેલિગ્રામ પર કડક કાર્યવાહી કરતા પાયરેટેડ ફિલ્મો અને વેબ સિરીઝનું વિતરણ કરતી અનેક ચેનલોનો એક્સેસ બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. સરકારે નોટિસ મળ્યાના માત્ર ત્રણ કલાકની અંદર જ આ આદેશનું પાલન કરવા પ્લેટફોર્મને તાકીદ કરી છે.

બુધવારે માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા એક જાહેરનામામાં, ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ, ૨૦૦૦ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી (ઈન્ટરમીડિયરી ગાઈડલાઈન્સ અને ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) રૂલ્સ, ૨૦૨૧ ની જોગવાઈઓ ટાંકીને આ ચેનલો અને તેમની સામગ્રીને હટાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

આદેશમાં જણાવાયું છે કે ટેલિગ્રામની કેટલીક ચેનલો પર મંજૂરી વિના ઓટીટી પ્લેટફોર્મ, નિર્માતાઓ અને અન્ય કન્ટેન્ટ માલિકોની કોપીરાઈટવાળી સામગ્રી હોસ્ટ અને વિતરિત કરવામાં આવી રહી હતી. આ કૃત્ય કોપીરાઈટ એક્ટ, ૧૯૫૭ નું સીધું ઉલ્લંઘન છે, જેને ધ્યાનમાં રાખીને સરકારે તાત્કાલિક પગલાં લીધા છે.

નોટિફિકેશનના પરિશિષ્ટ મુજબ, કેટલીક ચેનલોમાં ફિલ્મો, વેબ સિરીઝ અને અન્ય ડિજિટલ એન્ટરટેઈનમેન્ટ કન્ટેન્ટના (અનુ. આઠમા પાને)

# સનાતની સિવાયના લોકો માટે બદ્રીનાથ-કેદારનાથ સહિત ચાર ધામ પર પ્રવેશ નિષેધ



## આગામી ચારધામ યાત્રાની તૈયારીઓ માટે મંદિર સમિતિએ કુલ રૂ. ૧૨૧ કરોડનું બજેટ ફાળવ્યું

**અબતક, રાજકોટ**

ઉત્તરાખંડના પ્રસિદ્ધ ધામ બદ્રીનાથ અને કેદારનાથ સહિત કુલ ૪૭ મંદિરોમાં હવે બિન-સનાતનીઓ (જે ઓ સનાતન ધર્મમાં માનતા નથી) ના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિએ તાજેતરમાં મળેલી બજેટ બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

મંદિર સમિતિના અધ્યક્ષ હેમંત દ્વિવેદીના જણાવ્યા મુજબ, મંદિરોની પવિત્રતા જાળવી રાખવા અને માત્ર શ્રદ્ધા ધરાવતા લોકો જ દર્શન કરે તે હેતુથી આ પગલું ભરવામાં આવ્યું છે. આ પ્રતિબંધ મુખ્યત્વે મંદિરના ગર્ભગૃહ અને તેની આસપાસના ચોક્કસ પરિસરમાં લાગુ રહેશે.

વર્ષ ૨૦૨૬ની યાત્રા માટે (અનુ. આઠમા પાને)

# અનામત રખાયેલા ૪૦ કરોડ બેરલ ઠાલવવા છતાં ક્રૂડના ભાવ વધ્યાં

## ઈરાન યુધ્ધની વૈશ્વિક બજાર પર ગંભીર અસરઃ અમેરિકાએ પોતાના અનામતમાંથી ૧૭.૨ કરોડ બેરલ તેલ મુક્ત કરવાની જાહેરાત



**અબતક, રાજકોટ**

વિશ્વના શક્તિશાળી દેશો દ્વારા તેલના ભાવને અંકુશમાં લેવાના તમામ પ્રયાસો હાલ નિષ્ફળ સાબિત થઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ઈરાન યુદ્ધના કારણે સર્જાયેલી કટોકટી વચ્ચે આંતરરાષ્ટ્રીય એનર્જી એજન્સીએ તેના ઈતિહાસનો સૌથી મોટો ૪૦ કરોડ બેરલ તેલનો જથ્થો અનામત ભંડારમાંથી મુક્ત કરવાનો નિર્ણય લીધો છે, તેમ છતાં આજે એશિયન બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ૭ ટકા સુધીનો તોતિંગ ઉછાળો જોવા મળ્યો છે.

બુધવારે આંતરરાષ્ટ્રીય એનર્જી એજન્સીએ જાહેરાત કરી હતી કે તેલના વધતા ભાવને ડામવા માટે સભ્ય દેશો પોતાના વ્યૂહાત્મક અનામત માંથી ૪૦ કરોડ બેરલ તેલ બજારમાં ઠાલવશે. આ (અનુ. આઠમા પાને)

### શા માટે ક્રૂડના ભાવ વધી રહ્યા છે?

અનામત તેલ છોડવાના સમાચાર સામે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' બંધ થવાની ભીતિ વધુ મોટી છે ઈરાને અમેરિકા અને ઈઝરાયેલના હુમલાના જવાબમાં અખાતી દેશોમાં તેલના કુવાઓ અને રિફાઈનરીઓને નિશાન બનાવ્યા છે.તેમજ વિશ્વના કુલ તેલ પરિવહનનો ૨૦ ટકા હિસ્સો જ્યાંથી પસાર થાય છે તે હોર્મુઝની સામુદ્રધુની વ્યવહારિક રીતે બંધ થઈ ગઈ છે, જેના કારણે બજારમાં ફાળવવામાં આવેલું અનામત તેલ પણ દરિયાઈ માર્ગે પહોંચાડવામાં મુશ્કેલી પડી શકે છે.

### ક્રૂડમાં ભડકો, શેરબજારમાં મહામંદીઃ રૂપિયો નબળો પડ્યો

ખાડી યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો ૧૦૦ ડોલરની સપાટીએ પહોંચી જવા પામી છે.ભારતીય શેરબજારમાં એકધારી મંદી જોવા મળી રહી છે.જેના કારણે રોકાણકારોના અબજો રૂપિયાનું ધોવાણ થઈ ગયું છે. આજે સપ્તાહના ચોથા ટ્રેડિંગ દિવસે શેરબજાર રેડ ઝોનમાં કામકાજ કરતું દેખાયું હતું.ભારતીય રૂપિયો અમેરિકી ડોલર સામે સતત તૂટી રહ્યો છે.આજે ઉઘડતી બજારે સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટ તૂટ્યો હતો. નિફ્ટીમાં પણ ૩૦૦ પોઈન્ટનું ગાબડું પડ્યું હતું.રોકાણકારો દ્વારા સતત વેચવાલી કરવા આવી રહી છેઅમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો આજે ૨૫ પૈસા નબળો પડીને ૯૨.૨૯ની ઐતિહાસિક નીચલી સપાટીએ પહોંચી ગયો છે. નિષ્ણાતોના મતે, ક્રૂડ ઓઈલ મોંઘું થવાને કારણે ભારતનું ઈમ્પોર્ટ બિલ વધશે, જે રૂપિયાના મૂલ્યમાં વધુ ઘટાડો લાવી શકે છે.

# ચિંતા ન કરતા.. રશિયાથી આવતા ક્રુડમાં ૪૫ ટકાનો વધારો

## ફેબ્રુઆરી મહિનામાં દરરોજ આશરે ૧ મિલિયન બેરલ ક્રુડ આવતું, ચાલુ મહિને દરરોજ ૧.૫ મિલિયન બેરલ ક્રૂડની આવક પહોંચી

**અબતક, નવી દિલ્હી**

માર્ચ મહિનામાં રશિયા પાસેથી ભારતની ક્રૂડ ઓઈલની ખરીદીમાં લગભગ ૪૫ ટકાનો જંગી વધારો નોંધાયો છે. ફેબ્રુઆરી મહિનામાં ભારત રશિયા પાસેથી રોજના આશરે ૧ મિલિયન બેરલ ઓઈલની ખરીદી કરતું હતું, જે માર્ચના પ્રથમ ૧૧ દિવસોમાં વધીને ૧.૫ મિલિયન બેરલ પ્રતિ દિવસ પર પહોંચી ગયું છે.

છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા સંઘર્ષની શરૂઆત બાદ હોર્મુઝની સામુદ્રધુની મારફતે થતા પરિવહનમાં વિક્ષેપ પડ્યો છે. આ કારણોસર તેલથી સમૃદ્ધ પશ્ચિમ એશિયાના દેશોમાંથી આવતા સપ્લાયમાં ફેબ્રુઆરીની સરખામણીમાં ભારે ઘટાડો થયો છે. માર્ચના પ્રથમ ૧૧ દિવસમાં ભારતને ઈરાકમાંથી ૦.૬ એમબીડી, સાઉદી અરેબિયામાંથી ૦.૪ એમબીડી અને યુએઈ માંથી ૦.૧ એમબીડી ક્રૂડ ઓઈલ મળ્યું છે.


ફેબ્રુઆરી મહિનામાં ૧ મિલિયન બેરલથી સહેજ વધુ દૈનિક સપ્લાય સાથે સાઉદી અરેબિયા રશિયા પછી ક્રૂડ ઓઈલ પૂરું પાડતો બીજો સૌથી મોટો દેશ હતો. ગયા મહિને ઈરાકે પણ ભારતને લગભગ ૧ એમબીડી અને યુએઈ એ ૦.૬ એમબીડી ક્રૂડ પૂરું પાડ્યું હતું. એકંદરે ભારતે ફેબ્રુઆરીમાં ૫.૨ એમબીડી ક્રૂડની આયાત કરી (અનુ. આઠમા પાને)

# લ્યો કરો વાત... ભારત સહિત ૧૬ દેશો અનીતિના વેપાર અને સસ્તી મજૂરી કરી માલ ઠાલવતા હોવાથી અમેરિકા હરકતમાં

## તપાસમાં ભારત, ચીન, યુરોપિયન યુનિયન, જાપાન, દક્ષિણ કોરિયા, મેક્સિકો, તાઈવાન અને વિયેતનામ જેવા કુલ ૧૬ મુખ્ય ટ્રેડિંગ પાર્ટનર્સનો સમાવેશ કર્યો

**અબતક, રાજકોટ**

''ઘરની બળે (બાયડી), ત્યારે ગામની બળે''- આ ગુજરાતી કહેવત આજે અમેરિકાની નવી વેપાર નીતિ પર બરાબર ફિટ બેસે છે. જ્યારે પોતાનું નુકસાન થતું દેખાય અથવા પોતાનું ઘર (અર્થતંત્ર) જોખમમાં હોય, ત્યારે માણસ આખા ગામની કે દુનિયાની પરવા કર્યા વગર આકરા નિર્ણયો લેતો હોય છે. અમેરિકાની સુપ્રીમ કોર્ટ દ્વારા ટ્રમ્પના અગાઉના ટેરિફ પ્રોગ્રામને ગેરકાયદેસર



ઠેરવ્યા બાદ, સરકારે હવે 'સેકશન ૩૦૧' હેઠળ નવી તપાસ હાથ ધરી છે.


આ તપાસનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકી બજારમાં વિદેશી દેશો દ્વારા કરવામાં આવતા વધારાના ઉત્પાદન અને સસ્તા માલ પર લગામ લગાવવાનો છે.

આ તપાસમાં ભારત, ચીન, યુરોપિયન યુનિયન, જાપાન, દક્ષિણ કોરિયા, મેક્સિકો, તાઈવાન અને વિયેતનામ જેવા કુલ ૧૬ મુખ્ય ટ્રેડિંગ પાર્ટનર્સનો સમાવેશ થાય છે. નવાઈની વાત એ છે કે કેનેડાને આ યાદીમાંથી બહાર રાખવામાં આવ્યું છે. (અનુ. આઠમા પાને)

કિડનીની સંભાળ, જીવનની સુખાકારી

# કિડનીની તંદુરસ્તી એટલે લાંબા આયુષ્યની ગેરેન્ટી: આજે વિશ્વ કિડની દિવસ

## કિડની બગડે ત્યારે શરીરમાંથી ઝેર, વધારાનું પાણી અને કચરો બહાર નિકળતો નથી, કિડનીનું કામ બંધ થઈ જાય એટલે આ બધું લોહીમાં જ રહે છે, જે જીવ માટે જોખમી બની શકે છે: એ સમયે ડાયાલિસિસ કરવું પડે છે, કારણ કે તે કૃત્રિમ રીતે લોહી શુદ્ધ કરે છે, અને શરીરને સંતુલિત રાખે છે




આપણા શરીરના દરેક અંગો મહત્વના છે, પણ નાનકડા ફિલ્ટર જેવડી કિડની સાયલેન્ટ હીરો છે. આજે વિશ્વ કિડની દિવસ છે, ત્યારે આપણે તેના વિશે જાણીએ અને તેને સ્વસ્થ રાખવા જીવન શૈલી બદલીએ. આ વર્ષની ઉજવણી થીમ "બધા માટે કિડની આરોગ્ય: લોકોની સંભાળ રાખવી, ગ્રહનું રક્ષણ કરવું" છે, જેનો હેતુ કિડનીના સ્વાસ્થ્ય અને કિડનીના રોગના વધતા ભારણ વિશે જાગૃતિ લાવવાના અને કિડની સંભાળની સમાન પહોંચના મહત્વને જ નહીં, પરંતુ કિડની રોગ અને તેના પરિણામો પર પર્યાવરણીય અને ગ્રહ સ્વાસ્થ્યની અસરને ધ્યાનમાં લેવાની જરૂરિયાતને પણ પ્રકાશિત કરે છે. આ ઝુંબેશ એ વાત પર પણ ભાર મૂકે છે કે કિડની રોગ એક મુખ્ય અને વધતો જતો વૈશ્વિક આરોગ્ય પડકાર છે.

કિડની આપણા શરીરમાંથી વિષાક્ત પદાર્થો, વધારાનું પાણી અને લોહીમાં હાજર અશુદ્ધિઓને પુરિન મારફતે દૂર કરવાનું કામ કરે છે. આ મહત્વપૂર્ણ અંગનું કામ અહીં જ પૂર્ણ નથી થતું પણ તે આપણા શરીરમાં પીએચ બેલેન્સ, મીઠું અને પોટેશિયમનું સ્તર જાળવી રાખવામાં મદદ કરે છે. તેવામાં જરૂરી બની જાય છે કે આપણે કિડનીનું ખાસ ધ્યાન રાખવું કિડની એ માનવ શરીરનું એક અત્યંત મહત્વનું 'ફિલ્ટરેશન પ્લાન્ટ' છે. જેવી રીતે ઘરના ગંદા પાણીને સાફ કરવા ફિલ્ટરની જરૂર પડે છે, તેવી જ રીતે કિડની લોહીમાંથી બિનજરૂરી કચરો અને ઝેરી તત્વોને પેશાબ વાટે શરીરની બહાર કાઢવાનું કામ કરે છે. તે શરીરમાં પાણી અને ક્ષારો સોડિયમ, પોટેશિયમ નું સંતુલન જાળવી રાખે છે, જે હૃદય અને સ્નાયુઓના યોગ્ય સંચાલન માટે અનિવાર્ય છે.

આ ઉપરાંત, કિડની બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં, લોહીના લાલ કણો (RBC) બનાવવા માટે જરૂરી હોર્મોન્સ ઉત્પન્ન કરવામાં અને હાડકાંની મજબૂતી માટે વિટામિન-ડી ને સક્રિય કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. જો કિડની યોગ્ય રીતે કાર્ય ન કરે, તો શરીરમાં ઝેરી પદાર્થો જમા થવા લાગે છે, જે જીવલેણ સાબિત થઈ શકે છે. કિડની આપણા શરીરમાંથી ઝેરી પદાર્થો અને વધારાનું પાણી બહાર કાઢવાનું મહત્વનું કામ કરે છે. જ્યારે કિડની બગડવાની શરૂઆત થાય છે ત્યારે શરીરમાં કેટલાક લક્ષણો દેખાવા લાગે છે. જેમ કે વારંવાર થાક લાગવો, શરીરમાં ખાસ કરીને પગ અને ચહેરા પર સૂજન આવવું, મૂત્રમાં ફેરફાર થવો (ઘણું ઓછું કે વધુ થવું), મૂત્રમાં ફીણ આવવું કે રંગ ગાઢ થવો આ બધું કિડનીની સમસ્યાનું સંકેત હોઈ શકે છે.

કિડની ખરાબ થતી જાય ત્યારે ભૂખ ઓછું લાગવું, ઉલ્ટી કે મન ઘબરાવું, ચામડીમાં ખંજવાળ થવી અને બ્લડ પ્રેશર વધવું જેવી સમસ્યાઓ પણ દેખાઈ શકે છે. ઘણા લોકોમાં શરૂઆતમાં ખાસ લક્ષણો દેખાતા નથી, તેથી નિયમિત આરોગ્ય ચકાસણી ખૂબ જરૂરી છે. પૂરતું પાણી પીવું, સંતુલિત આહાર લેવો અને વ્યસનોથી દૂર રહેવું કિડનીને સ્વસ્થ રાખવામાં મદદરૂપ બને છે.કિડની સંબંધિત રોગોથી બચવા માટે યોગ્ય જીવનશૈલી અપનાવવાની જરૂરી છે. આજના સમયમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, વ્યસન અને અસંતુલિત આહાર જેવી કારણોસર કિડનીના રોગોમાં વધારો જોવા મળે છે, તેથી સમયસર તપાસ અને જાગૃતિ ખૂબ જરૂરી બની ગઈ છે. ડાયાલિસિસના મુખ્ય બે પ્રકાર છે, હેમોડાયાલિસિસ અને પેરીટોનિયલ ડાયાલિસિસ. હેમોડાયાલિસિસમાં મશીન દ્વારા લોહી બહાર કાઢીને ફિલ્ટર કરવામાં આવે છે અને પાછું શરીરમાં મોકલવામાં આવે છે. પેરીટોનિયલ ડાયાલિસિસમાં પેટની અંદર ખાસ દ્રાવણ નાખીને કચરો બહાર કાઢવામાં આવે છે. આ સારવાર કિડનીની સંપૂર્ણપણે ઠીક કરી શકતી નથી, પરંતુ દર્દીને જીવતા રહેવા માટે મદદરૂપ બને છે. ડાયાલિસિસ નિયમિત કરાવવું પડે છે, નહીં તો શરીરમાં ઝેર ભરાઈ જવાથી ગંભીર સમસ્યાઓ ઊભી થઈ શકે છે.




કિડનીને સ્વસ્થ રાખવા માટેની તકેદારી રાખવી જરૂરી છે, જેમકે દરરોજ ૮-૧૦ ગ્લાસ પાણી પીવો, શરીરમાં પાણીની ઊણપ ન થવા દો, નારિયેળ પાણી, લીંબુ પાણી ફાયદાકારક છે. મીઠું ઓછું ખાઓ, પ્રોટીન મર્યાદિત માત્રામાં લો, ફળ, શાકભાજી, આખા અનાજ વધારે ખાઓ. જંક ફૂડ, પ્રોસેસ્ડ ફૂડ ટાળો. ખાંડ અને મીઠાઈ ઓછી કરો.દારૂ અને સિગારેટ સંપૂર્ણ બંધ કરો, પેઈનકિલર દવાઓ વારંવાર ન લો, ડોક્ટરની સલાહ વગર કોઈ દવા ન લો. આયુર્વેદિક કે દેશી દવા પણ સાવધાનીથી લેવી જરૂરી છે.નિયમિત વ્યાયામકરો, વજન નિયંત્રણમાં રાખો.બ્લડ પ્રેશર અને શુગર નિયંત્રિત રાખો અને ૭ થી ૮ કલાકની પૂરતી ઊંઘ લો. નિયમિત તપાસમાં વર્ષમાં એકવાર ક્રિએટિનિન અને યુરિયા ટેસ્ટ કરાવો, બ્લડ પ્રેશર નિયમિત ચેક કરો. કિડની ટ્રાન્સપ્લાન્ટ એટલે જ્યારે વ્યક્તિની કિડની સંપૂર્ણ રીતે કામ કરવાનું બંધ કરે ત્યારે તેના શરીરમાં બીજી સ્વસ્થ કિડની સર્જરી દ્વારા મૂકવાની સારવાર.

મોટાભાગના લોકો બે કિડની સાથે જન્મે છે, દરેક કિડની દસ લાખ નાના એકમોમાંથી બનેલી હોય છે, જેને નેફ્રોન તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે નેફ્રોનને નુકસાન થાય છે, ત્યારે તે કામ કરવાનું બંધ કરી દે છે, જેના કારણે બાકીના સ્વસ્થ નેફ્રોન પર સામાન્ય કિડની કાર્ય જાળવવા માટે વધારાનો તાણ પડે છે. જો કે, જો નુકસાન ચાલુ રહે છે, તો બાકીના સ્વસ્થ નેફ્રોન કિડની કાર્ય જાળવવા માટે અપૂરતા બની જાય છે.મહિનાઓ કે વર્ષો દરમિયાન કિડની કાર્યમાં આ ક્રમિક ઘટાડો થાય છે જેને ક્રોનિક કિડની રોગ (CKD) કહેવામાં આવે છે. તે અત્યંત સામાન્ય છે, જેમાં પુખ્ત વસ્તીના ૧૦ માંથી ૧ ને કિડની નુકસાન થાય છે, અને દર વર્ષે લાખો લોકો ઈઊંઉ સંબંધિત ગૂંચવણોથી અકાળે મૃત્યુ પામે છે. કિડની એ જટિલ અને અદ્ભુત અંગો છે જે આપણને સ્વસ્થ રાખવા માટે ઘણા મહત્વપૂર્ણ કાર્યો કરે છે.તમારી કિડનીનું મુખ્ય કામ તમારા લોહીમાંથી ઝેરી પદાર્થો અને વધારાનું પાણી દૂર કરવાનું છે.

### કિડની વિશે જાણવા જેવું

કિડની શરીરનું મહત્વનું અંગ છે જે લોહીને સાફ કરી પેશાબ બનાવે છે. તેમાં બે બીન આકારની કિડની હોય છે, જે પેટમાં પાછળના ભાગમાં આવેલી હોય છે. કિડની કાજુ જેવી દેખાય છે, લંબાઈ ૧૦ સેમી, પહોળાઈ ૫ સેમી અને જાડાઈ ૪ સેમી હોય છે. તેનું વજન ૧૫૦થી ૧૭૦ ગ્રામ હોય છે. મુખ્ય કાર્યો લોહીમાંથી ઝેરી પદાર્થો કાઢી પેશાબ બનાવે છે. શરીરમાં પાણી અને ખનીજ પદાર્થોનું સંતુલન રાખે છે. બ્લડ પ્રેશર નિયંત્રિત કરે, લાલ રક્તકણો બનાવે અને વિટામિન ડી તૈયાર કરે છે. કિડની દરરોજ હજારો લિટર લોહી ફિલ્ટર કરે છે અને વધારાનું પાણી-કચરો મૂત્રમાંથી બહાર કાઢે છે. તે આપણા શરીરનું સુપર કોમ્પ્યુટર કહેવાય છે, કારણ કે તેનું કાર્ય જટિલ છે.

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

કિડની તમારા બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં, લાલ રક્તકણો ઉત્પન્ન કરવામાં અને તમારા હાડકાંને સ્વસ્થ રાખવામાં પણ મદદ કરે છે.દરેક કિડની તમારી મુઠ્ઠીના કદ જેટલી હોય છે, જે પેટમાં ઊંડે સુધી, પાંસળીના પાંજરા નીચે સ્થિત હોય છે. તમારી કિડની સોડિયમ અને પોટેશિયમ સહિત ઘણા ખનિજો અને અણુઓના રક્ત પ્રવાહના સ્તરને નિયંત્રિત કરે છે, અને લોહીની એસિડિટીને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. દરરોજ તમારી કિડની તમારા શરીરમાં મીઠા અને પાણીને કાળજીપૂર્વક નિયંત્રિત કરે છે, જેથી તમારું બ્લડ પ્રેશર સમાન રહે.આજે વિશ્વભરમાં ૮૫૦ મિલિયનથી વધુ લોકો કિડની રોગના કોઈને કોઈ સ્વરૂપ સાથે જીવે છે, જે તેને વૈશ્વિક સ્તરે મૃત્યુના મુખ્ય કારણોમાંનું એક બનાવે છે, છતાં અન્ય ક્રોનિક રોગોની તુલનામાં જાહેર જાગૃતિ ઓછી છે. કારણ કે કિડની ઘણીવાર પીડા કે સ્પષ્ટ લક્ષણો વિના ચુપચાપ નિષ્ફળ જાય છે.

# જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન દ્વારા રવિવારે ડાયાબિટીક બાળકો માટે યોજાશે માર્ગદર્શન સેમિનાર

## ઉર્જામંત્રી કૌશિક વેકરીયા, સાંસદ રૂપાલા સહિતના મહાનુભાવોઓ રહેશે ઉપસ્થિત

**અબતક, રાજકોટ**

રાજકોટ: જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન દ્વારા આગામી રવિવાર, ૧૫ માર્ચ ૨૦૨૬ના રોજ શહેરના શ્રી પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે સવારે ૧૦:૩૦ કલાકે ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડાતા બાળકો અને તેમના પરિવાર માટે એક વિશેષ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. 'વર્લ્ડ કિડની-ડે' ના સંદર્ભે યોજાનારા આ કાર્યક્રમનો મુખ્ય વિષય 'જાગૃતિથી સશક્તિકરણ: ટાઈપ-૧ ડાયાબિટીસમાં કિડનીની સંભાળ' રાખવામાં આવ્યો છે.

આ સમારંભના અધ્યક્ષસ્થાને જામનગરના આણદાબાવા આશ્રમના મહંત દેવપ્રસાદ સ્વામી ઉપસ્થિત રહી બાળકોને આશીર્વચન પાઠવશે. કાર્યક્રમનું ઉદઘાટન શ્રી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે.

આ પ્રસંગે રાજ્યના ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા, રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરિયા, ધારાસભ્ય ડો.દર્શીતા શાહ, અને ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા હાજર રહેશે.

જ્યોતિ સીએનસીના પરાક્રમસિંહ જાડેજા તથા સહદેવસિંહ જાડેજા, સદ્ભાવના વૃદ્ધાશ્રમના વિજયભાઈ ડોબરીયા, સોનમ ક્વાર્ટસના જયેશભાઈ શાહ, શાપર-વેરાવળ ઈન્ડ. એસોસિએશનના પ્રમુખ અમૃતભાઈ ગઢીયા, ફાલકન પમ્પના જગદિશભાઈ કોટડીયા, સિદ્ધિ વિનાયક મોટર્સના મયુરસિંહ ઝાલા, એન્જલ પમ્પના કિરીટભાઈ આદ્રોજા, એમ.ડી. પીજીવીસીએલ કેતનભાઈ જોશી, અને હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશનના નીપમભાઈ શાહ પણ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં કરણભાઈ શાહ, શ્રેયાંશભાઈ વિરાણી અને પંકજભાઈ કોઠારી, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલના પ્રમુખ નાનુભાઈ મકવાણા અને ટ્રસ્ટીઓ જયંતીભાઈ ફળદુ, રમેશભાઈ પટેલ, ડો.વિવેક જોશી, ડો. પ્રદીપ કણસાગરા, પ્રતિકભાઈ ડઢાણીયા, હરેશભાઈ સંઘોઈ, સંજયભાઈ ચંડીભમ્મર, રાજીવભાઈ દોશી, અશ્વિનભાઈ કોઠારી, નિનાદભાઈ દેસાઈ, નીરંજનભાઈ દોશી, રાજેશભાઈ કોટક, સેતુભાઈ શાહ, પીયૂષભાઈ પટેલ, ડો.જીજ્ઞેશ મેવા, કમલેશભાઈ વિરડીયા, અમિતભાઈ દવે, મુકેશભાઈ બાટવીયા, સોહમભાઈ ભાડલાવાળા, હાર્દિકભાઈ પારેખ, ભાયાભાઈ સાહોલિયા, સમીરભાઈ પોટા, વિરાટભાઈ શાહ, જગદિશભાઈ પદનાની, વિનોદભાઈ પટેલ, ચંદુભાઈ હુંબલ, પ્રવિણભાઈ પરસાણા તેમજ પીજીવીસીએલના અધિકારીઓ કે.એસ. મલકાણ, એ.આર. કટરા, કે.બી. શાહ, પી.જે. મહેતા, બી.ડી. પરમાર અને એ.એચ. વાઘેલા ઉપસ્થિત રહેશે. બાળકોની 'લાઈફ લાઈન' સમાન નિષ્ણાંત તબીબો ડો.પંકજ પટેલ, ડો.મહિપાલ ખંડેલકર, ડો.બ્રિજ તૈલી, ડો.નિલેશ દેત્રોજા, ડો.ક્રિષ્ના મોરી ટાઈપ-૧ ડાયાબિટીસમાં કિડનીની જાળવણી કેવી રીતે કરવી તે અંગે માર્ગદર્શન આપશે.

વર્ષ ૨૦૦૪ થી કાર્યરત જેડીએફ રાજકોટ હાલ ૨૩૦૦ થી વધુ બાળકોની સેવા કરી રહ્યું છે, જેમાં ૮૦૦ થી વધુ જરૂરિયાતમંદ બાળકોને નિઃશુલ્ક ઈન્સ્યુલીન અને તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અપુલ દોશી અને ટ્રસ્ટીગણ રોહિત કાનાબાર, હરિકૃષ્ણ પંડ્યા, અમિત દોશી, મિતેશ ગણાત્રા તેમજ જેનિસ કાંજિયા,અતુલ મહેતા, પારસ દોશી, સાવન કાનાબાર, ઋષિલ દવે,મિહિર સાકરિયા, રાહુલ રાઠોડ, પાર્થ સચદે, વૈભવ ગાંધી, ગિરીશ વાઘેલા, મૈત્રી દોશી, મનીષા વ્યાસ, મીના સચદે, રવિરાજ ઠક્કર વગેરે સાથીદારોએ આ સેવાકીય યજ્ઞને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# ૯૬ વર્ષીય મુક્તિજી મહાસતીજીનું આજીવન અનશન આરાધનાનો ૪૯મો દિવસ


## ગોંડલ સંપ્રદાયના ગુરુ રાજેશમુનિજી મહારાજસાહેબની આજ્ઞાથી સંથારો અંગીકાર: ભાવિકોમાં ભક્તિ અને અનુમોદનાનો માહોલ

**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રદાયના ગુરુભગવંત બા.બ્ર. રાજેશમુનિજી મહારાજસાહેબના આજ્ઞાનુવર્તી નવદીક્ષિત મુક્તિજી મહાસતીજીની દુષ્કર આજીવન અનશન આરાધનાનો આજે ૪૮મો દિવસ પૂર્ણ થયો છે. રાજકોટ સ્થિત ઋષભદેવ ઉપાશ્રય ખાતે ચાલી રહેલી આ તપસાધના ભાવિકોમાં આદર અને ભક્તિની લાગણી જગાવી રહી છે.

માહિતી મુજબ તા. ૩ જાન્યુઆરીએ મુક્તાબેન દ્વારા આ તપસાધનાનો પ્રારંભ થયો હતો. બાદમાં તા. ૮ ફેબ્રુઆરીએ જૈન ભાગવતી દીક્ષા રાજગુરુભગવંતના શ્રીમુખેથી અંગીકાર કરી, ગોંડલ ગચ્છના ગુરુભગવંત બા.બ્ર. રાજેશમુનિજી મહારાજસાહેબની આજ્ઞાથી ગુરુણીભગવંત આ.ભ. કુસુમબાઈ મટાણતીજીના નવદીક્ષિત શિષ્ય તરીકે મુક્તિજી મહાસતીજી ભગવંતે સંયમ માર્ગ અપનાવ્યો હતો. ત્યારબાદ ૧૩ ફેબ્રુઆરીના રોજ ૨૨મા ઉપવાસના દિવસે ચતુર્વિધ શ્રીમંત્રની મંગળ ઉપસ્થિતિમાં પૂર્ણ સભાન અવસ્થામાં આજીવન સંથારો અંગીકાર કર્યો હતો.

૯૬ વર્ષીય મહાસતીજી આ અતિ દુર્લભ માનવ જીવનને ધર્મસાધનાથી સાર્થક કરવાની ભાવનાથી અંતિમ આરાધનામાં લીન છે. ૧૧ માર્ચના રોજ આ



સંથારો સાધનાનો ૪૮મો દિવસ પૂર્ણ થયો છે. મુક્તિજી મહાસતીજીના સંસાર જીવનની વાત કરીએ તો યુવાવસ્થામાં જ પતિનું અવસાન થતાં પરિવારની સમગ્ર જવાબદારી એમના પર આવી હતી. હિંમત અને ધૈર્ય સાથે નોકરી કરીને તેમણે પરિવારનું ભરણપોષણ કર્યું અને સાથે પરિવારજનોમાં ધાર્મિક ભાવનાનું પણ સંસ્કારિત માર્ગદર્શન આપ્યું. તેમણે જીવનમાં અનેક વખત આયંબિલ સહિત ૧૪થી વધુ વ્રત-તપસાધનાઓ પણ કરી છે.

હાલ રોજ ગુરુભગવંત ઋષભદેવ ઉપાધ્યાય દ્વારા વ્યાખ્યાન આપવામાં આવી રહ્યા છે. વ્યાખ્યાન અને વાચન દરમિયાન મહાસતીજી ભાવપૂર્વક હાથ જોડીને પ્રતિભાવ આપી રહ્યા છે, જે દૃશ્ય ભાવિકોને ભાવવિભોર બનાવી રહ્યું છે.

આ તપસાધનાની અનુમોદના કરવા વિવિધ સંપ્રદાયોના મહામુનિજી ભગવંતો તેમજ અનેક શહેરોમાંથી આગેવાનો, શ્રાવક-શ્રાવિકાઓ મોટી સંખ્યામાં પધારી રહ્યા છે. પ્રાણી કલ્યાણ બોર્ડ ગુજરાતના સભ્ય રાજેન્દ્રભાઈ શાહ તથા રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિતના આગેવાનો પણ ઉપાશ્રય ખાતે પધારી મહાસતીજીના દર્શનનો લાભ લીધો હતો. ઋષભદેવ ઉપાશ્રય (તિરૂપતિનગર, કેન્સર હોસ્પિટલ સામે, નિર્મલા રોડ પાસે, રાજકોટ) ખાતે દરરોજ સવારે ૯ થી ૧૨.૩૦ અને બપોરે ૩ થી ૫ વાગ્યા દરમિયાન ભાવિકો મહાસતીજીના દર્શન અને આજીવન અનશન આરાધનાની અનુમોદનાનો લાભ લઈ શકે છે. આ માહિતી ગોંડલ સંપ્રદાય સ્થા. જૈન સિદ્ધાંત સંરક્ષક સમિતિ - રાજકોટના સહપ્રમુખ પરેશભાઈ પટેલે આપી છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૨-૦૩-૨૦૨૬ ગુરુવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૨:૧૫ સ્પે.સ્ટોરી (વર્લ્ડ કિડની ડે)
૦૨:૧૫ થી ૦૩:૦૦ મોટિવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ પોડકાસ્ટ (ડો.પ્રદીપ કણસાગરા)
૦૩:૩૦ થી ૦૬:૩૦ "આશાએ ખીલે દિલ કી" વાર્ષિક મહોત્સવ ૨૦૨૬ (નિધિ સ્કુલ) લાઈવ
૦૬:૩૦ થી ૦૭:૦૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૩-૦૩-૨૦૨૬ શુક્રવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા(પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ




**તા.૧૩-૩-૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ દશમ વૃધ્ધિ તિથિ
**નક્ષત્ર** પૂર્વાષાઢા
**યોગ** વ્યતિપાત **કરણ:** વણિજ
**સુર્યોદય** ૬.૫૯ **સુર્યાસ્તઃ** ૭.૫૪
**ચંદ્ર રાશી** ધન
**રાશિ અક્ષર** ભ.ફ.ધ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૪ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૭ | ૫ | |
| ૯ | | | ૫ | | | | | ૨ |
| | ૨ | | ૮ | | | ૯ | | |
| ૩ | | | | | | | | ૪ |
| ૧ | | | ૩ | | ૬ | ૫ | | |
| | | | | | ૧ | | | ૬ |
| | ૪ | ૮ | ૨ | ૫ | ૩ | ૧ | | |
| ૨ | ૫ | | ૬ | | ૮ | | ૭ | |
| | | | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૮ | ૧ | ૯ | ૨ | ૫ | ૪ | ૬ |
| ૯ | ૧ | ૫ | ૬ | ૮ | ૪ | ૩ | ૨ | ૭ |
| ૪ | ૨ | ૬ | ૫ | ૭ | ૩ | ૯ | ૧ | ૮ |
| ૭ | ૬ | ૨ | ૪ | ૩ | ૮ | ૧ | ૯ | ૫ |
| ૫ | ૩ | ૯ | ૨ | ૧ | ૭ | ૮ | ૬ | ૪ |
| ૧ | ૮ | ૪ | ૯ | ૫ | ૬ | ૭ | ૩ | ૨ |
| ૮ | ૪ | ૭ | ૩ | ૨ | ૧ | ૬ | ૫ | ૯ |
| ૨ | ૫ | ૩ | ૭ | ૬ | ૯ | ૪ | ૮ | ૧ |
| ૬ | ૯ | ૧ | ૮ | ૪ | ૫ | ૨ | ૭ | ૩ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૩.૩.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ દશમ, પૂર્વાષાઢા નક્ષત્ર, વ્યતિપાત યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : તમારા રસ-રુચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**વૃષભ (બ,વ,ઉ)** : પરિવાર માટે વિચારવા નો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો, દિવસ પ્રગતિકારક રહે.
**મિથુન (ક,છ,ઘ)** : તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.
**કર્ક (ડ,હ)** : માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.
**સિંહ (મ,ટ)** : નજીકના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**કન્યા (પ,ઠ,ણ)** : કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.
**તુલા (ર,ત)** : લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્યમાં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.
**વૃશ્ચિક (ન,ય)** : જીવનમાં પરિવર્તન ની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો,પોઝિટિવ વિચારોથી લાભ થાય.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો, દિવસ સફળ રહે.
**મકર (ખ,જ)** : વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસનથી દૂર રહેવા સલાહ છે, વાણીમાં સંયમ રાખવો.
**કુંભ (ગ,સ,શ)** : વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે,ઉચ્ચ અભ્યાસમાં સારું કામ કરી શકો.
**મીન (દ,ચ,ઝ,થ)** : શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

## બારમી રાશિ હોસ્પિટલ જેલ અને આઈસોલેશન બતાવે છે

તા.૧૫ માર્ચ ૨૦૨૬ના ગ્રહોના રાજા સૂર્ય મહારાજ ગુરુના ઘર ની મીન રાશિમાં પ્રવેશ કરશે જ્યાં શનિ સાથે યુતિમાં આવશે. સૂર્ય જળતત્વની મીન રાશિમાં જવાથી દરિયામાં હલચલ વધશે અને દરિયાને લગતી બાબતો પશ્નો ને ચાંચિયાગીરી સામે આવશે તો જહાજોને લઈ ને અત્યારે પણ પ્રશ્નો ચાલી રહ્યા છે વળી દરિયામાં યુદ્ધ જેવી સ્થિતિ જોવા મળશે અને દરિયાઈ સીમાઓ બાબતે પણ વિવાદ જોવા મળશે તો બીજી તરફ હાલ ગોચર ગ્રહોનો વિચાર કરીએ તો સૂર્ય એટલે કે રાજા જળતત્વમાં જાય છે અને બારમી રાશિ હોસ્પિટલ જેલ અને આઈસોલેશન બતાવે છે તો ક્યાંય પ્રતાપી દિગ્ગજ વ્યક્તિની ઈનિંગ પૂર્ણ થતી પણ બતાવે છે જેથી દિગ્ગજ લોકો જેલયાત્રા કરતા હોસ્પિટલમાં જતા કે આઈસોલેશન માં જતા કે ઈનિંગ પુરી કરતા જોવા મળે તો ગઈકાલે મીડિયામાં લખ્યા મુજબ યુદ્ધમાં ઈરાનના હજુ તખ્તે નશીન થયેલા મોજેતબા ખોમોની અંગત વ્યક્તિની જાસૂસીનો ભોગ બનતા જોવા મળે અને તેમના પર પણ ઈઝરાયેલ અને અમેરિકા હુમલા કરે તેવી બાબતો સામે આવે. સૂર્ય મીનમાં આત્મવિશ્વાસમાં કમી બતાવે છે માટે આ સમયમાં હોસ્પિટલ માં દર્દીઓની કોઈ ને કોઈ રીતે મદદ કરવી જોઈએ વળી આ સમયમાં જ્ઞાન અને અધ્યાત્મ પાછળ તન મન ધનથી લાગવું જોઈએ.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨



### કિડની છે શરીરની કુદરતી ગરણી, એની રક્ષા એ જ ઉત્તમ કરણી!

# 'કિડનીની તંદુરસ્તી દરેક માટે, દરેક જગ્યાએ' જાણો કેવી રીતે રાખશો તમારી કિડની સુરક્ષિત

## રાજકોટના જાણીતા યુરોલોજિસ્ટ ડો. પ્રદીપ કણસાગરાએ કિડનીના રોગોથી બચવા અને ડાયાબિટીસ-બીપીને નિયંત્રણમાં રાખવા આપી ખાસ

રિપોર્ટર : અંજલી સોરઠીયા
કેમેરામેનઃ હર્ષ ઝીંઝુવાડીયા

**અબતક, રાજકોટ**

દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરુવારને વિશ્વભરમાં 'વર્લ્ડ કિડની ડે' તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષની થીમ 'કિડનીની તંદુરસ્તી દરેક વ્યક્તિ માટે અને દરેક જગ્યાએ' રાખવામાં આવી છે. આ નિમિત્તે રાજકોટનું ગૌરવ અને જાણીતા યુરોલોજિસ્ટ ડો. પ્રદીપ કણસાગરાએ કિડનીના સ્વાસ્થ્ય અંગે ઊંડી સમજણ આપતા જણાવ્યું હતું કે, બદલાતી જીવનશૈલીમાં કિડનીનું જતન કરવું એ હૃદય જેટલું જ અનિવાર્ય છે.

### કિડની ટ્રાન્સપ્લાન્ટ અને ડાયાલિસિસ અંગે ભ્રમણા

ઘણા લોકો માને છે કે એક કિડની પર જીવન મુશ્કેલ છે, પરંતુ ડોક્ટરે સ્પષ્ટતા કરી કે, ''માણસ અડધી કિડની પર પણ આરામથી નોર્મલ જીવન જીવી શકે છે.'' તેમણે કિડની ટ્રાન્સપ્લાન્ટ અને ડાયાલિસિસની આધુનિક સુવિધાઓ વિશે વાત કરતા કહ્યું કે, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ જેવી સંસ્થાઓમાં કોર્પોરેટ જેવી સુવિધાઓ સેવાકીય દરે ઉપલબ્ધ છે.

ડોકટરની સલાહ વગર પેઈનકિલર્સ (દુખાવાની દવા) લેવી કિડની માટે જીવલેણ સાબિત થઈ શકે છે. વર્ષમાં એકવાર બીપી, ક્રિએટીનાઈન અને પેશાબમાં પ્રોટીનની તપાસ કરાવવી જોઈએ. બિનજરૂરી વજન ઘટાડવાની દવાઓથી દૂર રહી કુદરતી રીતે ફિટ રહેવું. કિડની એ શરીરની કુદરતી ગળણી છે જે લોહી શુદ્ધ કરવા ઉપરાંત બ્લડ પ્રેશર અને કેલ્શિયમનું સ્તર પણ જાળવે છે. 'વર્લ્ડ કિડની ડે' પર આપણે સંકલ્પ કરીએ કે નિયમિત તપાસ અને યોગ્ય આહાર દ્વારા આ 'અદભૂત અને અનિવાર્ય' અંગનું જતન કરીશું. ડો. પ્રદીપ કણસાગરાની સેવાયાત્રાનો સૌથી મોટો સંતોષ એવોર્ડ કે મેડલ નથી, પણ એ દર્દીઓ છે જે બી.ટી. સવાણી કિડની હોસ્પિટલમાં અત્યંત પીડા અને લાચારી સાથે આવે છે. કિડનીની બીમારી માત્ર શરીરને જ નહીં, પણ ગરીબ દર્દીના ખિસ્સાને પણ તોડી નાખતી હોય છે. આવા સમયે આ હોસ્પિટલ તેમના માટે માત્ર હોસ્પિટલ નહીં, પણ એક 'મંદિર' બની જાય છે. અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું કે જ્યારે કોઈ દર્દી સાજો થઈને હસતા મુખે વિદાય લે છે અને આશીર્વાદ આપે છે, ત્યારે એ સંતોષની તોલે અમેરિકાનો કોઈ 'પ્રેસિડેન્ટ એવોર્ડ' પણ આવી શકતો નથી. આજે જ્યારે અમેરિકામાં વસતા ભારતીયો પણ ડોક્ટરને મળીને કહે છે કે, ''સાહેબ, તમારી હોસ્પિટલમાં અમારા સગાં સારવાર લઈ આવ્યા અને તેઓ બહુ રાજી થયા,'' ત્યારે આ સંસ્થાનો હેતુ ખરા અર્થમાં સાર્થક થાય છે.



ઓછું ખાશો, વધુ જીવશો-કિડનીને તંદુરસ્ત રાખવાનો આ જ છે કીમિયોઃ ડો.પ્રદીપ કણસાગરા


### કિડની બગડવાના મુખ્ય કારણો અને લક્ષણો

ડો. કણસાગરાના જણાવ્યા અનુસાર, કિડની ફેલ થવાના ૭૨ થી ૭૫ ટકા કિસ્સાઓમાં ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર મુખ્ય જવાબદાર હોય છે. કિડનીના રોગોના લક્ષણો શરૂઆતમાં જલ્દી દેખાતા નથી, પરંતુ જો નીચે મુજબના ફેરફાર જણાય તો સાવધ રહેવું જોઈએ.

* શરીરમાં અશક્તિ અને નબળાઈ લાગવી.
* આંખની આસપાસ કે પગમાં સોજા આવવા.
* ભૂખ ઓછી લાગવી અથવા ઉલટી જેવું મન થવું.
* પેશાબમાં ફેરફાર થવો (ઓછો આવવો કે લાલ રંગનો આવવો).

### ડાયાબિટીસ રિવર્સલ અને જીવનશૈલીમાં ફેરફાર

પોતાના વ્યક્તિગત અનુભવ વિશે વાત કરતા ડોક્ટરે જણાવ્યું કે, માત્ર ખાવા-પીવાની પરેજી અને નિયમિત કસરત દ્વારા ડાયાબિટીસને રિવર્સ કરી શકાય છે. તેમણે 'બ્રીધેરિયન' (Breatharian) કન્સેપ્ટનો ઉલ્લેખ કરી સમજાવ્યું કે ઓછું ખાવાથી સ્ફૂર્તિ વધે છે. યોગ અને સ્ટ્રેન્થ ટ્રેનિંગ સ્નાયુઓને મજબૂત કરી ઇન્સ્યુલિન સેન્સિટિવિટી વધારે છે, જે કિડનીને પરોક્ષ રીતે સુરક્ષિત રાખે છે.



# પૃથ્વીની સુરક્ષા સાથે શરીરનું રક્ષણઃ ગ્લોબલ વોર્મિંગની કિડની પર વધતી જતી ઘાતક અસર

રિપોર્ટર : મયુરી ભાનુશાલી

### વર્ષ ૨૦૨૬ની થીમઃ ''લોકોની સંભાળ, પૃથ્વીની સુરક્ષા'' પ્રદૂષણ અને ગરમી કિડની ફેલ્યોરના કિસ્સામાં કરી રહ્યો છે વધારો

માનવ શરીરના સૌથી મહત્વપૂર્ણ અંગોમાંનું એક એટલે કિડની. દર વર્ષે વિશ્વભરમાં કિડનીના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવા માટે 'વર્લ્ડ કિડની ડે' ઉજવવામાં આવે છે આજના બદલાતા પર્યાવરણ અને ગ્લોબલ વોર્મિંગની સીધી અસર હવે માનવ શરીરના સૌથી મહત્વપૂર્ણ અંગ 'કિડની' પર પડી રહી છે.

ભારત સહિત વિશ્વભરમાં કિડનીનાં રોગોનું પ્રમાણ ગંભીર રીતે આગળ વધતું જોવા મળી રહ્યું છે. ત્યારે છેલ્લા ૨૦ વર્ષથી માર્ચ મહિનાના બીજા ગુરુવારે વિશ્વ કિડની દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે જેના ભાગરૂપે કિડનીનાં રોગો અંગે જનજાગૃતિ માટે વિશ્વનાં ૧૦૦થી વધુ દેશોમાં ૧૨ માર્ચ, ૨૦૨૬ને ગુરૂવારના રોજ વિશ્વ કિડની દિવસ ઉજવવામાં આવી રહ્યો છે અને આ વિશ્વ કિડની દિવસનું સ્લોગન સ્વસ્થ કિડની સર્વ માટે લોકોની સંભાળ, પૃથ્વીની સુરક્ષા છે. દર વર્ષે સમગ્ર વિશ્વમાં વર્લ્ડ કિડની ડે ઉજવવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ લોકોમાં કિડનીના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે. વર્ષ ૨૦૨૬ની થીમ સ્વસ્થ કિડની સર્વ માટે - લોકોની સંભાળ, પૃથ્વીની સુરક્ષા રાખવામાં આવી છે. પર્યાવરણ અને સ્વાસ્થ્ય વચ્ચેના અતૂટ સંબંધને ઉજાગર કરે છે. વધતું જતું ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણ હવે માત્ર પૃથ્વીને જ નહીં, પણ આપણા શરીરના આ નાજુક અંગને પણ સીધું નુકસાન પહોંચાડી રહ્યું છે.

આજના આધુનિક યુગમાં બદલાતી જીવનશૈલી અને પર્યાવરણીય પડકારોને કારણે કિડનીના રોગોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. આંકડાઓ મુજબ, દર ૧૦ માંથી એક વ્યકિત આજે કિડનીની કોઈને કોઈ સમસ્યાથી પીડાઈ રહી છે. છેલ્લા ૩૬ વર્ષથી કાર્યરત કિડની સ્પેશિયાલિસ્ટ ડો. સંજય પંડ્યા જણાવે છે કે, ગરમીમાં વધારો અને પ્રદૂષિત વાતાવરણ કિડનીની કાર્યક્ષમતા પર પ્રતિકૂળ અસર કરે છે, જેના કારણે કિડની ફેલ્યોરના કિસ્સાઓ ઝડપથી વધી રહ્યા છે. કિડનીના રોગોની સૌથી ભયાનક બાબત એ છે કે તેના લક્ષણો શરૂઆતના તબક્કામાં દેખાતા નથી. ખાસ કરીને જેમને ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અથવા મેદસ્વીતાની સમસ્યા હોય, તેઓએ વધુ સાવધ રહેવાની જરૂર છે.

### મેડિકલ ક્ષેત્રે નવી ક્રાંતિઃ હવે માનવ હાથની સાથે રોબોટિક આર્મ કરશે જટિલ સર્જરી

આજના સમયમાં આરોગ્ય ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને આધુનિક ટેકનોલોજી ઝડપથી વિકસતી જઈ રહી છે. સર્જરીના ક્ષેત્રમાં પણ હવે રોબોટિક ટેકનોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે, જેના કારણે ઓપરેશન વધુ ચોકસાઈથી અને સુરક્ષિત રીતે કરી શકાય છે. જેને લઈ ડો. અમીશ મહેતાએ જણાવ્યું કે રોબોટિક સર્જરી આધુનિક ટેકનોલોજી આધારિત સર્જરી પદ્ધતિ છે, જેમાં અદ્યતન રોબોટિક આર્મ અને સાધનોનો ઉપયોગ થાય છે. સર્જન કમ્પ્યુટર કન્સોલ પરથી રોબોટને માર્ગદર્શન આપે છે અને તે મુજબ ઓપરેશન કરવામાં આવે છે.



### કિડની શરીરનું અગત્યનું અંગ, સમયસર તપાસ જરૂરીઃ ડો.અમીશ મહેતા



અબતક સાથેની ખાસ વાતચીતમાં કન્સલ્ટન્ટ યુરોલોજિસ્ટ, રોબોટિક સર્જન અને કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો. અમીશ મહેતાએ જણાવ્યું હતું કે કિડની શરીરનું ખૂબ જ અગત્યનું અંગ છે, જે લોહીને ફિલ્ટર કરી તેમાંના ઝેરી તત્વો, વધારાનું પાણી અને અનાવશ્યક પદાર્થોને યુરિન દ્વારા બહાર કાઢે છે. કિડની હિમોગ્લોબીન બનાવવામાં અને વિટામિન ઉના મેટાબોલિઝમમાં પણ મહત્વનો ભાગ ભજવે છે. કિડનીની બીમારીમાં યુરિન ઓછું થવું, શરીર પર અથવા સવારે મોઢા અને પગમાં સોજા આવવા જેવા લક્ષણો જોવા મળે છે. સમયસર તપાસ અને સારવારથી કિડનીને બચાવી શકાય છે. કિડનીની તપાસ માટે યુરિન ટેસ્ટ, સિરમ ક્રિએટિનિન ટેસ્ટ અને કિડનીની સોનોગ્રાફી મહત્વપૂર્ણ છે. કિડની ફેલ થાય ત્યારે ડાયાલિસિસ કરાવવું પડે છે, જે શરીરમાંથી કચરો અને વધારાનું પાણી કાઢવામાં મદદ કરે છે. કિડની ટ્રાન્સપ્લાન્ટ પછી દર્દીએ જીવનભર કેટલીક દવાઓ લેવી પડે છે અને ઇન્ફેક્શનથી બચવા ખાસ તકેદારી રાખવી જરૂરી છે.

# બી.ટી. સવાણી હોસ્પિટલ આયોજીત સાયકલ રેલીમાં ગુંજ્યો જનજાગૃતિનો સંદેશ

## નિષ્ણાંત તબીબોથી લઈને વિદ્યાર્થીઓ સુધી સૌ જોડાયા, સાયકલ રેલી દ્વારા આપ્યો 'કિડની બચાવો'નો સંદેશ



રાજકોટની સુપ્રસિદ્ધ બી.ટી. સવાણી હોસ્પિટલ હંમેશા કિડનીના દર્દીઓની નિઃસ્વાર્થ સેવા અને સમાજમાં કિડનીના સ્વાસ્થ્ય પ્રત્યે લોકજાગૃતિ લાવવા માટે અગ્રેસર રહી છે. વર્ષોથી કિડનીના જટિલ રોગોની સારવારમાં અગ્રણી ગણાતી આ હોસ્પિટલ માત્ર સારવાર જ નહીં, પરંતુ રોગ થતા અટકાવવા માટેના જનજાગૃતિ અભિયાનોમાં પણ પોતાનું મહત્વનું યોગદાન આપતી રહી છે.

આ વર્ષે પણ 'વર્લ્ડ કિડની ડે' ના ઉપલક્ષમાં લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે સભાનતા વધે તે માટે હોસ્પિટલ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં જ્યારે કિડનીના રોગોનું પ્રમાણ વધી રહ્યું છે, ત્યારે સામાન્ય જનતાને આ બીમારીના જોખમો અને તેનાથી બચવાના ઉપાયો વિશે માહિતગાર કરવાના હેતુથી હોસ્પિટલ તંત્ર દ્વારા આ સાયકલ રેલીનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

આ જાગૃતિ રેલી રાજકોટના વિવિધ મુખ્ય માર્ગો પર ફેરવવામાં આવી હતી. રેલી દરમિયાન સહભાગીઓએ કિડની બચાવવા માટેના પ્રેરણાદાયી સૂત્રો અને સંદેશાઓ પ્રદર્શિત કર્યા હતા. માર્ગ પરથી પસાર થતી સામાન્ય જનતા આ સંદેશા વાંચીને કિડનીના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થાય અને પોતાની જીવનશૈલીમાં હકારાત્મક ફેરફાર લાવે તેવો મક્કમ પ્રયાસ આ રેલી દ્વારા કરવામાં આવ્યો હતો.

આ સાયકલ રેલીમાં હોસ્પિટલના નિષ્ણાત નેફ્રોલોજિસ્ટ (કિડનીના ડોકટરો), અનુભવી યુરોલોજિસ્ટ, નર્સિંગ સ્ટાફ અને મેડિકલના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. તબીબી ક્ષેત્રના આ નિષ્ણાતોએ સ્વયં સાયકલ ચલાવીને સ્વાસ્થ્યનો સંદેશ ફેલાવ્યો હતો, જેણે સમાજમાં એક સકારાત્મક ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

### ડાયાબિટીસ અને બ્લડપ્રેશર પર નિયંત્રણ એ જ કિડનીની સાચી સુરક્ષાઃ ટ્રસ્ટી અરૂણ પટેલ



અબતક સાથેની ખાસ વાતચીતમાં બી.ટી. સવાણી હોસ્પિટલના ટ્રસ્ટી અરૂણભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિશ્વ કિડની દિવસ નિમિત્તે આયોજિત આ સાયકલ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં કિડનીના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વર્તમાન સમયમાં કિડનીના મોટાભાગના રોગો પાછળ ડાયાબિટીસ અને બ્લડપ્રેશર જેવા કારણો જવાબદાર હોય છે, જે સમય જતાં કિડની પર ઘાતક અસર કરે છે. જો નાગરિકો પોતાની જીવનશૈલીમાં સુધારો કરી સુગર અને બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખે, તો કિડનીની ગંભીર બીમારીઓથી ચોક્કસપણે બચી શકાય છે.


### સાવચેતી અને જાગૃતિ દ્વારા કિડનીના રોગથી બચોઃ ડો. વિશાલ ભટ્ટ



અબતક સાથેની વાતચીતમાં ડો. વિશાલ ભટ્ટે જણાવ્યું હતું કે, દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરુવારે વિશ્વ કિડની દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ લોકોમાં કિડનીની બીમારીઓ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને વધુમાં વધુ લોકોને તેનાથી સુરક્ષિત રાખવાનો છે. તેમણે કિડનીને નુકસાન પહોંચાડતા પરિબળો વિશે સમજાવતા કહ્યું કે, ડાયાબિટીસ અને બ્લડપ્રેશર જેવી સમસ્યાઓ, પાણી ઓછું પીવાની આદત તેમજ ડોક્ટરની સલાહ વગર લેવામાં આવતી દવાઓ કિડની માટે જોખમી સાબિત થાય છે. જો આ બાબતોનું ધ્યાન રાખવામાં આવે અને જીવનશૈલીમાં સુધારો કરવામાં આવે, તો કિડનીના રોગોથી ચોક્કસપણે બચી શકાય છે.

# કિડનીના રોગથી બચવા માટે લાઈફ સ્ટાઈલમાં બદલાવ જરૂરી: યુરોકેર હોસ્પિટલના તબીબોની સલાહ

## વિશ્વ કિડની દિવસ નિમિતે અને ડો.જીતેન્દ્ર અમલાણીના જન્મદિને યુરોકર હોસ્પિટલ દ્વારા રક્તદાન કેમ્પ અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો





તસવીર: અભિષેક આસિયાની

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી યુરોકેર હોસ્પિટલ ખાતે 'વિશ્વ કિડની દિવસ' નિમિત્તે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કિડનીના સ્વાસ્થ્યનું મહત્વ સમજાવવા અને લોકોમાં આ ગંભીર રોગ પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. હોસ્પિટલ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલા પૂજ્ય પ્રેમાનંદજી મહારાજે ઉપસ્થિત સૌ ભક્તો અને દર્દીઓને આશીર્વચન પાઠવ્યા હતા. મહારાજે કિડનીના રોગો અને સ્વાસ્થ્ય બાબતે ખૂબ જ સરળ શૈલીમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમની હાજરીથી વાતાવરણમાં એક નવી ઉર્જાનો સંચાર થયો હતો અને લોકોએ સ્વાસ્થ્યની સાથે સાથે સંયમિત જીવનશૈલી અપનાવવાની પ્રેરણા મેળવી હતી.

કાર્યક્રમમાં એક વિશેષ સંયોગ એ હતો કે આ દિવસે ડો. જીતેન્દ્ર અમલાણીનો જન્મદિવસ પણ હતો. આ અવસરને યાદગાર અને સેવામય બનાવવા માટે હોસ્પિટલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ (રક્તદાન શિબિર) અને સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં (અનુ. આઠમા પાને)

### ભારતમાં દર ૧૦ વ્યક્તિએ એક વ્યક્તિ કિડનીના રોગથી પીડિત: ડો.જીતેન્દ્ર અમલાણી



અબતક સાથેની વાતચીત દરમિયાન ડો. જીતેન્દ્ર અમલાણીએ જણાવ્યું હતું કે, વિશ્વ કિડની દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ લોકોમાં કિડનીના રોગો પ્રત્યે જાગૃતિ લાવવાનો છે, કારણ કે ભારતમાં દર ૧૦ વ્યક્તિએ એક વ્યક્તિ કિડનીની સમસ્યાથી પીડાય છે. આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને યુરોકેર હોસ્પિટલ ખાતે નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ અને વિશેષ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કિડનીના રોગોથી બચવા માટે તેમણે રોજિંદા જીવનમાં સકારાત્મક ફેરફાર લાવવા પર ભાર મૂક્યો હતો, જેમાં બહારનું જંક ફૂડ ટાળવું, નિયમિત કસરત કરવી, પૂરતી ઊંઘ લેવી અને વગર વિચારે પેઈનકીલર્સ (દુખાવાની દવાઓ) લેવાનું બંધ કરવાનો સમાવેશ થાય છે. વધુમાં, તેમણે જણાવ્યું કે દેશની ૧૪૦ કરોડની વસ્તીમાં આશરે ૧૫ કરોડ લોકો કિડનીની બીમારીથી પ્રભાવિત છે, જેમાં નાના બાળકોનો પણ સમાવેશ થાય છે. જો બાળકોમાં કિડનીની તકલીફ જણાય તો તાત્કાલિક સારવાર કરાવવી જોઈએ અને તેમને બાળપણથી જ જંક ફૂડથી દૂર રાખીને કિડનીના જોખમોથી સુરક્ષિત કરી શકાય છે. ખાસ કરીને ડાયાબિટીસ અને બ્લડપ્રેશરના દર્દીઓએ નિયમિત તપાસ અને ચોક્કસ સારવાર કરાવવી અત્યંત અનિવાર્ય છે.

# 'અબતક ફાર્મ'ના આંગણે માનવ મંદિરના મહંત ભક્તિરામબાપુનાં પાવન પગલાં

### કેતનભાઈ સોની દ્વારા પૂજ્ય બાપુનું ભાવભીનુ સ્વાગત પૂષ્પહાર અને શાલ અર્પણ કરી કરાયું સન્માન



**અબતક, રાજકોટ**

ધારીમાં આવેલા અબતક ફાર્મ ખાતે એક વિશેષ આધ્યાત્મિક આનંદનો અવસર ઉજવાયો હતો. સાવરકુંડલાના સુપ્રસિદ્ધ માનવ મંદિરના સંત ભક્તિરામ બાપુએ ફાર્મની મુલાકાત લેતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. બાપુની પધરામણી અને પાવન પગલાંથી ફાર્મ પરિસરમાં એક નવી ઊર્જા અને અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો, જેનાથી આખું પરિસર પવિત્રતાનો અનુભવ કરતું હતું.

અબતક ફાર્મ વતી કેતનભાઈ સોની (ધારી) દ્વારા પૂજ્ય બાપુનું અત્યંત ભાવપૂર્વક અને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કેતનભાઈએ બાપુને પુષ્પહાર અર્પણ કરી ઉમળકાભેર આવકાર્યા હતા અને ત્યારબાદ શાલ ઓઢાડી તેમનું ભવ્ય સન્માન (અનુ. આઠમા પાને)

# મલાબાર ગ્રુપના ચેરમેન એમ.બી.અહમદને મહારાષ્ટ્રીયન ઓફ ધ યર પૂરસ્કાર એનાયત

### મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ દ્વારા મહાનુભાવોની હાજરીમાં આપ્યું બહુમાન



**અબતક, રાજકોટ**

મલાબાર ગ્રુપના ચેરમેન એમ. પી. એહમદને લોકમત મહારાષ્ટ્રીયન ઓફ ધ યર એવોર્ડ ૨૦૨૬ ખાતે પ્રતિષ્ઠિત બિઝનેસ ભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સન્માન તેમને વૈશ્વિક જ્વેલરી રિટેલ ક્ષેત્રમાં તથા સમાજમાં પરિવર્તન લાવવામાં તેમની દૂરંદેશીભરી નેતૃત્વ ક્ષમતા અને મહત્વપૂર્ણ યોગદાનને માન્યતા આપતા આપવામાં આવ્યું છે.

મુંબઈના પ્રખ્યાત ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે આયોજિત સમારંભમાં નીતિ ઘડનારાઓ, ઉદ્યોગજગતના અગ્રણીઓ તેમજ બિઝનેસ અને મનોરંજન ક્ષેત્રની જાણીતી હસ્તીઓની ઉપસ્થિતમાં મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે, લોકમત મીડિયા ગ્રુપના ચેરમેન વિજય દરડા તથા અન્ય મંત્રીઓ, અધિકારીઓ અને વિવિધ ક્ષેત્રોના પ્રતિષ્ઠિત મહેમાનો પણ હાજર રહ્યા હતા.

એમ. પી. અહમદને મળેલું આ સન્માન તેમની ઉદ્યોગસાહસિક તરીકેની સફર અનેમલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સને વૈશ્વિક સ્તરે આગળ લાવવાના તેમના યોગદાનને ઉજાગર કરે છે. આજે મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સ વિશ્વની પાંચમી સૌથી મોટી જ્વેલરી રિટેલ ચેઈન અને ભારતીય મૂળની સૌથી મોટી જ્વેલરી રિટેલ બ્રાન્ડ (અનુ. આઠમા પાને)

# ગિફ્ટ સિટીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવી ચેનલ ન્યૂઝ કેપિટલ માર્કેટનો કરાવ્યો શુભારંભ

## ન્યૂઝ કેપિટલ નેટવર્ક આયોજીત ગિફ્ટ ઈકોનોમિક ફોરમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત







**અબતક, રાજકોટ**


ગિફ્ટ સિટીમાં ગીફ્ટ ઈકોનોમીક ફોરમ ૨૦૨૬માં યોજાઈ ન્યૂઝ કેપિટલ નેટવર્ક દ્વારા આયોજિત ઈવેન્ટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતની નવી ચેનલ ન્યૂઝ કેપિટલ માર્કેટનો શુભારંભ કરાવ્યો.માત્ર ૨ વર્ષમાં ન્યૂઝ કેપિટલ ગુજરાત ચેનલ ને લોકો તરફથી ભવ્ય પ્રતિસાદ મળ્યા બાદ ન્યૂઝ કેપિટલ ગ્રુપની માર્કેટ ચેનલ લોન્ચ કરવામાં આવી છે જે ટીવી પર ઓનએર પણ થઈ ચૂકી છે. આ સાથે જ ગીફ્ટ ઈકોનોમીક ફોરમ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી, અર્જુન મોઢવાડિયા સહિત મંત્રી કૌશિક વેકરિયા, પ્રવીણ માળી, મનીષા વકીલ સહિત મહાનુભાવો હાજર રહ્યા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ન્યૂઝ કેપિટલ માર્કેટ ચેનલ લોન્ચ કરી પ્રાસંગિક ઉદબોધનમાં પોતાના ભાષણને હળવા અંદાજમાં શરૂઆત કરતાં ગંભીર વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે, અત્યારે તો બિઝનેસમાં શેરબજાર ડાઉન છે. એની જેમ દરેક પળ આપણા હાથની બાજી ન હોય તો બહુ દુઃખી થવું નહીં. આપણા હાથમાં જે નથી એમાં દુઃખી થવાનું નથી. એક થઈ પહોંચી વળીએ, સૌ સાથે વળી પહોંચી વળીએ. ગમે તે પરિસ્થિતિ આવે ડર્યા વગર બહાર નીકળીએ, પહેલા પણ બહાર નીકળ્યા હતા અને આગળ પણ બહાર નીકળીશું.


સીએમના સંબોધન બાદ મંત્રીઓ અને જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા મહત્વના મુદ્દાઓ પર રસપ્રદ ચર્ચા થઈ, જેમાં સૌ પ્રથમ પેનલ ડિસ્કશનમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીએ મોહન સારાભાઈ, શેખર પટેલ અને ગોકુલ જય શ્રીકૃષ્ણ સાથે ભાગ લીધો હતો. જેમાં તેમણે ગુજરાતની સફળતા અંગે કહ્યું હતું કે, જ્યાં સુધી રાજ્ય પારદર્શક ન હોય ત્યાં સુધી રાજ્યનો પાયો મજબૂત ન થાય. આપણે ૧૦૦ ટકા પારદર્શકતાથી ચાલતું રાજ્ય છે જેના ઉદ્યોગો પણ પોલિસીના માધ્યમથી આવતા હશે. આપણે બધા જ માટે એક સરખું વ્યવહાર રાખતું રાજ્ય છે.

કોન્કરર ઓફ કેપિટલ માર્કેટ વિષય અંતર્ગત યોજાયેલી પેનલમાં જૈનમ બ્રોકિંગ લિમિટેડના ફાઉન્ડર, ચેરમેન, (અનુ. આઠમા પાને)

# જીટીયુ સેમ-૧ના પરિણામમાં વીવીપી એન્જિનિયરિંગ કોલેજે જમાવ્યું વર્ચસ્વ

### બંસરી ડોડીયા અને હેમાંશી જાગડ ૯.૯ સીપીઆઇ સાથે રાજ્યમાં પ્રથમ





**અબતક, રાજકોટ**

તાજેતરમાં જાહેર થયેલ જી.ટી.યુ. દ્વારા સેમેસ્ટર પ્રથમના પરિણામને એનાલીસીસ કરાતા કુલ ૫૯ એન્જિનિરીંગ કોલેજમાંથી કુલ ૧૪૧૭૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ જેમાંથી સમગ્ર ગુજરાતમાં વી.વી.પી. તેમજ વી.વી.પી.ના વિદ્યાર્થીઓએ બ્રાંચ વાઈઝમાં ટોપટેનમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે.

વીવીપી એન્જિનિરીંગ કોલેજનો સૌરાષ્ટ્ર રીજીયનમાં એસ.પી.આઈ. વાઈઝ પ્રથમ રેન્ક અને સમગ્ર ગુજરાતમાં દશમો રેન્ક પ્રાપ્ત કરેલ છે.

સમગ્ર ગુજરાતમાં જી.ટી.યુ.માં બ્રાંચ વાઈઝ તથા સી.પી.આઈ. મુજબ વી.વી.પી.ની વિદ્યાર્થીની બંસરી મહેન્દ્રભાઈ ડોડીયા (સી.ઈ.) સી.પી.આઈ. મુજબ ૧૦ માંથી ૯.૯ મેળવી પ્રથમ રેન્ક, હેમાંશી ચેતનભાઈ જાગડ (સી.ઈ.) સી.પી.આઈ. મુજબ ૧૦ માંથી ૯.૯ મેળવી પ્રથમ રેન્ક, દિવ્યેતાબા મહેન્દ્રસિંહ જાડેજા (ઈલેક્ટ્રીકલ) સી.પી.આઈ. મુજબ ૧૦ માંથી ૯.૮ મેળવી પ્રથમ રેન્ક, યોગીન મોહિતભાઈ તોગડિયા (કેમીકલ) સી.પી.આઈ. (અનુ. આઠમા પાને)

# બી.એચ.ગાર્ડી કોલેજના એક્સપર્ટ ટોકમાં વિદ્યાર્થીઓને શેરબજાર રોકાણ અંગે અપાયું યોગ્ય માર્ગદર્શન

### ટ્રેડીંગ ક્ષેત્રે કારકીર્દી બનાવવા નિષ્ણાંતોનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને ખુબ ગમ્યું





**અબતક, રાજકોટ**

બી.એચ.ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના એમ.બી.એ. વિભાગ દ્વારા તાજેતરમાં ઓવરવ્યુ ઓફ ધ સિક્યોરીટી માર્કેટ વિથ ફોક્સ ઓન ડેરીવેટિવ્ઝ એઝ રીસ્ક મેનેજમેન્ટ ટૂલ ઓફ ધ મોડર્ન ફાઈનાન્શિયલ માર્કેટ વિષય પર એક્સપર્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નાણાકીય બજારો વિશે ઊંડાણપૂર્વક સમજ વિકસાવવાનો તેમજ આધુનિક આર્થિક પરિસ્થિતિમાં જોખમ વ્યવસ્થાપન માટે ડેરિવેટિવ્ઝની વ્યૂહાત્મક ભૂમિકા અંગે જ્ઞાન વધારવાનો હતો.

આ સત્રમાં મુખ્ય વક્તા સ્થાને કાર્તિક બાવીશી ભારતના સિક્યુરિટીઝ માર્કેટની રચના અને કાર્યપદ્ધતિ અંગે વિસ્તૃત માહિતી આપી હતી તેમજ સેબી જેવી નિયમનકારી સંસ્થાઓ તથા એન.એસ.ઈ. અને બી.એસ.ઈ. જેવા મુખ્ય સ્ટોક એક્સચેન્જોની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. ફ્યુચર્સ અને ઓપ્શન જેવા ડેરિવેટિવ પ્રોડક્ટ્સ અંગે ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી.

આ સત્રમાં વિદ્યાર્થીઓએ માર્જિન ટ્રેડિંગ, સ્પેક્યુલેશન અને હેજિંગ વચ્ચેનો તફાવત તથા માર્કેટ (અનુ. આઠમા પાને)

# હાસ્ય કલાકાર ખજૂરભાઈ સાથે બોલાચાલી થયાનો ખાર રાખી ખોખળદડના યુવાનની કારમાં તોડફોડ

## સાવરકુંડલામાં જીભાજોડી થયા બાદ યુવરાજ ખુમાણ આણી ૧૪ શખ્સોની ટોળકી ધોકા, પાઈપ, તલવાર સાથે ધસી આવી: થાર કારનો બુકડો બોલાવી યુવાનની બહેનને ધમકી આપી

**અબતક, રાજકોટ**

ખોખડદડ ગામે ટોળાંએ મધ્યરાત્રિએ થાર કારમાં તોડફોડ કરી પરિણીતાને ધમકી આપી હતી. પ્રસિદ્ધ હાસ્ય કલાકાર નીતિન જાની ઉર્ફે ખજૂરભાઈ તેમજ યુવરાજ ખુમાણ સાથે યુવકને થયેલી બોલાચાલીને પગલે યુવરાજ ખુમાણ આણી ૧૩ શખ્સોની ટોળકીએ ધોકા, પાઈપ, તલવાર સાથે ધસી આવી યુવકની થાર કારમાં તોડફોડ કરી પરિણીતાના ભાઈના આખા પરિવારને મારી નાખવાની ધમકી આપી હતી.





બનાવ અંગે ખોખડદડ ગામે ત્રિશા પાર્કમાં રહેતા ૩૨ વર્ષીય પરિણીતા મનિષાબેન રામભાઈ લાખનોત્રાએ આરોપી તરીકે યુવરાજ ખુમાણ, રવિ અને તેની સાથે આવેલા બારથી તેર અજાણ્યા શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારા પરીવારમાં પતિ રામભાઈ, મોટી દીકરી હાર્મીશા (ઉ.વ. સાડા ત્રણ વર્ષ) અને દીકરો દ્વારકેશ (ઉ.વ. ૦૧) છે. અમારી સોસાયટીમાં અમારા ઘરની સામે મારા સગા ભાઈ કાળુભાઈ ઉર્ફે લાલાભાઈ જગમાલભાઈ બામરોટીયા રહે છે અને તેમની પાસે થાર ફોરવ્હીલર કાર છે, જેના રજીસ્ટ્રેશન નં. જીજે-૦૩-પીજે-૫૫૫૪ છે.પરિણીતાએ જણાવ્યું હતું કે, ગઈ તા.૧૪/૦૨/૨૦૨૬ ના રાત્રીના આશરે સવા ત્રણ વાગ્યાની આસપાસ હુ મારા ઘરે સુતી હતી. ત્યારે ઘરની બહાર શેરીમાં ગાડીના કાચ તુટવાના જોરથી અવાજ આવતા હુ મારા ઘરનો દરવાજો ખોલી બહાર આવી જોયું તો શેરીમાં લાલાભાઈની થાર કાર પાસે બારથી તેર શખ્સો ઉભા હતા અને તેમના હાથમાં પાઈપ -ધોકા તથા તલવાર જેવા હથીયાર હતા. તેમાંથી એક યુવરાજ ખુમાણ હતો અને તેની સાથે બીજા બારથી તેર અજાણ્યા શખ્સો હતા. મને યુવરાજ ખુમાણ જોઈ જતા તે તથા તેની સાથે એક શખ્સ જેને બધા રવિ કહીને બોલાવતા હતા તે મારા પર હુમલો કરવા દોડેલ. હતા. બંને મને ગાળો આપી ધમકી આપવા લાગેલ કે, તારો ભાઈ લાલો ક્યાં છે, તારા ભાઈ લાલાને સમજાવી દેજે કે સીધી રીતે ચાલે બાકી તેના પરિવારને જીવવા નહીં દઉં જાનથી મારી નાખીશ કહી યુવરાજ ખુમાણ તથા તેના સાથેના માણસોએ તેમના હાથમાં રહેલ ધોકા-પાઈપથી મારા ભાઈની થાર ગાડીમાં પાઈપ-ધોકા મારી કારના કાચ તોડી નુકસાન કરેલ હતું. બાદ હું મારા ઘરમાં જતી રહેલ અને ૧૧૨ માં ફોન કરતા આ બધા લોકો તેમની અલગ -અલગ ત્રણ કારમાં બેસી નાસી ગયેલ હતા. વધુમાં પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા ભાઈ લાલાભાઈને નીતીન ઉર્ફે ખજૂર જાની તથા યુવરાજ ખુમાણ સાથે સાવરકુંડલા ખાતે બોલાચાલી-ઝઘડો થયેલ હતો. જે ઝઘડાનો ખાર રાખી યુવરાજ ખુમાણે ટોળાં સ્વરૂપે ધસી આવી ખૂનની ધમકી આપી થાર કારમાં તોડફોડ કરી હતી.

બનાવ અંગે આજીડેમ પોલિસેં રાયોટ, ધમકી, તોડફોડની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવા તજવીજ આદરી હતી. ઘટનાની તપાસ પીએસઆઈ એ આર રાઠોડ ચલાવી રહ્યા છે.

**તારા ભાઈ લાલાને સમજાવી દેજે કે સીધી રીતે ચાલે બાકી તેના પરિવારને જીવવા નહીં દઉં, જાનથી મારી નાખીશ કહી પરિણીતાને ધમકી : આજીડેમ પોલિસેં રાયોટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો**

# ગૃહમંત્રીને ખૂનની ધમકી આપનાર આશીફ મિત્રના ઘરમાંથી જ દોઢ લાખની રોકડ ચોરી ગયો

**યુવાન પરિવાર સાથે કૌટુંબિક ભાઈના લગ્નમાં ગયો હતો, ચાવી મીત્રને આપી'તી: નિયત બગડતા હાથેફેરો કરી નાખ્યો**

**મારાથી ભુલ થઈ ગઈ પૈસા આપી દઈશ તેવા ખોટા વાયદા કર્યા બાદ આશીફ ભૂગર્ભમાં ઉતરી ગયો**

**આશીફ ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈનું ઉપરાણું લઈ હર્ષ સંઘવીને બેફામ ગાળો ભાંડતો હોય તેવો વિડીયો વાયરલ થયો'તો**

**અબતક, રાજકોટ**

રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીને સોશિયલ મીડિયામાં વિડીયો બનાવી બેફામ ગાળો ભાંડી ખૂનની ધમકી આપનાર આસિફે મિત્રના ઘરેથી જ રૂ. ૧.૫૦ લાખની ચોરી કરી લીધાનો બનાવ પોલિસ દફતરે નોંધાયો છે. કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રસુલપરામાં હુસેની ચોકમાં રહેતા યુવાનના ઘરમાંથી મિત્રએ જ રૂ.૧.૫૦ લાખની રોકડનો હાથફેરો કરી લીધો હતો જે અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

શહેરના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રસુલપરામાં હુસેની ચોક પાસે રહેતા સલમાનભાઈ કરીમભાઈ નકુમ (ઉ.વ.૩૪) દ્વારા તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે રસુલપરામાં જ રહેતા પોતાના મિત્ર આશિફ ઉર્ફે બુઢો હનીફભાઈ કુંઢાનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, આશરે દસેક મહિના પહેલા તેના દાદાનું મકાન હિરાસર ગામ પાસે આવેલું હોય એરપોર્ટની જગ્યામાં આ મકાન કપાતમાં જતા સરકાર તરફથી રૂપિયા ૯.૧૧ લાખ વળતર ચૂકવવામાં આવ્યું હતું. જે રકમમાંથી યુવાનના પિતા અને કાકાએ ભાગબટાઈ કરી હતી. જે રકમ પૈકી રૂપિયા દોઢ લાખ યુવાનના પિતાએ રસુલપરામાં આવેલ ઘરે કબાટમાં તિજોરીમાં રાખ્યા હતા.



દરમિયાન તારીખ ૧૯/૫/૨૦૨૫ ના સાંજના આઠેક વાગ્યા આસપાસ યુવાનના મોટા બાપુ ગુલમહંમદભાઈ રૈયાના પુત્ર અનીષના લગ્ન જે ગ્રીનલેન્ડ ચોકડી પાસે લાલપરી વિસ્તારમાં રહેતા હોય ત્યાં જેથી યુવાનના પરિવારના સભ્યો પ્રસંગમાં ગયા હતા અને ઘરને તાળું મારી ચાવી મિત્ર જે આશિફ જે દરરોજ નાના-મોટા કામમાં યુવાન સાથે રહેતો હોય તેને આપી હતી.

તા. ૨૦/૫/૨૦૨૫ ના બપોરના ૨:૦૦ વાગ્યા આસપાસ યુવાનના માતા-પિતા ઘરે આવી કબાટમાં રહેલી તિજોરીમાં જોતા રૂપિયા દોઢ લાખ જોવા મળ્યા ન હતા. જેથી તેણે પુત્રને ફોન કરી ચોરી થઈ હોવાનું કહ્યું હતું. ત્યારબાદ સલમાને ઘરે આવી તેના મિત્ર ઉર્ફે બુઢાને ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો. થોડા સમય બાદ આશિફે ઈન્સ્ટાગ્રામમાંથી કોલ કરી યુવાનને કહ્યું હતું કે, મારે રૂપિયાની જરૂર હોય માટે તારા ઘરેથી પૈસા લઈ ગયો છું. બાદમાં તેણે પોતાનાથી ભૂલ થઈ ગઈ હોય અને પૈસા ચૂકવી દેશે તેવું જણાવતા યુવાને આજદિન સુધી આ અંગે ફરિયાદ નોંધાવી ન હતી પરંતુ બાદમાં પૈસા પરત ન આપતા અંતે યુવાને મિત્ર વિરુદ્ધ ચોરીની આ ફરિયાદ નોંધાવી હતી.

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ત્રણ દિવસ પૂર્વે જ આશીફનો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં તે ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈનું ઉપરાણું લઈ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીને બેફામ ગાળો ભાંડી ખૂનની ધમકી આપી રહ્યો હતો.

હાલ ચોરીની ફરિયાદના આધારે તાલુકા પોલીસે ગુનો નોંધ્યો હતો. આ અંગે વધુ તપાસ પી.એસ.આઇ એમ આઇ શેખ ચલાવી રહ્યા છે.

### સ્ટેટ સાયબર ક્રાઈમેં આસિફ વિરુદ્ધ ગુનો નોંધ્યો'તો

ગૃહમંત્રીને બેફામ ગાળો આપી ખામેનેઈનું ઉપરાણુ લઈ ખૂનની ધમકી આપનાર આસિફનો વિડીયો વાયરલ થતાં સ્ટેટ સાયબર ક્રાઈમ દ્વારા તેના વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યા હતો. બીજી બાજુ રાજકોટ સાયબર ક્રાઈમ સહીતની પોલિસેં તેની શોધખોળ શરૂ કરી હતી.

### રેલો આવતા આશીફે ખૂનની ધમકી આપતો વિડીયો ડીલીટ કરી માફી માંગતો વિડીયો અપલોડ કર્યો'તો

ગૃહમંત્રીને બેફામ ગાળો ભાંડી ખૂનની ધમકી આપનાર આસિફનો વિડીયો વાયરલ થતાં સ્ટેટ સાયબર ક્રાઈમ દ્વારા આ અંગે ગુનો નોંધવામાં આવતા પોલિસેં તેની શોધખોળ શરૂ કરી હતી. જેથી રેલો આવતા આસિફએ ગાળો ભાંડતો વિડીયો ઈન્સ્ટાગ્રામમાંથી ડીલીટ કરી નવો વિડીયો બનાવ્યો હતો. જેમાં તેનાથી ભૂલ થઈ હોય અને તેં બદલ તેં હર્ષ સંઘવી અને પોલિસની માફી માંગે છે તેવું જણાવ્યું હતું.

# ફેસબુકમાં યુવતીની ફ્રેન્ડ રિકવેસ્ટ સ્વીકારવી બાંધકામના ધંધાર્થીને મોંઘી પડી : રૂ. ૩૯.૨૨ લાખ ગુમાવ્યા

**આરોહી અગ્રવાલ નામની આઈડી ધારકે ગોલ્ડ ટ્રેડિંગમાં ઉંચા પ્રોફિટની લાલચ આપી ફસાવ્યા : વોટ્સએપ ગ્રુપમાં એડ કરી રોકાણ કરાવ્યું**

**વોલેટમાં પડેલા પૈસા વિડ્રો કરવા ચાર્જ માંગતા છેતરાયાનો અહેસાસ થયો : સાયબર ક્રાઈમની ટીમે ગુનો નોંધ્યો**

**અબતક, રાજકોટ**

સોશિયલ મીડિયામાં અજાણી વ્યક્તિની રિકવેસ્ટ કરી વાતચીત કરવી મોંઘી પડી શકે છે. આવા જ એક કિસ્સામાં કોઠારીયાના બાંધકામના ધંધાર્થીને ફેસબુકમાં આવેલ યુવતીની ફ્રેન્ડ રિકવેસ્ટ એક્સેપ્ટ કર્યા બાદ રૂ.૩૯.૨૨ લાખ ગુમાવવાનો વારો આવ્યો હતો. આરોહી અગ્રવાલ નામની ફેસબુક આઈડી ધારકે ગોલ્ડ ટ્રેડીંગમાં ઊંચા પ્રોફિટની વાતચીત કરી વોટ્સએપ નંબર આપી કોઠારીયાના યુવાનને ફસાવ્યાં હતાં. લિંક ઓપન કરતાં જ ખુલેલ ફેક વેબસાઈટમાં ટ્રેડિંગમાં રૂપીયા રોક્યા અને ગુમાવ્યાં હતાં.વોલેટમાં રહેલ રૂપીયા વિડ્રો કરવાં ચાર્જ માંગતા ભાંડો ફૂટ્યો હતો. સાયબર ક્રાઈમે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે કોઠારીયા વિસ્તારમાં રહેતાં ૪૫ વર્ષીય પ્રોઢે નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે આરોહી અગ્રવાલ નામની ફેસબુક આઈડી ધારક તેમજ અલગ અલગ વોટ્સએપ નંબર અને અલગ અલગ બેંક એકાઉન્ટ ધારકનું નામ આપતાં સાયબર ક્રાઈમની ટીમે ગુનો નોંધી તપાસનો ધમધમાટ આદર્યો હતો.

વધુમાં ફરીયાદ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા ફરીયાદી યુવાનને તેમના ફેસબુક આઈડી પર મે ૨૦૨૫ માં એક આરોહી અગ્રવાલ નામની ફેસબુક આઈડી પરથી ફ્રેન્ડ રિકવેસ્ટ આવી હતી, જે ફ્રેન્ડ રિકવેસ્ટ ફરિયાદીએ એક્સેપ્ટ કરી હતી. બાદમાં બંનેએ વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. જે દરમિયાન આરોહી અગ્રવાલ નામની આઈડી ધારકે પોતાના વોટ્સએપ નંબર આપી તેમાં વાતચીત ચાલુ કરી હતી.

જે બાદ ફરીયાદીને વિશ્વાસમાં લઈ ગોલ્ડ ટ્રેડિંગમાં ઊંચો પ્રોફિટ મળે છે તેવી લાલચ આપી હતી. જેથી ફરીયાદી વિશ્વાસમાં આવી જતાં ફેસબુક આઈડી ધારકે તેમને વોટ્સએપમાં લિંક મોકલી તેમાં જોડાવા માટે કહ્યું હતું. જેથી ફરીયાદીએ તે લિંક ઓપન કરી તેઓ એક વોટ્સએપ ગ્રુપમાં જોડાયા હતાં.

જેમાં આવેલ લિંક ઓપન કરતાં તેમાંએક વેબસાઈટ જોવા મળતી અને તેમાં ગોલ્ડ પર ટ્રેડીંગ થતું હોય તેના ભાવ બતાવવામાં આવતાં હતાં.

જેથી તેઓએ રોકાણ કરવાની શરૂઆત કરી હતી. ત્યારે વેબસાઈટમાં તેઓએ કરેલ રોકાણમાં ઊંચું પ્રોફિટ મળી રહ્યું છે તેવું દર્શાવવામાં આવતું હતું. જેથી તેઓ વધું રૂપીયા રોકાણ કરવાં લાગ્યાં હતાં અને તેઓએ ગોલ્ડ ટ્રેડિંગમાં કુલ રૂ.૩૯.૨૨ લાખનું રોકાણ કર્યું હતું. જે બાદ તેઓએ વળતર માટે વાત કરતાં અલગ અલગ ચાર્જ ચૂકવવા પડશે તેમ સામેવાળા તરફથી મેસેજ આવતાં તેઓ સાથે ફ્રોડ થયાનું સામે આવ્યું હતું.

જેથી ફેસબુક આઈડી ધારક આરોહી અગ્રવાલ સહિતના સાયબર ગઠિયાઓ ફેક વેબસાઈટ બનાવી ફરીયાદીને ગોલ્ડમાં ટ્રેડીંગ કરવાના નામે રૂ.૩૯.૨૨ લાખ પડાવી છેતરપીંડી આચરતાં ફરીયાદ નોંધાવી હતી. જે અંગે ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાની રાહબરીમાં પીઆઈ એસ.ડી.ગિલવા અને ટીમે તપાસ આદરી હતી.

# મોટામવા પેન્ટાગોન એપાર્ટમેન્ટમાં પતિ સાથેના ઝઘડા બાદ પત્નીનો આપઘાત

**ફ્રુટ સલાડમાં ઝેર ભેળવી પી લેનાર પરણીતાએ મૃત બાળકને જન્મ આપ્યા બાદ મહિલાએ સારવારમાં દમ તોડયો, પરિવારમાં અરેરાટી.**

**અબતક રાજકોટ**

શહેરના મોટામવા વિસ્તારમાં આવેલ પેન્ટાગોન એપાર્ટમેન્ટ પાછળ ઝૂંપડામાં રહેતી ૨૦ વર્ષીય પરણીતાએ પતિ સાથે ઝગડો થયા બાદ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ઉંદર મારવાની દવા પી જનાર ગર્ભવતી મહિલાનું સિવિલ હોસ્પિટલના વેન્ટિલેટર પર ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું છે.મળતી માહિતી મુજબ, મોટા મૌવા વિસ્તારમાં રહેતી પાયલબેન અજયભાઈ મીડોલીયા (ઉ.વ. ૨૦) ને આજથી ચાર-પાંચ દિવસ પહેલા પોતાના પતિ અજયભાઈ સાથે કોઈ કારણોસર ઝઘડો થયો હતો. આ કંકાસથી કંટાળી જઈ પાયલબેને ફ્રુટ સલાડમાં ઉંદર મારવાની દવા ભેળવીને પી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને ગત તા. ૧૦ માર્ચના રોજ સવારે ૦૭:૦૦ વાગ્યે રાજકોટની ઝનાના હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, પાયલબેન ગર્ભવતી હતા. ઝેરી દવાના કારણે તેમના શરીરના આંતરિક અંગોને નુકસાન પહોંચ્યું હતું.

સારવાર દરમિયાન પરિસ્થિતિ વણસતા તેમની પ્રસુતિ (ડિલિવરી) કરાવવી પડી હતી, જેમાં તેમણે મૃત બાળકને જન્મ આપ્યો હતો. ત્યારબાદ પાયલબેનને વધુ સારવાર માટે વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. જ્યાં ગઈકાલે વહેલી સવારે ૦૩:૨૬ કલાકે ફરજ પરના તબીબ ડો. વાલજીભાઈ ચૌહાણે પાયલબેનને તપાસી મૃત જાહેર કર્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક પાયલબેનના લગ્ન બે વર્ષ પહેલા થયા હતા અને તેમને સંતાનમાં એક પુત્રી છે. તેમનો પતિ અજયભાઈ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

આ મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મવડી વિસ્તારમાં ખાનગી હોસ્પિટલના છઠ્ઠા માળેથી પડતું મૂકી મનોરોગી યુવકનો આપઘાત

**અમદાવાદથી રાજકોટની દવા લેવા આવ્યા હતા પગલું ભરી લેતા પરિવારમાં શોક**

**અબતક રાજકોટ**

શહેરના મવડી હેડક્વાર્ટર સામે આવેલી ખાનગી હોસ્પિટલમાં અમદાવાદથી સારવાર માટે આવેલા ૩૧ વર્ષીય મનોરોગી યુવકે હોસ્પિટલના છઠ્ઠા માળેથી પડતું મૂકી જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી ગઈ છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે પ્રાપ્ત વિગતો મુજબ, અમદાવાદના સોલા વિસ્તારમાં આવેલી આસ્થા રેસીડેન્સીમાં રહેતા અંકિત વિરમભાઈ પપાણીયા (ઉ.વ. ૩૧) માનસિક બીમારીથી પીડાતો હતો. તે અવારનવાર રાજકોટની મવડી હેડક્વાર્ટર સામે ખાનગી હોસ્પિટલ' ખાતે દવા લેવા માટે આવ્યો હતો. સાંજના સમયે જ્યારે તે હોસ્પિટલમાં હતો, અચાનક કોઈ અગમ્ય કારણોસર તેણે છઠ્ઠા માળેથી નીચે કુદકો મારી દીધો હતો. ગંભીર ઈજાઓ થવાને કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટના અંગેની જાણ થતા જ તાલુકા પોલીસ મથકનો સ્ટાફ દોડી આવ્યો હતો. હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ અને અલ્પેશભાઈએ જરૂરી પંચનામાની કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતક અંકિત તેની બહેનનો એકનો એક ભાઈ હોવાનું જાણવા મળ્યું છે. આશાસ્પદ યુવાનના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. માનસિક અસ્વસ્થતાને કારણે યુવકે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે, જોકે પોલીસ આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# જંક્શન પોલીસ ચોકી પાસે યુવક પર હુમલો કરી રોકડની લૂંટ

**બે શખ્સોએ ભિક્ષાવૃત્તિ કરતા યુવક પર છાતી અને હાથના ભાગે છરીના ઘા ઝીક્યા**

**અબતક રાજકોટ**

શહેરના જંક્શન પોલીસ ચોકી, સરકારી ગોડાઉન પાસે આજે બપોરે ધોળેદહાડે લૂંટ અને હુમલાની ઘટના બનતા ચકચાર મચી ગઈ છે. બે અજાણ્યા શખ્સોએ યુવકને નિશાન બનાવી તેની પાસેથી રોકડ રકમની લૂંટ ચલાવી છરીના ઘા ઝીંકી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ નડિયાદના વતની અને હાલ જંક્શન પોલીસ ચોકી પાસે સરકારી ગોડાઉન નજીક રહેતા હીરાભાઈ રાજેશભાઈ ગોસાઈ (ઉં.વ. ૨૪) આજે બપોરે ૧૨:૦૦ વાગ્યાની આસપાસ પોતાના રહેણાંક વિસ્તારમાં હાજર હતા. આ દરમિયાન અચાનક બે અજાણ્યા શખ્સો તેમની પાસે ધસી આવ્યા હતા.હુમલાખોરોએ હીરાભાઈના ખિસ્સામાં રહેલા ત્રણ હજાર રૂપિયાની લૂંટ ચલાવી હતી. લૂંટનો પ્રતિકાર કરતા શખ્સોએ ઉશ્કેરાઈને હીરાભાઈ પર છરી વડે હુમલો કર્યો હતો. હીરાભાઈને હાથ અને છાતીના ભાગે છરીના ગંભીર ઘા વાગતા યુવકને સારવાર અર્થે તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે હીરાભાઈ ભિક્ષાવૃત્તિ કરી પોતાનું ગુજરાન ચલાવે છે.

તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. પોલીસે હીરાભાઈની પ્રાથમિક પૂછપરછના આધારે લૂંટારુઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ધોળેદહાડે પોલીસ ચોકીની નજીક જ બનેલી આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો છે.

### અમદાવાદ – ભુજ વચ્ચે ટપાલ થેલાના પરિવહન માટે ઓનલાઈન ટેન્ડર મંગાવાયા

ભુજ-અમદાવાદ અને અમદાવાદ-ભુજ વચ્ચે ટપાલ થેલાના વહન માટે એક વર્ષની મુદત માટે બંધ બોડીના ૨૫૦૦ કિલો (૨.૫ ટન) ની ક્ષમતાના ચાર પૈડાવાળા બે વાહનો ભાડે લેવા માટે સુપ્રિન્ટેન્ડેન્ટ, રેલ ડાર્ક સેવા, "આર.જે." વિભાગ, રાજકોટ તરફથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવ્યા છે કે www.gem.gov.in વેબસાઈટ પર ભરી શકાશે. ઈ-ટેન્ડરની અંદાજિત રકમ રૂ. ૩૬ લાખ છે. જયારે બાના પેટે રૂ. ૭૨ હજાર જમા કરાવવાના રહેશે. આ ઈ-ટેન્ડરની ઓનલાઈન બીડ તારીખ ૨૭મી માર્ચ ૨૦૨૬ ના રોજ સવારે ૧૧ વાગ્યે પૂરી થશે. એ પછી ટેન્ડર ઉપરોકત કચેરી ખાતે ખુલશે.


**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**SLRs/VPs ના લીઝિંગ કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

SLR/VP ના લીઝિંગ કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન આમંત્રિત કરવામાં આવેલ છે. કેટલોગ IREPS વેબસાઇટ પર પહેલાથી જ ઓનલાઈન પ્રકાશિત થઈ ગયેલ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે

| કેટલોગ નંબર અને તારીખ | કોન્ટ્રાક્ટનો પ્રકાર | લોટ નંબર | કોન્ટ્રાક્ટ સમયગાળો |
|---|---|---|---|
| E-SLR-RJT-16-26, તારીખ:10/03/2026 | Leasing of SLR/VP | 1) 16734-SLR-R1, 2)) 22937-SLR-F1, 3) 22908-SLR-R1, 4) 22960-SLR-R1, 5) 22937-SLR-R1, 6) 22905-22906-VP-1, | 03 વર્ષ |

લોટ શરૂ થવાની તારીખ અને સમય: બધા લોટ માટે ઈ-ઓક્શન 25-03-26 ના રોજ 11:15 કલાકે શરૂ થશે. ઉપરોક્ત કેટલોગ નં. હેઠળના લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ મંડળ - વાણિજ્યિક હેઠળ www.ireps.gov.in (ઈ-હરાજી લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

RJT 211

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**જાહેર નિવિદા**

ગોંડલ નગરપાલિકાની જન્મ-મરણ શાખા માટે બુક સ્કેનર નીચે મુજબની કંપનીનું જોઈતું હોઈ રસ ધરાવતા વેપારીશ્રીઓએ નીચે દર્શાવેલ કંપનીના બુક સ્કેનરના ભાવ આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિવસ-૫(પાંચ)માં નગરપાલિકા કચેરીએ સ્પીડપોસ્ટ /કુરીયરથી મોકલી આપવા.

ફૂજીત્સુ(FUJITSU) A3 બૂક સ્કેનર નંગ -૧(એક) નાં ભાવ તમામ ટેક્ષ સાથેના નગરપાલિકા કચેરીએ પહોચતાના ઈસ્ટોલેશન કરી આપવા સહિતના મોકલી આપવા.

ઉપરોક્ત કંપની સિવાયના કોઈપણ ભાવ માન્ય રાખવામાં આવશે નહિ. આવેલ ભાવ પૈકી કોઈપણ ભાવ મંજુર કે નામંજૂર કરવાનો અધિકાર ગોંડલ નગરપાલિકાનો અબાધિત રહેશે.જેની ખાસ નોંધ લેવી.

નોંધ :- કવર ઉપર બુક સ્કેનરના ભાવ તેમ સ્પષ્ટ શબ્દોમાં જણાવવું.

ગોંડલ નગરપાલિકા

માહિતી -રાજ-૧૯૫૨-૨૫-૨૬



**-: વાંકાનેર નગરપાલિકા કચેરી :-**
**-:: જાહેર નિવિદા ::-**

જા.નં.......... તા....../......./૨૦૨૬

"વાંકાનેર નગરપાલિકાને Water+ તરીકે નગરપાલિકા જાહેર કરવા જોગ"

**પ્રતિભાવ/મુદાઓ/વાંધા સુચનાઓ મંગાવવા બાબત.**

ભારત સરકારશ્રીના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયશ્રી દ્વારા Water+ અંતર્ગત વાંકાનેર નગરપાલિકાનો સર્વે હાથ ધરવામાં આવનાર છે. વાંકાનેર નગરપાલિકા વિસ્તારની જનતાને આથી સુચીત કરવામાં આવે છે કે વાંકાનેર નગરપાલિકા દ્વારા Water+ જાહેર કરવા સારૂ નગરપાલિકાના, ચીફ ઓફિસરશ્રીના ડિક્લેરેશન મેળવવામાં આવેલ છે. તેમજ વાંકાનેર નગરપાલિકા વિસ્તારને Water+ જાહેર કરવા સારૂ પ્રાથમિક ઠરાવ કરવામાં આવેલ છે. સદર બાબતે વાંકાનેર નગરપાલિકા વિસ્તારને Water+ જાહેર કરવા પ્રતિભાવ/મુદ્દાઓ/સુચનો દિન-૧૫ (પંદર) માં વાંકાનેર નગરપાલિકા કચેરીએ લેખીતમાં રજુ કરવા વિનંતી છે.

ડીમ્પલબેન એચ.સોલંકી, પ્રમુખ, વાંકાનેર નગરપાલિકા

ધવલ વેકરીયા, મુખ્ય અધિકારી, વાંકાનેર નગરપાલિકા

માહિતી -રાજ-૧૯૫૦-૨૫-૨૬

તંત્રી લેખ

# દુધે ધોયેલા કોઈ નથી...યુદ્ધમાં ભારતની નિષ્પક્ષતા જ શ્રેષ્ઠ માર્ગ!


છેલ્લા કેટલાક સપ્તાહથી પશ્ચિમ એશિયા ભીષણ યુદ્ધની આગમાં સળગી રહ્યું છે. એક તરફ ઈઝરાયેલ-અમેરિકાનું ગઠબંધન છે, તો બીજી તરફ ઈરાન છે, જેને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રશિયા અને ચીનની સહાનુભૂતિ પ્રાપ્ત છે. આ તમામ પક્ષો સાથે ભારત કૂટનીતિક અને વ્યાપારી સંબંધો ધરાવે છે. આ સંજોગોમાં ભારતે શું કરવું જોઈએ અને કોનો પક્ષ લેવો જોઈએ, તેવા પ્રશ્નો દેશના એક રાજકીય વર્ગ દ્વારા ઉઠાવવામાં આવી રહ્યા છે.

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ એક લેખમાં ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈની હત્યા મામલે નરેન્દ્ર મોદી સરકારની ચુપ્પીને ન્યાયનો ત્યાગ ગણાવી છે, પરંતુ હકીકતમાં સરકાર માત્ર રાષ્ટ્રહિત અને પોતાના નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપી રહી છે.

ખાડી દેશોમાં ચાલી રહેલા તણાવને લઈને બે વાતો એકદમ સ્પષ્ટ છે. પહેલી એ કે, આમાં નૈતિકતાની વાત કરવી તદ્દન અર્થહીન છે અને બીજી એ કે, યુદ્ધમાં સામેલ બંનેમાંથી કોઈ પક્ષ સંત નથી. ભારતીય પરંપરામાં મહાભારતનું યુદ્ધ માત્ર વીરતાનું જ નહીં, પરંતુ યુદ્ધના નિયમો તૂટવાનું પણ સૌથી મોટું ઉદાહરણ છે. ચક્રવ્યૂહમાં ફસાયેલા અભિમન્યુ પર અનેક કૌરવ યોદ્ધાઓએ એકસાથે હુમલો કર્યો હતો, જે યુદ્ધ-નીતિની વિરુદ્ધ હતું. તેવી જ રીતે પાંડવોએ પણ ભીષ્મ પિતામહ સામે શિખંડીને ઊભો રાખીને તેમનો વધ કર્યો હતો. આ દર્શાવે છે કે યુદ્ધમાં જીત મેળવવા માટે નિયમોને નેવે મુકવામાં આવે છે.

આજના સમયમાં અમેરિકાની આગેવાનીવાળું ગઠબંધન અને ઈરાન પણ કોઈ દૂધે ધોયેલા નથી. ઈરાનની વર્તમાન સત્તા લાંબા સમયથી દેશની અંદર દમન અને બહાર અસ્થિરતા ફેલાવવાના આરોપોથી ઘેરાયેલી છે. ૧૯૭૯ની ક્રાંતિ પછી બનેલી ઈસ્લામી વ્યવસ્થાએ પોતાના કટ્ટરપંથી વિચારોને બાકીની દુનિયા પર થોપવાની નીતિ અપનાવી છે. તેની કુદ્સ ફોર્સે પશ્ચિમ એશિયામાં અનેક સંગઠનોને આશરો આપ્યો છે. લેબનોનમાં હિઝબુલ્લાહ અને પેલેસ્ટાઈનમાં હમાસ જેવા સંગઠનો વર્ષોથી ઈરાનના ટેકા પર નભી રહ્યા છે. જ્યારે ઈરાનમાં મહિલા અધિકારો માટે પ્રદર્શનો થયા, ત્યારે સત્તાએ તેને પણ ક્રૂરતાપૂર્વક કચડી નાખ્યા હતા.

બીજી તરફ, અમેરિકાનો ઈતિહાસ પણ કોઈ નૈતિકતાથી ભરેલો નથી. ૧૯૫૫માં તેણે પોતાના સહયોગી દેશો સાથે મળીને વિયેતનામમાં યુદ્ધ શરૂ કર્યું હતું, જે ૨૦ વર્ષ સુધી ચાલ્યું અને લાખો લોકોના જીવ ગયા પછી પણ તે વિજય મેળવી શક્યું ન હતું. ૧૯૭૧માં જ્યારે પૂર્વ પાકિસ્તાનમાં મોટા પાયે હિંસા અને અત્યાચાર થઈ રહ્યા હતા, ત્યારે પણ અમેરિકાએ પાકિસ્તાનનું સમર્થન કરીને ભારત સામે પોતાનું વિમાનવાહક જહાજ બંગાળની ખાડીમાં તૈનાત કરી દીધું હતું. આમ છતાં પાકિસ્તાનને ભારતના હાથે શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો.



# સિદ્ધિસૂરીશ્વરજી દાદાના જીવન દર્શન પરની ફિલ્મ પૂ.બાપુજી દાદા મૌન સંગીત

## જીરાવલા પાર્શ્વનાથ જિનાલય દ્વારા રવિવારે ક્રિસ્ટલ મોલમાં નજીવા દરે ફિલ્મ બતાવાશે

**અબતક, રાજકોટ**

જૈન શાસનના પરમ ઉપકારી આચાર્ય ભગવંત શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા (બાપજી દાદા) એક દિવ્ય વિભૂતિ હતા, જેમણે માત્ર ૨૩ વર્ષની વયે સંયમ જીવન અંગીકાર કર્યું હતું. તેમણે આજીવન તપ, વૈયાવચ્ચ, અને અગોચર સાધના દ્વારા અલૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. તેમની સાધનાની પરાકાષ્ઠા એ હતી કે ૭૨ વર્ષની વયે શરૂ કરેલા વર્ષીતપ ૧૦૫ વર્ષની વય સુધી, એટલે કે સતત ૩૩ વર્ષ સુધી અખંડ રહ્યા હતા. ૮૭ વર્ષની ઉંમરે પાલીતાણાની પગપાળા યાત્રા કરનાર આ પદવિહારી સંતના જીવનમાં હઠયોગ અને વચન સિદ્ધિનો અદ્ભુત સંગમ જોવા મળતો હતો. તેમના આ પ્રભાવશાળી અને પ્રેરણાદાયી જીવનના પાસાઓને ઉજાગર કરતી ફિલ્મ હવે રાજકોટના આંગણે પ્રદર્શિત થવા જઈ રહી છે.

બાપજી મહારાજ વંદના ટ્રસ્ટ દ્વારા નિર્મિત ફિલ્મ પૂજ્ય બાપજી દાદા! મૌન સંગીત નો ખાસ શો રાજકોટમાં રવિવાર, ૧૫ માર્ચ ૨૦૨૬ ના રોજ સવારે ૧૦ થી ૧૨ દરમિયાન ક્રિસ્ટલ મોલ (કાલાવડ રોડ) ખાતે યોજાશે. આ ફિલ્મ દ્વારા પરિવાર ભાવનાનું મહત્વ અને દાદાના જીવન સંઘર્ષોની હૃદયસ્પર્શી રજૂઆત કરવામાં આવી છે. ફિલ્મ માટેની ટિકિટનો દર માત્ર રૂ. ૫૦ રાખવામાં આવ્યો છે, જેનું વિતરણ ૧૨/૩/૨૬ (ગુરુવાર) ના રોજ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૬ થી ૮ વાગ્યા સુધી શ્રી જીરાવાલા પાર્શ્વનાથ જિનાલય, રાજકોટ સંચાલિત પૂ. બાપજી મહારાજ મંદિર ખાતે કરવામાં આવશે. લિમિટેડ ટિકિટ હોવાથી વહેલા તે પહેલાના ધોરણે મેળવી લેવા વિનંતી છે.

# હરિવંદના કોલેજ આયોજીત ઈન્ટર કોલેજ વર્કશોપમાં ૨૨૫ વિદ્યાર્થીઓને ભણાવાયા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના પાઠ



## એ.આઈ. કેવી રીતે બને વ્યકિતગત મેન્ટર વિષયે તજજ્ઞોએ આપ્યું વિધાન ભર્યુ માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

આજના યુગમાં વધતા જતાં એ.આઈના વપરાશ સાથે યુવાનો સતત અપડેટ થાય તે જરુરી છે. હરિવંદના કોલેજના ઈન્ટર કોલેજ વર્ક શોપમાં અલગ અલગ કોલેજના ૨૨૫ વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સઅંગે પાઠ ભણાવાયા હતા.

રાજકોટ સ્થિત હરિવંદના કોલેજ દ્વારા રાજકોટના નવા રિંગ રોડ પર આવેલ ડિલાઈટ પાર્ટી પ્લોટ ખાતે સવારે ૮ થી બપોરે ૨ દરમિયાન અઈ કેવી રીતે તમારો વ્યકિતગત મેન્ટર બની શકે?'' વિષય પર વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ડો. વૈભવ ગાંધી દ્વારા વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આધુનિક ઉપયોગો, અભ્યાસમાં તેનો ઉપયોગ અને કારકિર્દી નિર્માણમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં લગભગ ૧૮ વિવિધ કોલેજોના ૨૨૫થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્કશોપ દરમિયાન હરિવંદના કોલેજના કેમ્પસ ડિરેક્ટર



વિદ્યાર્થીઓને અઈ દ્વારા વધુ સ્માર્ટ રીતે શીખવા, ઝડપી વિચારવાની ક્ષમતા વિકસાવવા અને પોતાના ભવિષ્યને મજબૂત બનાવવા માટે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. ઉત્પલ જોશી, હરિવંદના કોલેજના ચેરમેન ડો. મહેશભાઈ ચૌહાણ, ડો. સર્વેશ્વરભાઈ ચૌહાણ, સ્ફિયરરેઝ ટેકનોલેબના ડિરેક્ટર તથા સહસ્થાપક અનુપ જોશી તથા ક્યૂટોન્ઝ ઈન્ફોસોફટના સ્થાપક પિયુષ કાસુન્દ્રા હાજર રહ્યા હતા. આ સાથે જ આ કાર્યક્રમમાં આઈટી ક્ષેત્રના પ્રોફેશનલ્સ તથા શૈક્ષણિક ક્ષેત્રના નિષ્ણાતો પણ હાજર રહ્યા હતા, જેના કારણે ચર્ચા અને માર્ગદર્શન વધુ સમૃદ્ધ બન્યું. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો અને વિદ્યાર્થીઓએ આધુનિક ટેકનોલોજી વિશે નવી દિશા અને પ્રેરણા મેળવી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને હાઉસ ઓફ સ્ટાર્ટ્સ વચ્ચે એમઓયુ

## યુવાનોમાં ઉદ્યોગ સ્થાપવાની ભાવના વધારવા માટે સંયુક્ત તાલીમ અને કાર્યક્રમો સહિતની પ્રવૃત્તિ કરાવવામાં આવશે



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્ટાર્ટ-અપ એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ કાઉન્સિલ અને હાઉસ ઓફ સ્ટાર્ટ્સ વચ્ચે સ્ટાર્ટઅપ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે એક મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

આ એમઓયુનો મુખ્ય હેતુ યુવાનો અને નવીન વિચાર ધરાવતા લોકોને સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવાનો છે. આ સહયોગ દ્વારા બંને સંસ્થાઓ મળીને સ્ટાર્ટઅપ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ યોજશે.આ એમઓયુ હેઠળ સ્ટાર્ટઅપ અને ઉદ્યમિતાને લગતા કાર્યક્રમો, ઈવેન્ટ્સ અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન, સ્ટાર્ટઅપ્સ માટે રોકાણની તકો વધારવા માટે માહિતીની આપલે, સ્ટાર્ટઅપ્સને મેન્ટરશિપ અને નેટવર્કિંગની તક આપવી, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વિકાસ માટે જ્ઞાન અને અનુભવનું વહેંચાણ, યુવાનોમાં ઉદ્યોગ સ્થાપવાની ભાવના વધારવા માટે સંયુક્ત તાલીમ અને કાર્યક્રમો યોજવામાં આવશે.

આ સહયોગ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને સમગ્ર પ્રદેશના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવામાં મદદ મળશે અને યુવાનોને ઉદ્યોગ શરૂ કરવા માટે વધુ તકો મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# પશ્ચિમ રેલવેનો દબદબોઃ નોન ફેર રેવન્યુમાં સતત બીજા વર્ષે પ્રથમ ક્રમે

## ગેર ભાડા આવક ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ચર્ચગેટ ખાતે એવોર્ડ એનાયત

**અબતક, રાજકોટ**

રાજકોટ : પશ્ચિમ રેલવે દ્વારા ગેર-ભાડા આવક ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરતાં સતત બીજા વર્ષે સમગ્ર ભારતીય રેલવેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ગૌરવપૂર્ણ સફળતા માટે મહત્વપૂર્ણ યોગદાન આપનાર પશ્ચિમ રેલવેના વિવિધ ડિવિઝનના અધિકારીઓ અને કર્મચારીઓને ચર્ચગેટ સ્થિત મુખ્યાલય ખાતે આયોજિત વિશેષ સમારંભમાં પ્રિન્સિપલ ચીફ કોમર્શિયલ મેનેજર તરૂણ જૈન દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.



આ સિદ્ધિના સંદર્ભમાં રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝનલ વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીનાના કુશળ નેતૃત્વ તેમજ વાણિજ્ય વિભાગની ટીમ દ્વારા કરવામાં આવેલા ઉત્તમ કાર્યની પ્રશંસા કરવામાં આવી. આ અવસર પર રાજકોટ ડિવિઝનના ચાર અધિકારીઓ અને કર્મચારીઓને તેમના નોંધપાત્ર યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા. સમારંભ દરમિયાન મુખ્ય વાણિજ્ય પ્રબંધક (યાત્રી સેવાઓ) સ્વપ્નિલ વાલિંગકર સહિત મુખ્યાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા.

સન્માનિત થયેલા રાજકોટ ડિવિઝનના રેલવે અધિકારી-કર્મચારીઓમાં સુનીલ કુમાર મીના - વરિષ્ઠ ડિવિઝનલ વાણિજ્ય પ્રબંધક, રાજકોટ, હિતેશ જોશી - સહાયક વાણિજ્ય પ્રબંધક, રાજકોટ, ચંદ્રસિંહ ઝાલા - તત્કાલીન મુખ્ય વાણિજ્ય નિરીક્ષક, રાજકોટ (હાલ એસીએમ - ટિકિટ ચેકિંગ, ચર્ચગેટ), અમિત જોશી - રિઝર્વેશન સુપરવાઈઝર, રાજકોટનો સમાવેશ થાય છે.

રાજકોટ ડિવિઝનની આ સિદ્ધિએ માત્ર ડિવિઝનની પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવી નથી, પરંતુ પશ્ચિમ રેલવેને ભારતીય રેલવેમાં અગ્રણી સ્થાન પર જાળવી રાખવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

# વોર્ડ નં.૧૨માં સ્પોન્ઝ ગાર્ડન, લાયબ્રેરી અને વોર્ડ ઓફીસના કામનું ખાતમુહૂર્ત



## વોર્ડવાસીઓની સુવિધામાં થશે વધારોઃ પૂર્વ કોર્પોરેટરોના કાર્યની સરાહના

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૨માં રૂ.૨૭ કરોડના ખર્ચે સ્પોન્ઝ ગાર્ડન, ટી.પી.સ્કીમ નં.૧૫ (વાવડી)માં આવેલ એફ.પી.નં.૩૪/એ માં રૂ.૧૭.૫૦ કરોડના ખર્ચે લાયબ્રેરી,પેટા વોર્ડ ઓફીસ ૧૨(ક) (મવડી)ની રૂ.૩૭.૬૮ લાખના ખર્ચે નવી વોર્ડ ઓફીસ, પુનીતનગર ૨૪ મીટર રોડ પર હયાત સ્લેબ કલવર્ટને રૂ.૯૮.૬૧ લાખના ખર્ચે વાઈડનીંગ કરવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા, પૂર્વ મેયર ડો.પ્રદીપ ડવ, મગનભાઈ સોરઠીયા, મિતલબેન લઠિયા, ભાજપ અગ્રણી મનહરભાઈ બાબરીયા, વોર્ડ પ્રમુખ જયેશભાઈ પંડ્યા, શહેર ભાજપ મંત્રી કિશનભાઈ ટીલવા, મહામંત્રી ધીરજભાઈ મુંગરા, શિક્ષણ સમિતિ સભ્ય મનસુખભાઈ વેકરીયા, મહિલા મોરચા મહામંત્રી કિરણબેન હરસોડા, કિસાન મોરચા ઉપપ્રમુખ દશરથસિંહ જાડેજા, શહેર ભાજપ કારોબારી સભ્ય યોગરાજસિંહ જાડેજા, પૂર્વ ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા વગેરે ઉપસ્થિત રહયા હતા.

સ્પોન્ઝ ગાર્ડન આશરે ૫૭૦૩૪ ચો.મી.માં ડેવલપ કરવામાં આવશે. જેમાં વોટર રીટેન્સન પોન્ડ, યોગા ટેકનીકલ સ્પેસ, સોલાર એનર્જી, મલ્ટી સ્પોર્ટ્સ ગેઈમ કોર્ટ, રેઈન ગાર્ડન, કોમ્યુનિટી ફાર્મિંગ, ફેસ્ટીવલ ગેધરીંગ, પબ્લિક પર્ફોર્મન્સ એરીયા, ઘાટ, મેડીકલ પ્લાન્ટેશન, આઉટ ડોર જિમ, સેલ્ફી પોઈન્ટ, વોટર મ્યુઝિયમ, ફ્લાવર ગાર્ડન, વોક-વે, ટોયલેટ બ્લોક વગેરે જેવી સુવિધા આપવામાં આવેલ છે.

લાયબ્રેરી આશરે ૨૫૯૧ ચો.મી.પ્લોટ એરીયામાં પાર્કિંગ માટે લોઅર બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર પર નવ દુકાન, વેઈટીંગ એરીયા, ફર્સ્ટ ફ્લોર પર નવ દુકાન, સ્ટાફ ઓફીસ, ન્યુઝ પેપર રીડીંગ એરિયા, સેકન્ડ ફ્લોર પર જનરલ રીડીંગ હોલ, ટોય લાયબ્રેરી, ચિલ્ડ્રન મેગેઝીન ડિસ્પ્લે એરીયા, થર્ડ ફ્લોર પર મહિલા અને પુરૂષો માટે અલગ અલગ રીડીંગ હોલ, ડીઝીટલ લાયબ્રેરી માટે એક હોલ, ટેરેસ પર ઓડિયો-વિડીયો રૂમ, તમામ ફ્લોર પર ટોયલેટ, લિફ્ટ, સી.સી.ટી.વી.કેમેરા, ફાયર સીસ્ટમ વગેરે જેવી સુવિધા આપવામાં આવેલ છે.

પેટા વોર્ડ ઓફીસ અંદાજે ૫૩૯ ચો.મી,માં એક હોલ, બે રૂમ, જનરલ સ્ટોર રૂમ તથા લેડીઝ જેન્ટ્સ ટોયલેટ, કમ્પાઉન્ડ વોલ, પેવર બ્લોક વર્ક, અન્ડર ગ્રાઉન્ડ વોટર ટેન્ક વગેરે જેવી સુવિધા આપવામાં આવેલ છે. હયાત સ્લેબ કલવર્ટને એક તરફ આશરે ૭ મીટરની પહોળાઈમાં વાઈડનીંગ કરવાના કામનો સમાવેશ કરવામાં આવેલ છે.

વોર્ડ નં.૧૨માં વિવિધ સુવિધા ઉપલબ્ધ થવાથી લાગુ વિસ્તાર તેમજ આસપાસના લોકોને ફાયદો થશે અને સુવિધાનો લાભ મળશે.

# ગાંધીજીના મીઠાના સત્યાગ્રહનો ઈતિહાસ કંડારનાર

# દાંડીકૂચના સંભારણામાં આજે સાંજે ક.બા ગાંધીના ડેલામાં થશે "વિચાર ગોષ્ઠી"

## ગાંધી વિચારોના અભ્યાસુઓના મંથનથી બાપુની યાદોથી સંધ્યા ખીલશે



**અબતક, રાજકોટ**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ના જીવન અને તેમની સ્મૃતિઓ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટના કણે કણમાં વસેલી છે ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ ક,બા ગાંધીના ડેલામા આજે તારીખ ૧૨માર્ચ ગુરુવારના રોજ ગાંધીજીની દાંડી યાત્રાના સંભારણા ને ઉજાગર કરવા માટે વિચાર ગોષ્ઠી નું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના રઘુવીર પરાટકડિયા ૯લાઈન માં આવેલ કબા ગાંધીના ડેલામાં સાંજે ૫ વાગે વિચાર ગોષ્ટિ માં ગાંધીજી સ્મૃતિ ટ્રસ્ટના અનામિક ભાઈ શાહ ની અધ્યક્ષતામાં યોજાનારીઆ અનોખી વિચાર ગોષ્ઠીમાં ગાંધી વિચારોના અભ્યાસુ પોતાના વક્તવ્યો વિચારો રજૂ કરશે.

ગાંધી વિચારોના અભ્યાસુ કટાર લેખક કૌશિકભાઈ મહેતા, ઈતિહાસકાર રાજુલભાઈ દવે, નરેન્દ્ર ભાઈ વિઠલાણી દ્વારા પોતાના વિચારો રજૂ કરવામાં આવશે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને ગાંધીજી પ્રત્યેના વિચારો રજૂ કરવા શહેરના પ્રબુધો ગાંધી પ્રિય લોકોને ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ ના માનદ મંત્રી અલ્પનાબેન ત્રિવેદીએ અનુરોધ કર્યો છે

# લોહાણા યુવક પ્રગતિ મંડળ દ્વારા રવિવારે સરકારી નોકરીમાં કારકીર્દી માર્ગદર્શન સેમિનાર

**અબતક, રાજકોટ**

રાજકોટ લોહાણા મહાજન પ્રેરિત લોહાણા યુવક પ્રગતિ મંડળ રાજકોટ તથા શહેર લોહાણા કર્મચારી મંડળ રાજકોટ દ્વારા શહેરના ધોરણ ૧૨ થી ઉપરના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે સેમિનાર સરકારી નોકરીનું સ્વપ્ન કરો સાકાર તથા કારકીર્દી સેમીનારનું કેસરીયા લોહાણા મહાજનવાડી કાલાવડ રોડ રાજકોટના વાતાનુકુલિન હોલમાં તા. ૧૫-૩ થી રવિવારે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ પોબારુ તથા ડો. નિશાંતભાઈ ચોટાઈ તથા મહાજનના હોદેદારો, અગ્રણીઓની ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શિક્ષણ જગતના તજજ્ઞો મૌલિક ગોધીયા, ભૌતિક ઠકકર, તથા ધર્મેશ સુચક વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને વિસ્તત માર્ગદર્શન આપશે. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ કઈ રીતે આપવી સફળતા માટે શું વાંચવું શેમાંથી વાંચવું ઈડબલ્યુડીના લાભો બાબતે વિસ્તૃત માહીતી તથા યુપીએસસી, જીપીએસસી, સીસીઈ, પીએસઆઈ, કોન્સ્ટેબલ, બેંક પીજી કલાર્ક જેવી વિવિધ પરીક્ષાઓ વિશે સરકારી નોકરીનું સ્વપ્ન કઈ રીતે કરવું તે બાબતું વિસ્તૃત માર્ગદર્શન આપશે. વધુ માહીતી માટે લોહાણા યુવક મંડળ, લોહાણા કર્મચારી મંડળ ના હોદેદારો તથા મો. નં. ૮૧૬૦૪ ૧૪૭૧૩, ૯૪૨૬૨ ૫૪૯૯૯ પર સંપર્ક કરવા અનુરોધ કરાર્યો છે.

### રાંધણ ગેસની કાળાબજારી રોકવા

# સહકાર રોડ-આહીર ચોક અને રીંગ રોડ પર પુરવઠા વિભાગનું સઘન ચેકીંગ

## યાજ્ઞિક રોડ પર સર્વેશ્વર ચોકમાં દીપ સેન્ડવીચમાંથી ઘરેલુ ગેસ સિલિન્ડરનો કોમર્શિયલ વપરાશ સામે આવતા સિલિન્ડર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પુરવઠા અધિકારીના માર્ગદર્શન હેઠળ પશ્ચિમ મામલતદાર અને પુરવઠા નિરીક્ષકની ટીમ દ્વારા ગઈકાલ બાદ આજ સવારથી શહેરના કોઠારીયા રોડ વિસ્તારના સહકાર રોડ, આહીર ચોક અને રિંગરોડ સહિતના વિસ્તારોમાં વિવિધ હોટલ તથા ફાસ્ટ ફૂડ સ્ટોરમાં ઘરેલુ ગેસ સિલિન્ડરના વપરાશ બાબતે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. ગઈકાલે યાજ્ઞિક રોડ પર સર્વેશ્વર ચોકમાં દીપ સેન્ડવીચમાંથી ઘરેલુ ગેસ સિલિન્ડરનો કોમર્શિયલ વપરાશ સામે આવતા સિલિન્ડર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જો કે આજના ચેકીંગમાં કોઈ ઘરેલુ ગેસ સિલિન્ડર ઉપયોગ કરતા હોવાનું સામે આવ્યું નથી.

રાજકોટ શહેર અને જિલ્લામાં કોમર્શિયલ ગેસના સિલિન્ડરની સપ્લાય બંધ કરવાનું પુરવઠા અધિકારી દ્વારા જાહેર કરાયું છે. કેન્દ્ર સરકારના આદેશ મુજબ રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં કોમર્શિયલ ગેસની સપ્લાય બંધ થઈ છે. કોમર્શિયલ ગેસના જથ્થાને એલપીજી ગેસમાં કન્વર્ટ કરવામાં આવ્યો છે કારણકે લોકોને કોઈ તકલીફ ન પડે. રાજકોટમાં હોટલ અને રેસ્ટોરન્ટ સહિતની ૧૦૦૦ થી વધુ સંસ્થાઓ પાસે પીએનજી ગેસ લાઈન છે અને જિલ્લામાં



૩.૬૦ લાખ ગ્રાહકો એવા છે કે જેઓને ત્યાં પીએનજી ગેસ લાઈન છે. આ સિવાય ઘરેલું એલપીજી ગેસ સપ્લાય યથાવત છે.

રાજકોટમાં એલપીજી ગેસની સપ્લાય કરતી આઈઓસીએલ ની ૪૨,બીપીસીએલની ની ૨૦ અને એચપીસીએલની ની ૪ એજન્સી છે. જેમાં આઈઓસીએલ દ્વારા રાજકોટ જિલ્લાને ૯૯.૯૯ ટકા એલપીજી ગેસ નો પુરવઠો પૂરો પાડવામાં આવે છે જ્યારે બાકીના ૩૫ ટકામાં બીપીસીએલ અને એચપીસીએલ છે.

જ્યારે રાજકોટ જિલ્લામાં ૩ સરકારી અને ૩ ખાનગી કંપનીના પેટ્રોલ પંપ છે જ્યારે ખાનગી કંપની નાયરાના ૫૯, રિલાયન્સના ૧૭ અને સેલ કંપનીના ૮ મળી કુલ ૩૬૧ પેટ્રોલ પંપ છે. જ્યાંથી પેટ્રોલ અને ડીઝલનો જથ્થો પ્રાપ્ત થાય છે. જોકે તેમાં કોઈપણ પ્રકારની અછત હાલ જોવા મળી નથી.

## કોમર્શિયલ ગેસના બાટલાની સપ્લાય બંધ, નાની હોટેલ-રેસ્ટોરન્ટને તાળા લાગશે

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર ગુજરાતમાં વર્તાઈ છે. સમગ્ર દેશ સહિત ગુજરાતમાં પણ યુદ્ધના કારણે ગેસની અસર વેઠવી પડી છે. રાજ્યમાં ગેસ સિલિન્ડર માટે લોકો પડાપડી કરી રહ્યાં છે. ગેસની અછતને કારણે હોટેલ અને રેસ્ટોરન્ટ સહિત કેટરિંગના ધંધા પર પણ અસર પડી છે. ઉદ્યોગોને પણ ગેસનો સપ્લાય નહીં મળતાં પ્રોડક્શન પર અસર વર્તાઈ છે.જોકે કોમર્શિયલ ગેસના બાટલાની સપ્લાય બંધ થતા નાની હોટલ અને રેસ્ટોરન્ટ ધારકોને માઠી અસર પહોંચશે અને તેથી આ બિઝનેસને હવે તાળા લાગશે તે નક્કી છે. ગેસની અછતને કારણે લગ્ન પ્રસંગોમાં અસર જોવા મળીછે. કેટરર્સના ધંધાર્થીઓ વધુ પૈસા આપીને સિલેન્ડર ખરીદે છે. ઘણા કેટરર્સે કાળા બજારમાં ઊંચા ભાવ આપીને સિલેન્ડર ખરીદ્યા છે. લગ્નનો જમણવાર પણ અટકી જવાની દહેશત વ્યક્ત કરાઈ છે. જે જરૂરિયાત છે તેના કરતાં ગેસનો અડધો જ પૂરવઠો મળ્યો છે. કેટરર્સને ભવિષ્યમાં મોટા પ્રસંગો બગડવાની ચિંતા સતાવી રહી છે.

### ૧૫-૨૦ દિવસમાં કોમર્શિયલ ગેસ શરૂ નહિ થાય તો રેસ્ટોરન્ટ બંધ થવાની ભીતિ: રમેશભાઈ ડાભી(ટ્રેક સાઈડ તડકા)



ધ ટ્રેક સાઈડ તડકાં હોટેલના ઓનર્સ રમેશભાઈ ડાભીએ ‘‘અબતક‘‘ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અમિન માર્ગ પર છેલ્લા બે વર્ષથી અમે ધ ટ્રેક સાઈડ તડકા નામની હોટલ ચલાવીએ છીએ. યુદ્ધના કારણે એલપીજી ગેસની અછત જોવા મળી રહી છે ઘર વપરાશના ગેસમાં પણ ખૂબ વધારે અછત જોવા મળી રહી છે. કોમર્શિયલમાં જે ગેસ વપરાય છે તેની પણ વધારે અછત જોવા મળી રહી છે. જેનું કારણ છે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ ભારતમાં ઘણી બધી ગેસની કંપનીઓ છે પરંતુ તે પર્યાપ્ત નથી જેના લીધે બહારના દેશોમાંથી ગેસ સપ્લાય કરવો પડે છે. જે હાલમાં યુદ્ધના લીધે આ પુરવઠો સંપૂર્ણ પણે બંધ છે. ગેસની અછતના કારણે હોટલમાં ખૂબ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અત્યારે અમારી પાસે ૧૫ થી ૨૦ દિવસ ચાલે એટલો ગેસ પડ્યો છે પરંતુ આગામી દિવસોમાં શું થઈ શકે તે કંઈ કહી શકાય તેમ નથી. જો આગામી દિવસોમાં યુદ્ધ વધુ ચાલશે તો ગેસને લઈ અને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

### યુદ્ધ લાંબુ ચાલશે તો ગેસની અછત હજુ વધશે: ગોપાલ ઠાકર(હોટેલ ધ ગ્રાન્ડ ઠાકર)



‘‘અબતક‘‘ સાથેની વાતચીત દરમિયાન ઠાકર હોટેલના માલિક ગોપાલભાઈ ઠાકરે જણાવ્યું હતું કે, હાલમાં ઈરાન અને ઈઝરાયેલની વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે જેને કારણે ગેસની સપ્લાય ખૂબ જ ઓછી થઈ ગઈ છે.કોઈપણ હોટેલમાં ગેસના બાટલાનો ઉપયોગ કરે છે તેવી હોટલના સંચાલકોને હોટલ બંધ કરવી પડે તેવી સ્થતિ સર્જાઈ છે. મોરબીમાં પણ અમે ઠાકર હોટેલ ચલાવી રહ્યા છીએ. જો કે ત્યાં ગેસના બાટલાનો ઉપયોગ કરવામાં આવે છે. હજુ ૧૦ દિવસ ચાલે તેટલો જથ્થો છે.આગામી દિવસોમાં અછત સર્જાઈ શકે છે. આગામી દિવસોમાં યુદ્ધ લાંબુ ચાલશે તો અમારે હોટલ બંધ કરવાનો વારો પણ આવી શકે છે. આગામી દિવસોમાં હોટલના એસોસિએશન બધા મળી અને આવનાર દિવસોમાં નિર્ણય લેશો કે જો ગેસની અછત આવે તો કેવા પગલાં લેવા અને શું કરવું?કોરોના જેવા મહામારીમાંથી બહાર આવી અને ફરી પાછી યુદ્ધના લીધે તેવી જ મહામારી સર્જાય નહીં તેવી અપેક્ષા રાખીએ છીએ.

### કોમર્શિયલ ગેસ સિલિન્ડરને તાકીદે સામાન્ય કરવામાં આવે જેથી હોટેલો પર અસર ના પડે: મેહુલ કોટેચા(ધ મેહુલ કિચન)



‘‘અબતક‘‘ સાથેની વાતચીતમાં મેહુલ કિચનના મેહુલભાઈએ જણાવ્યું હતું કે, હાલમાં ગેસની અછતના કારણે હોટલોમાં ખૂબ જ મુશ્કેલીઓ સર્જાઈ રહી છે. ગેસના બાટલાઓને લઈને ખૂબ જ ઓછા સમયની નોટિસ આપવામાં આવી છે

ઓછા સમયની નોટિસમાં બીજા વિકલ્પો અમારી પાસે એ છે કે કોલસાનો ઉપયોગ કરો કે લાકડાના બળતણનો ઉપયોગ કરવો કે ઈલેક્ટ્રીક સગડીનો ઉપયોગ કરીને રસોઈ બનાવી જેના માટે સમય ખૂબ જ ઓછો પડી રહ્યો છે. એલપીજી ગેસને લઈ અને ખૂબ જ ગંભીર સમસ્યા ઊભી થઈ રહી છે. હજુ યુદ્ધ લાંબુ ચાલશે તો આવનારા દિવસોમાં ગેસ ને લઈને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડશે અને હોટલ બંધ થઈ શકે તેવી પરિસ્થિતિ સર્જાશે.

# એલપીજી સિલિન્ડર પ્લાન્ટ્સની સુરક્ષા વધારો, બ્લેક માર્કેટિંગ કરનારા સામે કાર્યવાહી કરો: કેન્દ્રનો રાજ્યોને આદેશ

**અબતક, રાજકોટ**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ભારતમાં એલપીજી સિલિન્ડરના પુરવઠામાં અવરોધ આવવાની આશંકા વચ્ચે કેન્દ્ર સરકાર એક્શનમાં આવી છે. કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન દ્વારા તમામ રાજ્યોના મુખ્ય સચિવો અને ડીજીપી સાથે એક મહત્ત્વની બેઠક યોજવામાં આવી હતી. આશરે ૨ કલાક ચાલેલી આ બેઠકમાં દેશભરમાં એલપીજીની ઉપલબ્ધતાની સમીક્ષા કરવામાં આવી હતી અને ઘરેલું ગેસનો પુરવઠો કોઈપણ અડચણ વગર ચાલુ રહે તે માટે જરૂરી નિર્દેશો આપવામાં આવ્યા હતા.કેન્દ્ર સરકારે રાજ્યોને એલપીજી બોટલિંગ પ્લાન્ટ્સ, ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક અને પરિવહન વાહનોની સુરક્ષા સઘન બનાવવાના આદેશ આપ્યા છે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે ગેસના પુરવઠાનું રોજબરોજ મોનિટરિંગ કરવા અને કાળાબજારી કરનારાઓ સામે કડક હાથે કામ લેવા જણાવાયું છે. લોકોમાં ફેલાતી અફવાઓને ડામવા માટે ગૃહ મંત્રાલયે રાજ્યોને જનજાગૃતિ અભિયાન શરૂ કરવા તેમજ સોશિયલ મીડિયા પર ફેક ન્યૂઝ કે જૂના વીડિયો દ્વારા ગભરાટ ફેલાવતા તત્વો વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી છે.

બેઠકમાં એ માહિતી પણ આપવામાં આવી હતી કે, રિફાઈનરીઓને એલપીજી ઉત્પાદન વધારવા અને ઘરગથ્થુ ગ્રાહકોને પ્રાથમિકતા આપવા માટે આદેશ આપવામાં આવ્યા છે. હાલમાં હોટલ અને રેસ્ટોરન્ટ જેવા વ્યાપારી એકમો માટે એલપીજી વિતરણ પર અમુક નિયંત્રણો લાદવામાં આવ્યા છે, પરંતુ હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ જેવી આવશ્યક સેવાઓને આમાંથી મુક્તિ આપવામાં આવી છે. ગૃહ મંત્રાલયે પરિસ્થિતિ પર ચોવીસ કલાક નજર રાખવા માટે એક ખાસ કંટ્રોલ રૂમ પણ કાર્યરત કર્યો છે, જેથી રાજ્યો સાથે રીયલ-ટાઈમ સંકલન સાધી શકાય.

# વસ્તી ગણતરી ફક્ત માથા ગણવાની પ્રક્રિયા નહીં, સામાજિક અને સુવિધાઓના માળખામાં લાવશે મોટી ઉથલપાથલ

## ૧૯૫૧ની કાગળ-પેન વાળી પદ્ધતિ હવે ’હાઈટેક’ બનશે; જ્ઞાતિ સર્વે અને બેઠકોના સીમાંકનને લઈને રાજકીય ગરમાવો

**અબતક રાજકોટ**

ભારતમાં આગામી વસ્તી ગણતરી માત્ર આંકડાકીય વિગતો પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ તે દેશના સામાજિક, આર્થિક અને રાજકીય ભવિષ્યને નક્કી કરનારું એક મોટું શસ્ત્ર બનવા જઈ રહી છે. વસ્તી ગણતરીમાં થઈ રહેલા વિલંબ વચ્ચે રાજ્યો દ્વારા શરૂ કરાયેલા જ્ઞાતિ સર્વે અને લોકસભાની બેઠકોના સંભવિત સીમાંકને દેશમાં ’ઉત્તર વિરુદ્ધ દક્ષિણ’ના રાજકારણને તેજ કરી દીધું છે.

ભારતની વસ્તી ગણતરીના ઈતિહાસમાં આ વખતે મોટું પરિવર્તન જોવા મળશે. ૧૯૫૧માં જ્યારે આઝાદ ભારતની પ્રથમ વસ્તી ગણતરી થઈ, ત્યારે તે સંપૂર્ણપણે કાગળ અને પેન પર આધારિત હતી. સાધનો મર્યાદિત હતા અને ડેટા પ્રોસેસિંગમાં વર્ષો નીકળી જતા હતા. તેની સરખામણીએ આગામી ગણતરી સંપૂર્ણપણે ’ડિજિટલ’ હશે. ગણતરીકારો મોબાઈલ એપ અને ટેબ્લેટ સાથે ઘરે-ઘરે જશે, જેનાથી ડેટા સચોટ અને ઝડપથી ઉપલબ્ધ થશે. નાગરિકોને પોતાની વિગતો જાતે ઓનલાઈન ભરવાની સુવિધા પણ પ્રથમ વખત મળશે.

કેન્દ્રની ગણતરીમાં વિલંબ થતા બિહાર, તેલંગાણા અને કર્ણાટક જેવા રાજ્યોએ પોતાની રીતે જ્ઞાતિ સર્વે હાથ ધરીને રાજકીય હલચલ મચાવી દીધી છે. બિહારના ૨૦૨૩ના સર્વે મુજબ ત્યાં OBC અને EBC વસ્તી ૬૩% થી વધુ નોંધાઈ છે. આ ડેટાને આધારે હવે સામાજિક ન્યાય અને અનામતની નવી મર્યાદાઓ નક્કી કરવાની માંગ પ્રબળ બની છે. નિષ્ણાતો માને છે કે જો કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય સ્તરે જ્ઞાતિના આંકડા જાહેર કરશે, તો તે દાયકાઓ જૂના રાજકીય સમીકરણોને ઉથલાવી દેશે.

બંધારણની કલમ ૮૧ મુજબ લોકસભાની બેઠકોની મર્યાદા ૫૫૦ છે, પરંતુ વસ્તી ગણતરી બાદ તેનું નવું સીમાંકન થવાની શક્યતા છે. તમિલનાડુ અને કેરળ જેવા દક્ષિણના રાજ્યોએ વસ્તી નિયંત્રણમાં શ્રેષ્ઠ કામ કર્યું છે, જ્યારે ઉત્તર ભારતના રાજ્યોમાં વસ્તી ઝડપથી વધી છે. દક્ષિણના રાજ્યોને ડર છે કે જો માત્ર વસ્તીના આધારે બેઠકો વધારવામાં આવશે, તો સંસદમાં તેમનું વર્ચસ્વ ઘટી જશે. આ મુદ્દે તમિલનાડુની ડીએમકે સરકારે વિધાનસભામાં વિરોધ પ્રસ્તાવ પણ પસાર કર્યો છે

# મીરામ્બિકા કોલેજ દ્વારા રવિવારે શિક્ષકો માટે યોજાશે મેગા જોબ પ્લેસમેન્ટ

## શહેરની ૪૦ શાળાઓમાં શિક્ષણ સેવા માટે જીજ્ઞાસુ ટીચરો માટે ઉતમ તક

**અબતક,રાજકોટ**

રાજકોટની ૪૦ સુવિખ્યાત શૈક્ષણીક સંસ્થાઓ માટે શિક્ષકોની મેગા જોમ પ્લેસમેન્ટ મીરામ્બિકા કોલેજમાં રવિવારે આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ શહેરની નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે ગ્રીન વુડ ઈન્ટરનેશનલ સ્કૂલ, પંચશીલ સ્કૂલ, ધોળકિયા સ્કૂલ, મોદી સ્કૂલ, સર્વોદય સ્કૂલ, સરસ્વતી સ્કૂલિંગ સિસ્ટમ, પાર્થ વિદ્યાલય, દર્શન સ્કૂલ, ન્યૂ એરા સ્કૂલ, કર્ણાવતી સ્કૂલ, એસકેપી સ્કૂલ, યુનિવર્શલ સ્કૂલ, તપન સ્કૂલ, તેમજ બ્રિલિયન્ટ સ્કૂલ જેવી નામાંકિત ૪૦ શાળાઓમાં નોકરી મેળવવાની ઉતમ તક મીરામ્બિકા કોલેજ ઓફ એજયુકેશન દ્વારા ઉભી કરવામાં આવી છે.

મીરામ્બિકા કોલેજ ઓફ એજયુકેશન, હરીપર દ્વારા છેલ્લા ૪ વર્ષથી આ પ્રકારના જોબ પ્લેસમેન્ટ દ્વારા ૫૦૦ થી વધુ શિક્ષકો એ જોબ મેળવી છે.

બી.એડ. ના તમાલીમાર્થીઓ માટે અને જોબ મેળવવા ઈચ્છતા તમામ કેન્ડીડેટ માટે આ વિશાળ ‘મેગા જોબ પ્લેસમેન્ટ’ મેળામાં સહભાગી બનવાની ઉતમ તક છે.

આગામી ૧૫ માર્ચ, ૨૦૨૬(રવિવાર) ના રોજ સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ દરમિયાન ગ્રીનવુડ ઈન્ટરનેશનલ સ્કૂલ, હરીપર (પાળ) ખાતે યોજાશે.

આ પ્લેસમેન્ટ મેળાનો મુખ્ય હેતુ રાજકોટની પ્રતિષ્ઠિત અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની શાળઓમાં સીધી રોજગારીની તક પુરી પાડવાનો છે. આ મેળામાં શહેરની અનેક જાણીતી શાળાઓના ટ્રસ્ટીઓ અને આચાર્યઓ ઉપસ્થિત રહીને લાયક શિક્ષકોની પસંદગી કરશે.

# સયાજી હોટલ પાસે રૂ.૪૫ કરોડના ખર્ચે બનશે ફૂડ લેબોરેટરી

## ટેન્ડર પ્રસિદ્ધ કરતું કોર્પોરેશન:લેબ બિલ્ડિંગમાં મેલેરીયા કેન્દ્રનું પણ નિર્માણ કરશે

**અબતક રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ફુડ શાખા દ્વારા લેવામાં આવતાં ખાદ્ય પદાર્થના સેમ્પલ હાલ બરોડા સરકારી લેબમાં પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવી રહ્યાં છે.જેના રિપોર્ટ આવતાં ઘણો સમય નીકળી જાય છે. સરકારી લેબોરેટરીમાં અન્ય નગરપાલિકાઓ અને મહાપાલિકાઓનો રિપોર્ટનો ભરાવો હોવાથી સમયસર રિપોર્ટ મળી શકતા નથી. જેને ધ્યાનમાં લઈ સૌરાષ્ટ્રમાં ફુડ લેબારેટરી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રૂ.૪૫ કરોડના ખર્ચે વોર્ડ નં.૧૦માં કાલાવડ રોડ પર સૈયાજી હોટલની બાજુમાં આરોગ્ય કેન્દ્ર તથા મેલેરિયા સેન્ટર સહિતનું બિલ્ડીંગ તૈયાર થશે. હાલ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

કોર્પોરેશન દ્વારા ફુડ લેબોરેટરી માટે વોર્ડ નં.૧૦માં સૈયાજી હોટલની બાજુમાં ટીપીના પ્લોટની પસંદગી કરી છે. આ સ્થળ ઉપર ફુડ લેબોરેટરી ઉપરાંત આરોગ્ય કેન્દ્ર અને મેલેરિયા સેન્ટર પણ બનાવવામાં આવશે. રૂા.૪૫ કરોડના એસ્ટીમેન્ટનું ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જે કાર્યવાહી પૂર્ણ થયા બાદ ફુડ લેબોરેટરીનું બાંધકામ શરૂ કરવામાં આવશે.રાજકોટ ઉપરાંત અન્ય મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓના ફુડ વિભાગ દ્વારા લેવાતા સેમ્પલની ચકાસણી હવે ઘર આંગણે થઈ શકશે. તેવી જ રીતે સમયસર અખાદ્ય પદાર્થનો રિપોર્ટ મળવાથી વેચાણ કરતાં વિરુદ્ધ પણ તુરંત પગલાં લઈ શકાશે. સૌરાષ્ટ્રની આઠ મહાનગરપાલિકાઓ તેમજ નગરપાલિકાઓને રાજકોટ ખાતે તૈયાર થનાર ફુડ લેબોરેટરીનો લાભ મળી શકશે. તેવી જ રીતે આ સ્થળ ઉપર તૈયાર થનાર મેલેરિયા સેન્ટરનો લાભ પણ રાજકોટ શહેર ઉપરાંત અન્ય મહાપાલિકાઓને પણ મળવા પાત્ર છે.

# યુગદ્રષ્ટા ડો.આંબેડકરના વિચારો અને દર્શન આજની પેઢી માટે આવશ્યક: કુલપતિ ડો. ઉત્પલ જોષી

## ડો બાબા સાહેબ બીઆર આંબેડકર ચેર સેન્ટર દ્વારા કિશોરભાઈ મકવાણાને ભીમ રત્ન એવોર્ડ અર્પણ કરાયો

**અબ તક રાજકોટ**

રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે બાબાસાહેબ ડોક્ટર બી આર આંબેડકર ૧૩ સેન્ટર માં ડોક્ટર આંબેડકરનું શિક્ષણ દર્શન અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ ૧૧ માર્કના રોજ રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર યોજાયો હતો જેમાં કિશોરભાઈ મકવાણાને ભીમ રત્ન એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

ડો. બાબાસાહેબ આંબેડકરે શિક્ષણક્ષેત્રે આપેલા ઐતિહાસિક યોગદાન તથા રાષ્ટ્રીય શિક્ષણનીતિ -૨૦૨૦ના પરિપ્રેક્ષ્યમાં શિક્ષણ ક્ષેત્રમાં સર્જાતા પરિવર્તનો અંગે ચર્ચા કરવા રાષ્ટ્રીય કક્ષાની સંગોષ્ટીનું આયોજન કરવામાં આવેલ. આ સંગોષ્ટીનો મુખ્ય ઉદ્દેશ ડી. આંબેડકરની શિક્ષણદ્રષ્ટિ સામાજિક સમાનતા અને આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં તેમના વિચારોની પ્રામગિકના અંગે વિસ્તૃત ચર્ચા કરવાનો હતો.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ઉત્પન્ન જોષી, બીજરૂપ વકતા પ્રી. નાથાલાલ ગોહિલ, ચેરપર્સન, રાષ્ટ્રીય અનુસુચિત જાતિ આયોગ, ભારત



સરકારના કિશોરભાઈ મકવાણા મુખ્ય મહેમાન અને વકતા તરીકે ઉપસ્થિત રહ્યાહતા, સંસ્કૃત વિભાગ, ઈગ્નુ છે ના પ્રો. કૌશલ પવાર, સરકારી એન્જીનીયરીંગ કોલેજ, રાજકોટના આસિસ્ટન્ટ પ્રોફેસર ડી. આશિષ કે. શુક્લાએ પ્રસંગ ઉચિત વક્તવ્ય આપ્યું હતું ઉદઘાટનસત્રમાં યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવ વી ટી. ગઢવીએ આભારિવિધિ કરી હતી ચેર - સેન્ટરની સલાહકાર સમિતિના સભ્યથીડો બી કે કલાસવા, ડી. શ્રધ્ધા બહેન બારોટ વિવિધ ભવનોના અધ્યક્ષ, રાજ્યભરના વિવિધ યુનિવર્સિટી અને કોલેજોના પ્રાપ્યાપકો, સંશોબડી સમાજિક કાર્યકરો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં સહભાગી થયા હતા

શેર સેન્ટર દ્વારા પ્રતિષ્ઠિત હિંમત નો એવોર્ડ ૨૦૨૫કિશોરભાઈ મકવાણાને અર્પણ કરવામાં આવ્યું હતું ડી. આંબેડકરચેર-સેન્ટર દ્વારા ડો. આંબેડકરજીના જીવન કાર્યો અને તત્વજ્ઞાન પર લઘુશોધ /મહાશોધ નિબંધ લખનાર કુલ ૦૮ સંથોકોને પોસ્ટ ગ્રેજ્યુએટ અને પીએચડી શોધછાત્રોને સ્પેશીયલ ફેલોશીય આપવામાં આવે છે.

ડો. બી. આર. આંબેડકર ચેર-સેન્ટર દ્વારા વર્ષ : ૨૦૨૨ થી

રાષ્ટ્રીય સંગોષ્ઠિને સફળ બનાવવા માટે કુલપતિના સીધા માર્ગદર્શનમાં ચરન્સેન્ટરના ચેરમેન પ્રો. રાજા એન કાથડ સમગ્ર સ્ટાફ, ડો રવિ ધાનાણી, ડો. કાંતિલાલ કાથડ ડો, વિનેશ બામણિયા, મિલનભાઈ વઘેરા, રમીલાબેન વાઢેર, ડો. પ્રકાશ સાકળિયા, સંસ્કૃત ભવનના છાત્રો અને સ્ટાફ એ કાર્યક્રમને સફળ બનાવવા જેહમત ઉઠાવી હતી.

## આર્થિક રીતે નબળા પણ ભણવામાં હોશિયાર વિદ્યાર્થીઓનો ખર્ચ ઉઠાવશે પુજીત રૂપાણી ટ્રસ્ટ

### તેજસ્વી વિદ્યાર્થીઓ માટે રવિવારે ટ્રસ્ટ દ્વારા જ્ઞાનપ્રબોધિની શૈક્ષણીક પ્રોજેક્ટ પ્રવેશ પરીક્ષા

**અબતક, રાજકોટ**

પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા સમાજના પછાત તેમજ છેવાડાના વિસ્તારો માટે ચલાવાઈ રહેલા વિવિધ સેવાકીય પ્રોજેક્ટ અંતર્ગત ભણવામાં તેજસ્વી પરંતુ આર્થિક રીતે નબળા પરિવારોમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે જ્ઞાનપ્રબોધિની શૈક્ષણિક પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે.

ઉપરોક્ત પ્રોજેક્ટ અંતર્ગત ધો.૭માં સરકારી કે ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા આર્થિક રીતે નબળા પરિવારોમાંથી આવતા વિદ્યાર્થીઓ કે જેમણે સાતમાં ધોરણમાં પ્રથમ સેમેસ્ટરમાં ૮૫% કે તેથી વધુ માર્કસ મેળવ્યા છે તેવા વિદ્યાર્થીઓની પ્રવેશ પરિક્ષા ૨૬ એપ્રિલ ૨૦૨૬, રવિવારના રોજ લેવામાં આવશે. પ્રવેશ પરિક્ષામાં સામેલ થવા માંગતા વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષા માટેનું અરજી પત્રક પોતાની શાળા મારફત અથવા ડાયરેક્ટ ટ્રસ્ટના કાર્યાલયેથી તા. ૧૨ માર્ચ ૨૦૨૬, ગુરુવારથી મળી શકશે. પ્રવેશ પત્રક સાથે વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો કલર ફોટો તથા ધો.૭ ની પ્રથમ સેમેસ્ટરની માર્કશીટની નકલ આપવાની રહેશે.

પ્રવેશ પરિક્ષામાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને મેરીટ મુજબ પસંદ કરી તેઓને ધો.૮ માં શહેરની શ્રેષ્ઠ શાળાઓમાં એડમીશન અપાવી ધો.૧૨ સુધીનો તમામ શૈક્ષણિક ખર્ચ ટ્રસ્ટ ઉઠાવશે જેમાં સ્કૂલ ફી, પુસ્તકો, નોટબુક્સ, માર્ગદર્શીકાઓ, પેન્સીલ, રબ્બર, બોલપેન, યુનિફોર્મ તથા સાયકલનો પણ સમાવેશ થાય છે તેમજ લાભાર્થી વિદ્યાર્થીઓ માટે ટ્રસ્ટના બિલ્ડીંગમાં ગ્રુપ ટ્યુશનની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.ઉપરાંત તેમના આરોગ્યની કાળજી પણ ટ્રસ્ટ દ્વારા લેવાય છે. સાથોસાથ ટ્રસ્ટીશ્રીઓ અને જ્ઞાનપ્રબોધિનીની કમિટિ મેમ્બર્સના વ્યકિતગત માર્ગદર્શન દ્વારા ઉચ્ચ કારકિર્દીના ઘડતર માટે સહાયરૂપ થવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

૨૬ એપ્રિલ ૨૦૨૬, રવિવારે યોજનારી પ્રવેશ પરિક્ષા માટે લાયક હોય તેવા તમામ વિદ્યાર્થીઓને પોતાની શાળા મારફત અથવા ડાયરેક્ટ ટ્રસ્ટના કાર્યાલયનો સંપર્ક સાધી અરજીપત્રક મોડામાં મોડું ૨૦ એપ્રિલ ૨૦૨૬, સોમવાર સુધીમાં પહોંચાડી આપવા માટે ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલીબેન વિજયભાઈ રૂપાણીએ એક યાદીમાં જણાવેલ છે. વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો ફોન નં.(૦૨૮૧) ૨૭૦૪૫૪૫ દ્વારા અથવા ટ્રસ્ટના કાર્યાલય ''કિલ્લોલ'', ૧-મયુરનગર, મહાપાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ- ખાતે રૂબરૂ સંપર્ક સાધવા જણાવાયું છે.

### વિશ્વ કિડની દિવસે યાદ રાખવા જેવી વાત

## કિડનીના રોગ માટે જાગૃતિ અને સમયસરની સારવાર જ ઉત્તમ ઉપાયઃ ડો. ભરત બોધરા

### કે.ડી. પરવાડિયા મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ આટકોના ચેરમેન પૂર્વ ધારાસભ્ય ડો. ભરતભાઈ બોધરાની કિડનીના જતન માટે સજાગ રહેવા જનતાને અપીલ

**અબતક, રાજકોટ**

વિશ્વ કિડની દિવસ નિમિત્તે પૂર્વ ધારાસભ્ય અને કે. ડી. પરવાડિયા મલ્ટી સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ-આટકોટના ચેરમેન ડો. ભરતભાઈ બોઘરાએ જનતાને કિડનીના સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહેવા અને આધુનિક ચિકિત્સા પદ્ધતિનો લાભ લેવા ભાવભરી અપીલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના વરદ હસ્તે જયારે કે. ડી. પરવાડિયા હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું, ત્યારે અમારો એક જ લક્ષ્ય હતો - ''કોઈ પણ ગરીબ દર્દી સારવારના અભાવે પીડાવવો જોઈએ નહીં.'' લોકાર્પણથી અત્યાર સુધી એટલે કે સાડા ત્રણ વર્ષમાં સોળ હજાર થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓએ અહીં કિડની સંબંધિત બીમારીઓ અને ડાયાલિસિસની અત્યાધુનિક સારવારનો લાભ લીધો છે, જે આ વિસ્તારના લોકોનો હોસ્પિટલ પ્રત્યેનો અતૂટ વિશ્વાસ દર્શાવે છે.

કે. ડી. પરવાડિયા હોસ્પિટલ હોસ્પિટલની વિશેષતાઓ જણાવતા ડો. બોઘરાએ ઉમેર્યું કે જર્મન ટેકનોલોજીના ડાયાલિસિસ મશીનઃ કે. ડી.



પરવાડિયા હોસ્પિટલ ખાતે વિશ્વવિખ્યાત જર્મન ટેકનોલોજી ધરાવતા અત્યાધુનિક ડાયાલિસિસ મશીનો દ્વારા સારવાર આપવામાં આવે છે. આ ટેકનોલોજી દર્દીઓને વધુ સચોટ, સલામત અને અસરકારક સારવારની ખાતરી આપે છે. અનુભવી નેફ્રોલોજિસ્ટ અને કુશળ ટેકનિશિયનોની ટીમ દ્વારા 24 x 7 સેવાનું કાર્ય ચાલે છે.

રાહત દરે સેવાઃ આટલી મોંઘી અને આધુનિક ટેકનોલોજી હોવા છતાં, સામાન્ય પરિવારના દર્દીને પોસાય તે રીતે રાહત દરે ડાયાલિસિસ કરી આપવામાં આવે છે.

વિશ્વ કિડની દિવસના અવસરે ડો. ભરતભાઈ બોઘરાએ સૌને નમ્ર અપીલ કરતા કહ્યું કે, ''કિડની આપણા શરીરનું મહત્વનું ફિલ્ટર છે. જો પેશાબમાં તકલીફ, શરીરે સોજા કે નબળાઈ જેવા લક્ષણો જણાય, તો અંધશ્રદ્ધા કે અપ્રમાણિત દવાઓમાં સમય વેડફવાને બદલે જર્મન ટેકનોલોજી જેવી આધુનિક પદ્ધતિ અને નિષ્ણાત ડોકટરનો સંપર્ક કરો. યોગ્ય સમયે લેવાયેલું નિદાન જ તમારી કિડની બચાવી શકે છે.

(પહેલા પાનાનું ચાલુ)

### ચૂંટણી...

વિકાસમાં હજી મતદારોને સમજાવવામાં કોઈ મુશ્કેલી પડે તેમ નથી કે વર્તમાન સ્થિતિના નિર્માણ માટે રાજય કે કેન્દ્ર સરકાર જવાબદાર નથી ઈરાન-ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે ના યુધ્ધના કારણે વિકટ વેળા આવી છે. પરંતુ ગામડાની જનતાનાં ગળે વાત ઉતારવા ખૂબજ કઠીન જ નહી પરંતુ અશકય જેવી છે યુધ્ધ ઝડપથી પૂર્ણ થઈ જાય તેવું ભારત સહિતના દેશો ઈચ્છી રહ્યા છે. પરંતુ જો આવું ન થાય તો આગામી દિવસોમા સ્થિતિ કલ્પનાતીત હદ સુધી વકરી શકે છે. જેની સીધ્ધી અસર સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના પરિણામ પર પડી શકે છે.

આમ પણ રાજયમાં કાળઝાળ ગરમી શરૂ થઈ ગઈ છે. એપ્રીલ માસનાં અંતમાં કે મે માસના પ્રથમ સપ્તાહમાં મતદાનની તારીખ હોય તો પણ કાળઝાળ તડકાના કારણે મતદાનની ટકાવારી પણ અસર પડી શકે તેમ છે. ઓછુ મતદાન હંમેશા ભાજપ માટે નુકશાન કારક બની રહે છે. મેં માસથી મોડી ચૂંટણી આપવી સરકારને પોષાય તેમ નથી કારણ કે ત્યારબાદ ચોમાસાની સિઝન શરૂ થઈ જાય છે. અને પછી તહેવારોની સ્થિતિ આવી જાય છે. જો ચૂંટણી માટેનું સાનુકુળ વાતાવરણ નહી બને તો સરકાર દિવાળી પછી પણ ચૂંટણી યોજી શકે છે. તેવી શકયતા પણ એક વર્ગ વ્યકત કરી રહ્યો છે. બીજી એક સંભાવના એવી પણ છે કે વસતી ગણતરીની કામગીરી પૂર્ણ થયા બાદ નવા સિમાંકન મુજબ ચૂંટણી આપી શકાય તેવો અંતિમ વિકલ્પ પણ સરકાર પાસે બચ્યો છે. વહીવટદાર શાસન લાંબુ ચાલે તેવી શકયતા પણ હાલના તબકકે દેખાય રહી છે. યુધ્ધની અસર સ્થાનીક કક્ષાએ વધુ દેખાવા માંડે તે પૂર્વે સરકાર ચૂંટણી પુરી કરાવી લેવા ઈચ્છે છે પરંતુ તેવું વાતાવરણ હાલ બનતુ નથી.

### ઈરાન...

મેળવવાના પ્રયાસો શરૂ કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે અમેરિકા અને ઝાયોનિસ્ટ શાસન એટલે કે, ઇઝરાયલ, વર્તમાન કટોકટી માટે સીધા જવાબદાર છે અને તેમની ક્રિયાઓ માટે તેમને જવાબદાર ઠેરવવા જોઈએ. જો કે, યુદ્ધના બીજા અઠવાડિયામાં પણ, તણાવ ઓછો થવાના કોઈ નક્કર સંકેતો નથી. એ જોવાનું બાકી છે કે શું અમેરિકા અને ઇઝરાયલ ઈરાનની માંગણીઓ પર ધ્યાન આપશે કે શું આ યુદ્ધ વધુ ખતરનાક સંઘર્ષમાં ફેરવાશે. આ યુદ્ધની આગ ફક્ત સરહદો સુધી મર્યાદિત નથી; તે સમગ્ર વૈશ્વિક અર્થતંત્રને અસર કરી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટના મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગમાં વધતા તણાવને કારણે તેલ અને ગેસ પુરવઠા પર ગંભીર અસર પડી છે. તેલ ટેન્કરોની અવરજવર બંધ થવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં ઇંધણના ભાવ આસમાને પહોંચી ગયા છે, જેના કારણે વૈશ્વિક ફુગાવામાં વધારો થવાની આશંકા છે. નિષ્ણાતો માને છે કે જો આ તણાવ ટૂંક સમયમાં ઓછો કરવામાં નહીં આવે, તો ઉર્જા સંકટ વધુ ઘેરું બની શકે છે, જેની સીધી અસર સામાન્ય લોકોના ખિસ્સા પર પડશે.

### દુબઈ હરકતમાં...

સિટીબેંક જેવી મોટી સંસ્થાઓએ જાહેરાત કરી છે કે તેમની અનેક શાખાઓ ૧૨ થી ૧૪ માર્ચ દરમિયાન બંધ રહેશે. જેપી મોર્ગન, બેંક ઓફ અમેરિકા અને મોર્ગન સ્ટેન્લી જેવી અન્ય મોટી બેંકોએ પણ 'બિઝનેસ કંટીન્યુટી પ્લાન' સક્રિય કર્યો છે.ગૂગલ, માઈક્રોસોફ્ટ અને એનવીડિયા જેવી કંપનીઓએ તેમના પ્રાદેશિક સ્ટાફને સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવા જણાવ્યું છે. ગૂગલે તેના કલાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્વના સ્ટાફ સિવાયના તમામ કર્મચારીઓને ફરજિયાત વર્ક-ફ્રોમ-હોમ સોંપ્યું છે.

### ટેલીગ્રામ...

અનધિકૃત વિતરણ સાથે સંકળાયેલી ૨,૦૦૦ થી વધુ લિંક્સ સામેલ હતી. સરકારે સૂચના આપી છે કે કોઈપણ રીતે પુરાવા સાથે ચેડાં કર્યા વિના આ ચેનલો ત્રણ કલાકની અંદર હટાવી દેવામાં આવે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પગલું ઓનલાઈન પાયરસીને ડામવા અને ડિજિટલ કન્ટેન્ટ નિર્માતાઓના બૌદ્ધિક સંપદા અધિકારોના રક્ષણ માટેના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. આ કાર્યવાહી આઈટી એક્ટની કલમ ૭૯(૩)(બી) હેઠળ કરવામાં આવી છે, જે ગેરકાયદેસર સામગ્રી અંગે સરકારની નોટિસ પછી કાર્યવાહી ન કરવા પર પ્લેટફોર્મ્સને મળતું કાનૂની સંરક્ષણ પાછું ખેંચે છે.

### ચાર ધામ...

કેદારનાથના દ્વાર ૨૨ એપ્રિલે અને બદ્રીનાથના દ્વાર ૨૩ એપ્રિલે ખુલશે. માત્ર એ જ લોકો આવે જેમને આ ધર્મમાં અતૂટ શ્રદ્ધા છે. આગામી ચારધામ યાત્રાની તૈયારીઓ માટે મંદિર સમિતિએ કુલ રૂ. ૧૨૧ કરોડનું બજેટ ફાળવ્યું છે. આ રકમનો ઉપયોગ ભક્તોની સુવિધા અને મંદિરના વ્યવસ્થાપન માટે થશે. કેદારનાથ ધામમાં રૂ. ૬૩.૬ કરોડ અને બદ્રીનાથ ધામમાં રૂ. ૫૭.૫ કરોડ ફાળવણી કરી છે.

### ક્રૂડના ભાવ...

ઉપરાંત, એકલા અમેરિકાએ પણ અલગથી ૧૭.૨ કરોડ બેરલ તેલ આગામી સપ્તાહથી મુક્ત કરવાની જાહેરાત કરી છે. આમ છતાં, બજારમાં પુરવઠાની અછતનો ડર એટલો હાવી છે કે ભાવ ઘટવાને બદલે સતત વધી રહ્યા છે.

### રશિયાથી આવતું ક્રૂડ...

હતી, જે માર્ચમાં ઘટીને ૪.૫ એમબીડી થઈ ગઈ છે. એનર્જી એનાલિસ્ટ્સના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં ક્રૂડ ઓઈલના કાર્ગોની સંખ્યામાં હજુ વધુ ઘટાડો થવાની સંભાવના છે. આ મહિને સપ્લાય પહોંચાડનારા મોટાભાગના જહાજો સંઘર્ષ ફાટી નીકળ્યો તે પહેલાં જ તેમના મૂળ બંદરોથી રવાના થઈ ગયા હતા, તેથી આવનારા દિવસોના સપ્લાય પર તેની સીધી અસર જોવા મળશે. કેપ્લરના લીડ એનાલિસ્ટ સુમિત રિટોલિયાના જણાવ્યા અનુસાર, અમેરિકા દ્વારા ભારતને રશિયન બેરલ ખરીદવાનું ચાલુ રાખવાની છૂટ મળવાથી વેપારના પ્રવાહમાં નોંધપાત્ર વધારો થયો છે અને ભારત અગાઉના બેઝલાઈન સ્તર કરતાં વધુ વોલ્યુમ આયાત કરવામાં સક્ષમ બન્યું છે. માર્કેટ ટ્રેકિંગ દર્શાવે છે કે રશિયન ક્રૂડના મોટાભાગના કાર્ગો હાલમાં દરિયામાં છે અને ખાસ કરીને ભારતીય બંદરો તરફ આગળ વધી રહ્યા છે.

### અમેરિકા...

અમેરિકાને લાગે છે કે આ દેશો જરૂરિયાત કરતાં વધુ માલ બનાવીને અમેરિકામાં ઠાલવી રહ્યા છે, જેના કારણે અમેરિકન ઉદ્યોગોને નુકસાન થાય છે. આ ઉપરાંત, સરકારી સબસિડી, ઓછા વેતન અને ચલણમાં ગેરરીતિ જેવી બાબતોની પણ તપાસ થશે. તપાસ ખૂબ જ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. એપ્રિલ ૧૫ સુધી લોકોના મંતવ્યો લેવાશે અને મે મહિનામાં સુનાવણી થશે. આશા છે કે જુલાઈ સુધીમાં નવા ટેરિફ લાદવામાં આવશે.

એક અલગ તપાસમાં જો કોઈ દેશમાં મજૂરો પાસે જબરદસ્તીથી કામ કરાવીને માલ બનાવવામાં આવતો હશે, તો તેવા ૬૦ જેટલા દેશોના માલ પર અમેરિકા પ્રતિબંધ મૂકી શકે છે. ભારત આ યાદીમાં હોવાથી ભારતની નિકાસ પર સીધી અસર પડી શકે છે.

(ચોથા પાનાનું ચાલુ)

### યુરોકેર હોસ્પિટલ...

આવ્યું હતું. આ સાથે જ ડો. જીતેન્દ્ર અમલાણીએ કિડનીના રોગોથી કેવી રીતે બચી શકાય, સમયસર નિદાનનું મહત્વ અને કિડનીને સુરક્ષિત રાખવાના ઘરગથ્થુ ઉપાયો વિશે વિસ્તૃત તબીબી માર્ગદર્શન આપ્યું હતું.

### અબતક ફાર્મ...

કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે ભકિતરામ બાપુએ અબતકના મેનેજિંગ તંત્રી સતીષકુમાર મહેતા સાથે સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી અને સંસ્થાને પોતાના આશીર્વચન પાઠવ્યા હતા. કેતનભાઈ સોનીએ બાપુના આગમન બદલ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી અને આ ક્ષણને ફાર્મ માટે ગૌરવરૂપ ગણાવી હતી. પૂજય બાપુના સાનિધ્યમાં ધારીના અબતક ફાર્મ ખાતે ભક્તિ, સેવા અને સમર્પણનો અદ્ભુત ત્રિવેણી સંગમ રચાયો હતો. આ મુલાકાતથી ફાર્મ સાથે જોડાયેલા તમામ લોકોમાં આધ્યાત્મિક આનંદની લહેર પ્રસરી ગઈ હતી.

### મલાબાર ગ્રુપ...

તરીકે ઉભરી છે. પોતાની ખુશી વ્યક્ત કરતા મલાબાર ગ્રુપના ચેરમેન એમ. પી. અહમદે જણાવ્યું હતું કે, 'બિઝનેસ ભૂષણ એવોર્ડ પ્રાપ્ત કરવો મારા માટે ગૌરવની બાબત છે. આ સન્માન સમગ્ર મલાબાર પરિવારની સંયુક્ત મહેનત અને વર્ષો સુધી અમારા ગ્રાહકો દ્વારા આપેલા વિશ્વાસનું પ્રતિબિંબ છે. અમારી સફર હંમેશા જવાબદારી, પ્રમાણિકતા અને તમામ હિત ધારકોની સંયુક્ત વૃદ્ધિના સિદ્ધાંત પર આધારિત રહી છે. અમે સમાજ માટે લાંબાગાળે મૂલ્ય સર્જવાની પ્રતિબદ્ધતા સાથે દરેક કાર્યમાં શ્રેષ્ઠતા મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ.

૧૯૯૩માં સ્થાપાયેલી મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સ જવાબદાર અને પારદર્શક જ્વેલરી રિટેલ વ્યવસાયને પ્રોત્સાહન આપનાર અગ્રણી કંપની તરીકે ઓળખાય છે. કંપનીએ રોજગાર સર્જન, સંગઠિત રિટેલ ક્ષેત્રને મજબૂત બનાવવામાં તેમજ ગ્રાહકોને વિશ્વસ્તરીય ડિઝાઈન અને સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આજે બ્રાન્ડ વિશ્વના ૧૪ દેશોમા ફેલાયેલા તેના ૪૨૫ શોરૂમ્સ દ્વારા ભારતની કારીગરી અને પરંપરાને વૈશ્વિક સ્તરે રજૂ કરી રહી છે. ડિઝાઈન, મેન્યુફેક્ચરિંગથી લઈને રિટેલ સુધી સમગ્ર વેલ્યુચેઈનને એકત્રિત કરીને બ્રાન્ડે જ્વેલરી ઉદ્યોગમાં નવી દિશા આપીછે.

વ્યવસાયિક વૃદ્ધિ ઉપરાંત એમ. પી. અહમદે કંપનીની શરૂઆતથી જ સીએસઆર અને ઈએસજી પ્રતિબદ્ધતાઓને વ્યવસાય મોડેલમાં સામેલ કરી છે. કંપની પોતાના નફાના ૫ ટકા ભાગ શિક્ષણ, આરોગ્ય સંભાળ, રહેણાંક સહાય અને મહિલાઓના સશક્તિકરણ જેવા કાર્યક્રમોમાં ખર્ચેછે, જેના લાભ કંપની કાર્યરત છે તે વિવિધ પ્રદેશોના સમાજને મળી રહ્યા છે.

### ન્યૂઝ કેપિટલ માર્કેટ...

એમડી મિલન પરીખ, કુવરજી ગ્રુપના એકચેરમેન નયન કુંવરજી, સ્ટેટ ફાઈનાન્સ કમિશનના પ્રમુખ યમલ વ્યાસ દ્વારા ચર્ચા કરવામાં આવી. અહીં યમન વ્યાસે શેરબજારનો ઐતિહાસિક સંદર્ભ આપ્યો હતો. ત્રીજી બેઠક ફાર્માસ્યુટિકના વિષયને લઈ યોજાઈ હતી. જેમાં વીરલ સીટવાલા, ડો.ભરત પટેલ અને પ્રફુલ પાનસેરિયા જોડાયા હતા. મંત્રી પ્રફુલ પાનસેરિયાએ કહ્યું, કોઈને એવું થાય કે દરદીને રોજની ડાયાબીટીસ કે બીપીની દવા જોઈતી હોય, કે થેલેસેમિયા જેવા ગંભીર રોગો છે, જે કાયમી દવાઓ જોઈતી હોય, ઈન્જેકશન આ બધી જ વ્યવસ્થા સરકાર દ્વારા વિનામૂલ્યે કરવામાં આવે છે. મહિલાઓન લઈ યોજાયેલી પેનલ ડિસ્કશનનો વિષય ધ હ્યુમન બ્લ્યુપ્રિન્ટ રાખવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતના મંત્રી મનીષાબેન વકીલ અને આશાબેન વઘાસિયા જોડાયા હતા. બપોર બાદ યોજાયેલી બેઠકમાં ગુજરાત ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ સ્ટેબલ ગવર્નન્સ મુ સંવાદ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, કદાચ આજના યુવાનને હું કહું કે આપણે અહીંથી સૌરાષ્ટ્ર પાણી ટ્રેનના માધ્યમથી મોકલતા હતા. તો આજના યુવાનને ખબર નહીં હોય. આજના યુવાનને એવું જ છે કે ચોમાસું હોય એટલે વરસાદ પડી જ જાય શિયાળામાં ઠંડી વાય, ઉનાળામાં ગરમી થાય, પણ પાણી ટ્રેનના માધ્યમથી મોકલતા એ કદાચ સપના જેવુ લાગે છે.

કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયા, મંત્રી પ્રવીણ માળી અને કૌશિક વેકરિયાએ ગ્રીન એનર્જી-ક્લીન એનર્જી મુદ્દે વાર્તાલાપ કર્યો હતો. અર્જુનભાઈએ કહ્યું હતું કે, જે પડકાર છે આ સદીનો, ભારત માટે વિકાસનો પડકાર છે. અને ભારત અને દુનિયા માટે કલાયમેટ ચેન્જને રોકવાનો અને એમાં પોઝિટિવ ચેન્જીસ લાવવાનો પડકાર પણ એટલો જ મોટો છે. કેબિનેટમંત્રી જીતુ વાઘાણી, દિનેશ કુંભાણી, જ્યોતીન્દ્ર મહેતાએ ધ કો ઓપરેટિવ કેટાલીસ્ટ વિશે વાત કરેલી. જીતુ વાઘાણીએ કહ્યું હતું કે, ગ્રામીણ ક્ષેત્રનું અર્થતંત્ર મજબૂત થાય તેનું કામ પ્રધાનમંત્રી મોદીએ કર્યું છે. સ્પીકર શંકરભાઈ ચૌધરીએ ધ મિલ્ડ મિલિયન્સ વિષય પર સંવાદ કર્યો હતો. તેમણે આવનારા સમયમાં પશુપાલનને લઈને આવતી સમસ્યા વિશે વાત કરતાં શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે આવનાર સમયમાં જે સૌથી મોટી સમસ્યા છે એ ફોડર, ફીડ અને હિટ ટોલરન્સીની છે. ગરમી એ આવનાર સમયમાં પશુપાલનની અંદર મોટી સમસ્યા બનવા જઈ રહી છે. પશુઓ માટે હિટ ટોલરન્સીની સમસ્યા દેખાય છે.

### જીટીયુ...

મુજબ ૧૦ માંથી ૯.૭ મેળવી બીજો રેન્ક, ખુશાલી પરેશભાઈ અકબરી (સી.ઈ.) સી.પી.આઈ. મુજબ ૧૦ માંથી ૯.૮ મેળવી બીજો રેન્ક, હિરવા અલ્પેશભાઈ પીપળીયા (સી.ઈ.) સી.પી.આઈ. મુજબ ૧૦ માંથી ૯.૮ મેળવી બીજો રેન્ક, ધ્રુવી મુકેશભાઈ પધરા (કેમિકલ) સી.પી.આઈ. મુજબ ૧૦ માંથી ૯.૫ મેળવી ચોથો રેન્ક, સૌમ્ય યોગેશકુમાર જોષી (ઈ.સી.) સી.પી.આઈ. મુજબ ૧૦ માંથી ૯.૫ મેળવી ચોથો રેન્ક, પાર્થ પ્રવીણભાઈ સોનાગ્રા (આ.ટી.) સી.પી.આઈ. મુજબ ૧૦ માંથી ૯.૫ મેળવી પાંચમો રેન્ક પ્રાપ્ત કરેલ છે.

આ તકે સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુક્લ, ડો.સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો.નરેન્દ્રભાઈ દવે, ડો.નવિનભાઈ શેઠ, આચાર્ય ડો.પિયુષભાઈ વણઝારા, તમામ વિભાગના વડાઓ તથા સમગ્ર કર્મચારીગણ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### બીએચ ગાર્ડી કોલેજ...

કાર્યક્ષમતા અને લિકિવડિટી વધારવામાં ડેરિવેટિવ્ઝની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે સ્પષ્ટતા પણ મેળવી હતી. સેશનના અંતમાં ટ્રેડિંગ વ્યૂહરચનાઓ અને નાણાકીય બજારમાં કારકિર્દી તકો અંગે વિદ્યાર્થીઓએ પ્રશ્ન પૂછ્યા હતા. એમ.બી.એ. વિભાગના વડા પ્રો. નિલેશ અંકલેશ્વરિયાએ નિષ્ણાતનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે આ પ્રકારના ઉદ્યોગમુખી સત્રો વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન સાથે સજ્જ કરે છે.

(૧૧માં પાનાનું ચાલુ)

### વહીવટદાર રેમ્યા મોહન...

કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરીમાં હાલ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટનું કામ ચાલી રહ્યું છે. જેનું પણ તેઓએ નિરિક્ષણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે રેમ્યા મોહનની રાજકોટ મહાપાલિકાના ૧૧માં વહીવટદાર તરીકે નિયુક્તી કરવામાં આવી છે. આ પૂર્વે એન.એમ.બિજલાણી, સી.સી.ડોક્ટર, કે.એ.વરદાન, એન.એમ.બિજલાણી, સી.આર.સમાજપતિ, આર.રામભદ્રન, અશોક કોશી, અશોક નારાયણ, પી.એન.રોય ચૌધરી અને જી.આર.અલોરીયા પણ વહીવટદાર રહી ચુક્યા છે.

### પ્રભારીની મેરેથોન બેઠક...

કોઈ સૂચન હોય તો તે પણ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું હતું.

પ્રભારી અનિરૂદ્ધભાઈ દવેની આ બેઠકને શહેર ભાજપના જૂના જોગીઓ ભલે પરિચય બેઠક ગણાવી રહ્યા હોય પરંતુ આ બેઠક અનેક રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. કારણ કે કોર્પોરેશનની ચૂંટણીના આડે હવે માત્ર બે મહિના જેટલો સમય બાકી રહ્યો છે ત્યારે તમામ નેતાઓને જૂથવાદના દળદળમાંથી બહાર નીકળી પક્ષને મજબૂત બનાવવા કામે લાગી જવા આડકતરી તાકીદ કરી દેવામાં આવી છે. આ પરિચય બેઠકમાં ધારાસભ્યો અને સાંસદ સભ્યો પણ અપેક્ષિત હતા પરંતુ હાલ સંસદ અને વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું હોવાના કારણે તેઓ હાજર રહી શક્યા ન હતા.

(૧૨માં પાનાનું ચાલુ)

### અભિષેક

(ચાર સ્થાન આગળ વધીને છઠ્ઠા ક્રમે) અને ઈંગ્લેન્ડનો જેકોબ બેથેલ (૧૭ સ્થાનના ઉછાળા સાથે ૧૬મા ક્રમે) પણ વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શનના આધારે કારકિર્દીનું શ્રેષ્ઠ રેન્કિંગ મેળવ્યું છે. ટી૨૦ બોલિંગના રેન્કિંગમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. ભારતનો સ્પિનર વરુણ ચક્રવર્તી તેનું પ્રથમ સ્થાન ગુમાવી બેઠો છે અને અફઘાનિસ્તાનનો સ્પિનર રાશિદ ખાન હવે નવો નંબર વન બોલર બની ગયો છે. વરુણ ચક્રવર્તી ૭૪૦ પોઈન્ટ સાથે બીજા સ્થાને પહોંચી ગયો છે. રાશિદ ખાનઃ ૭૫૩ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે અને તેની ટીમ ગ્રૂપ સ્ટેજમાંથી જ બહાર થઈ ગઈ હોવા છતાં તેણે ટોચનું સ્થાન મેળવ્યું છે. અન્ય બોલરોમાં આદિલ રાશિદ (ચોથા સ્થાને), જસપ્રિત બુમરાહ (છઠ્ઠા સ્થાને) અને અક્ષર પટેલે (૧૭મા સ્થાને) આ વર્લ્ડ કપમાં સારા પ્રદર્શનને કારણે રેન્કિંગમાં સુધારો કર્યો છે. આ ઉપરાંત ઓલરાઉન્ડરની રેસમાં પણ રસાકસી જોવા મળી છે. ઝિમ્બાબ્વેના કેપ્ટન સિકંદર રઝા અને ભારતીય સ્ટાર હાર્દિક પંડ્યા તેમની કારકિર્દીના સર્વોચ્ચ રેટિંગ સાથે પ્રથમ બે સ્થાને યથાવત છે.

### હાર્દિક પંડ્યા

નોંધવામાં આવી છે. હાર્દિક પંડ્યા સામે પુણેના શિવાજીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રધ્વજનું સન્માન કરવું એ દરેક નાગરિકની ફરજ છે અને જો તેની સાથે અયોગ્ય વર્તન કરવામાં આવે તો સંબંધિત કાયદા હેઠળ કાર્યવાહી થવી જોઈએ. વકીલ વાજિદ ખાન અરજી કરી દ્વારા ફરિયાદ દાખલ કરાઈ હોવાની બુધવારના રોજ પોલીસ અધિકારીઓએ પુષ્ટિ કરી.

વિજય બાદ, ખેલાડીઓએ તેમના પરિવાર અને સાથી ખેલાડીઓ સાથે મેદાન પર ઉજવણી કરી હતી, અને આના ઘણા ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. હાર્દિકે તેની ગર્લફ્રેન્ડ સાથે ભારતીય ધ્વજ પહેરીને ઉજવણી પણ કરી હતી.ટી૨૦ વર્લ્ડ કપની ઉજવણીમાં હાર્દિક પંડ્યા ભાન ભૂલ્યો અને રાષ્ટ્રધ્વજનું અપમાન કર્યું. જેને લઈને એક વકીલ દ્વારા ફરિયાદ કરવામાં આવી.

(છેલ્લા પાનાનું ચાલુ)

### આંબરડી સફારી પાર્ક...

૯૪,૮૨૪ પ્રવાસીઓ આવ્યા હતા, જે ૨૦૨૫ માં વધીને ૧,૧૨,૫૪૫ થઈ ગયા છે. આ બે વર્ષમાં પાર્કે કુલ રૂ. ૩.૫ કરોડની આવક કરી છે. ગીર સુધી લાંબા થયા વગર સિંહ જોવાનો આ સૌથી ટૂંકો અને સરળ રસ્તો છે. અમરેલી અને ધારી જેવા વિસ્તારોમાં પ્રવાસન વધવાથી સ્થાનિક રોજગારી વધે છે. જે પ્રવાસીઓ દીવ કે તુલસીશ્યામ ફરવા જતા હોય, તેમને સિંહ જોવા માટે સાસણ ગીર સુધી લાંબો ધક્કો ખાવો પડતો નથી. આ પાર્ક હાઈવેની નજીક હોવાથી સમય અને શક્તિ બંને બચે છે. સ્થાનિક પ્રવાસીઓ વધ્યા છે, પણ વિદેશીઓ હજુ ઓછા છે (બે વર્ષમાં માત્ર ૨૮ વિદેશી પ્રવાસીઓ આવ્યા). અત્યાર સુધી સિંહ એટલે માત્ર 'સાસણ ગીર' એવું મનાતું હતું, પણ હવે અમરડી સફારી પાર્ક એક મજબૂત પર્યાય તરીકે ઉભરી આવ્યું છે. તે સાબિત કરે છે કે ગુજરાતમાં વન્યજીવ પ્રવાસનનો વ્યાપ વધી રહ્યો છે અને લોકો નવા સ્થળો અપનાવી રહ્યા છે. પ્રવાસીઓને ખબર પડે કે સિંહ જોવા માટે સાસણ ગીર સિવાય ગિરનાર સફારી અને અમરડી જેવા શ્રેષ્ઠ વિકલ્પો પણ ઉપલબ્ધ છે, જેથી ગીરમાં ભીડ ઓછી થાય.

### ધારી વન વિભાગ...

પાણી માટે ભટકવું ના પડે એ માટે આગોતરા આયોજનના ભાગરૂપે ગીર પૂર્વ વન વિભાગના જંગલ તેમજ રેવન્યુ એરિયામાં વન્ય પ્રાણીઓ માટે પાણીના પોઈન્ટ ઊભા કરવામાં આવ્યા હતા.

હાલ સંપૂર્ણ ગીર વિસ્તારમાં ૮૩૯ કરતા પણ વધારે માત્ર સિંહ ની સંખ્યા છે દિપડા પણ જંગલમાં જોવા મળે છે સાથે તૃણાહારી પ્રાણીઓનો પણ વસવાટ છે હાલ ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે સામાન્ય તાપમાન ૩૮ ડિગ્રી સુધી પહોંચીજાય છે સામાન્ય માણસ ને પણ ઉનાળામાં પાણીની જરૂરિયાત વધારે રહે છે ત્યારે વન્ય પ્રાણીઓમાં ગરમીમાં પાણી નીજરૂરિયાત ખૂબ જ થાય છે પાણી માટે વન્ય પ્રાણીને જ્યાં ત્યાં રખડવું ના પડે તે માટે વન વિભાગ દ્વારા સોલાર થી ચાલતા પાણીના સોર્સ વન વિભાગના ટેન્કરો દ્વારા પાણીનું પરિવહન સાથે પવનચક્કીથી પાણીના પોઈન્ટ ઊભા કરવામાં આવ્યા છે

### જળાશયોમાં પર્યાપ્ત જળ...

સરખામણીએ આ વર્ષે પાણીનો જથ્થો ૪.૧૫ ટકા વધારે એટલે કે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ગુજરાત જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં જ હાલની સ્થિતિએ ૭૪ ટકાથી વધુ એટલે કે ૨.૪૭ લાખ એમસીએફટી પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. રાજ્યમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૨.૩૪ લાખથી વધુ એમસીએફટી પાણીનો જથ્થો જળાશયોમાં ઉપલબ્ધ છે. આ સિવાય મધ્ય ગુજરાતમાં ૬૫,૧૭૯ એમસીએફટી , ઉત્તર ગુજરાતમાં ૪૧,૮૪૨ એમસીએફટી , સૌરાષ્ટ્રમાં ૫૩,૬૨૧ અને કચ્છ વિસ્તારમાં ૪,૩૯૨ એમસીએફટી એમસીએફટી પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે.

### અભયમ...

જ ૧૨ વર્ષ પૂર્ણ કર્યા છે. આ સમયગાળા દરમિયાન કુલ ૧૮ લાખથી વધુ કોલ્સ એટેન્ડ કરવામાં આવ્યા છે. અમદાવાદ જિલ્લાના કો-ઓર્ડિનેટર સતીષ કાડિયાના જણાવ્યા અનુસાર, ૨૦૨૫ના ડેટા મુજબ ૬૮% કેસ કાઉન્સિલિંગ અથવા સ્થળ પર જઈને ઉકેલવામાં આવે છે, જ્યારે ૨૬% ગંભીર કિસ્સાઓમાં પોલીસ કે સામાજિક ન્યાય વિભાગની મદદ લેવામાં આવે છે. અમદાવાદ વુમન એક્શન ગ્રુપના સેક્રેટરી ઝરણા પાઠકે જણાવ્યું હતું કે, આ આંકડાઓ માત્ર સમસ્યાઓ જ નહીં પરંતુ મહિલાઓમાં આવેલી જાગૃતિ પણ દર્શાવે છે. હવે મહિલાઓ અન્યાય સામે મૌન રહેવાને બદલે સિસ્ટમની મદદ લેતી થઈ છે, જે લાંબાગાળે સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

### ગુજરાતના ૪૯.૫૯ લાખ ખેડુતો...

કક્ષાથી લઈને ગ્રામ્ય કક્ષા સુધી, જિલ્લા, તાલુકા તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, માર્કેટ યાર્ડ, ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન, પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો, પ્રાઈમરી એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટી ખાતે પણ આ કાર્યક્રમનું આયોજન કરીને વડાપ્રધાનના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આ કાર્યક્રમોમાં વિવિધ પદાધિકારી-અધિકારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહેશે. પીએમ-કિસાન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ભારતના કુલ ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને ૨૧ હપ્તાના માધ્યમથી કુલ ૪,૦૯,૦૦૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. જે અન્વયે ગુજરાતના ૬૯.૨૪ લાખ લાભાર્થી ખેડૂત પરિવારોને પણ ૨૧ હપ્તાના માધ્યમથી અત્યાર સુધીમાં કુલ રૂ. ૨૨,૦૬૯ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવી છે.

### મેટ્રો રેલ...

ડિટેક્શન એટલે કે અવરોધોને શોધવા માટેની પદ્ધતિઓ જેવા મુસાફરો-કેન્દ્રિત સુધારાઓ મુસાફરોને સુરક્ષિત અને સરળ મુસાફરીનો અનુભવ પ્રદાન કરશે. આ નવીન વિશેષતાઓ ગુજરાતની મેટ્રો ટ્રેનોને આધુનિક, સ્માર્ટ અને ટકાઉ શહેરી પરિવહનના મોડેલ તરીકે સ્થાપિત કરશે.

એક્સપ્રેસવેથી લઈને હાઈ-સ્પીડ રેલ સુધી, ગુજરાત ભારતના પરિવહન માળખાના વિકાસમાં સતત અગ્રેસર રહ્યું છે. ગુજરાતનો આગામી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, દાહોદ ખાતે ભારતનું પ્રથમ ૯૦૦૦ HP લોકોમોટિવ એન્જિનનું ઉત્પાદન કરતી ફેક્ટરી, અને નમો ભારત ટ્રેનો તેના મજબૂત ઉદાહરણો છે. ગુજરાતના મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ સમયસર અમલીકરણ, તકનીકી નવીનીકરણ અને ટકાઉ શહેરી વિકાસ પ્રત્યેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનું શાનદાર ઉદાહરણ છે. ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વિકાસ દ્વારા ગુજરાત આત્મનિર્ભર અને વિકસિત ભારતનું નિર્માણ કરવાના વડાપ્રધાનના વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન નોંધાવી રહ્યું છે.

### જમીન માપણી...

ઉપરાંત નિવાસી અધિક કલેક્ટર, એસએલઆર/નાયબ નિયામક જમીન દફતર, પ્રાંત અધિકારી, ડીઆઈએલઆર, મામલતદાર, ટીડીઓ, જમીન સંપાદન અધિકારી, સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી કે અન્ય સંપાદક સંસ્થાના પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવશે.

ભૂમિ સીમાંકન અંતર્ગત પ્રમોલગેશન બાદ માપણીની ક્ષતિ સુધારણા માટે આવેલી અરજીઓના આયોજનબદ્ધ અને સુચારૂ નિવારણ માટે મુખ્યમંત્રીના દિશાનિર્દેશોને પગલે મહેસુલ વિભાગ દ્વારા સાત જેટલી અલગ-અલગ કેટેગરી નિયત કરવામાં આવી છે. તદ્અનુસાર, (૧) સરકારી/જાહેર હિતની જમીનોમાં ઘટાડો થયેલ ન હોય તથા કોઈ વાંધા ઉપસ્થિત થયેલ ન હોય (૨) સરકારી/જાહેર હિતની જમીનોમાં ઘટાડો થયેલ ન હોય તથા કોઈ વાંધા બાકી ન હોય તથા કોઈ ખાતેદારને વાંધો ન હોય (૩) સરકારી/જાહેર હિતની જમીનોમાં ઘટાડો થયેલ ન હોય તથા વાંધા અરજીઓ પેન્ડિંગ હોય (૩અ) સરકારી/જાહેર હિતની જમીનોમાં ઘટાડો થયેલ હોય તથા વાંધા અરજીઓ પેન્ડિંગ હોય (૪) ગામના ૩૦%થી વધારે સરવે નંબરોમા કબ્જા ફેરફાર(અવલ-દવલ) (૫) ગામના વાંધાઓ એક વિસ્તાર સુધી સિમીત હોય (૬) ૩૦%થી વધુ નંબરોમાં ક્ષેત્રફળમાં ફેરફાર તથા કાસ્કેડીન્ગ ઈફેક્ટ તથા આકૃતિમાં વધુ ફેરફાર (૭) પ્રમોલગેશન થયેલ ન હોય - જેવી કેટેગરી નિયત કરવામાં આવેલી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભૂમિ સીમાંકન અંતર્ગતના માપણી ક્ષતિ સુધારણાના જટિલ પ્રશ્નોનું ત્વરાએ નિવારણ થાય એટલું જ નહિ, રજૂઆતકર્તાને કચેરીએ જવું જ ન પડે તે માટે તાલુકા વિકાસ અધિકારી, મામલતદારોને વધુ સત્તાધિકારો આપીને મોબાઈલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમિતિ દ્વારા ગુજરાત જમીન મહેસુલ અધિનિયમની કલમ ૧૧૯, ૧૨૦ તેમજ જમીન મહેસુલ નિયમ, ૧૯૭૨ના નિયમો ૨૧(૧), ૨૧(૨) અને ૨૧(૩) મુજબ કાર્યવાહી કરીને નિવારણ લાવવા પણ સૂચનાઓ આપી છે. મુખ્યમંત્રીએ આવા માપણી ક્ષતિ સુધારણાના મહત્તમ પ્રશ્નોનું નિરાકરણ ભૂમિ સીમાંકનમાં રાજ્યભરમાં એકસમાન કાર્યપદ્ધતિએ ઝડપી અને પારદર્શી રીતે લાવીને લોકોને સુશાસનની સચોટ અને અસરકારક અનુભૂતિ થાય તેવી કામગીરી માટે મહેસુલ વિભાગને સૂચનાઓ આપી છે.

### નેશનલ હાઇવે ઓથોરિટી...

સપાટી અંગે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે પણ માહિતી માગવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રીએ આપેલા જવાબમાં જણાવ્યું હતું કે એનએચ-૪૮ના વાપી-સુરત અને સુરત-ભરૂચ સ્ટ્રેચ પર સિક્સ-લેનિંગનું કામ પૂર્ણ થયા બાદ આ માર્ગ હાલ પર્ફોર્મન્સ બેઝ્ડ રોડ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ (પીબીએમસી) મોડ હેઠળ જાળવણીમાં છે. આ માર્ગ પર ૧૬ પુલ, ફ્લાયઓવર તથા વાહન અંડરપાસના બાંધકામનું કામ પ્રગતિ હેઠળ છે અને તેને જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. ભરૂચ-વડોદરા સ્ટ્રેચનું સિક્સ-લેનિંગ કામ વર્ષ ૨૦૧૧માં પૂર્ણ થયું હોવાનું જણાવતાં મંત્રીએ જણાવ્યું હતું કે હાલમાં આ માર્ગ પણ પીબીએમસી મોડ હેઠળ જાળવણીમાં છે. અહીં ૭ પુલ, ફ્લાયઓવર અને અંડરપાસના કામ ચાલી રહ્યા છે, જેને ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનો અંદાજ છે. વડોદરા-અમદાવાદ વચ્ચેનું સિક્સ-લેનિંગ કામ પહેલેથી પૂર્ણ થઈ ચૂક્યું છે અને તે બીઓટી મોડ હેઠળ સંચાલિત છે. જ્યારે શામળાજીથી મોટા ચિલોડા વચ્ચેનું બાકી રહેલું સિક્સ-લેનિંગ કામ જૂન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની યોજના છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે એનએચ-૨૭ના રાજકોટ-જેતપુર સેક્શનનું સિક્સ-લેનિંગ કામ હાલ પ્રગતિ હેઠળ છે અને તેને જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્ય છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પ્રોજેક્ટ હાલ ગુજરાત સરકારના અધિકારક્ષેત્ર હેઠળ છે અને રાજ્ય સરકાર પોતાના બજેટમાંથી આ કામ કરી રહી છે. ઉપરાંત દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેનું બાંધકામ પણ હાલમાં અમલીકરણ હેઠળ છે અને તેને માર્ચ ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાની યોજના હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** મુળ ગામ ચિત્રાવડ, હાલ રાજકોટ રહેવાસી મનસુખભાઈ છગનભાઈ રાવલ તે સંજય રાવલ, ભાવેશ રાવલ (બાલાજી ઈલેક્ટ્રીકવાળા)ના પિતા, મિત રાવલ (લોકગાયક)ના દાદાનું તા. ૧૦-૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૨ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ દરમિયાન વાટલીયા પ્રજાપતિ સમાજની વાડી, સમોઝાદ સ્કુલનીપાસે, ઈન્દ્રપ્રસ્થ હોલની પાછળ, મવડી મેઈન રોડ રાજકોટ ખાતે રાખેલ છે. બન્ને પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. દયાબેન રમણીકલાલ ચોટાઈ (ઉ.વ.૮૯) તે રમણીકલાલ શાંતિલાલ ચોટાઈના પત્ની, નીતીનભાઈ, સ્વ. સ્મીતાબેન વિનોદરાય ગોટેચા, વીણાબેન હરેશકુમાર ઠકકર, ચેતનાબેન ભદ્રેશકુમાર હરીયાણી, રૂપાબેન સુનિલકુમાર કકકડના માતા, સીમાબેન નીતીનભાઈ ચોટાઈના સાસુ, નિરવ, પ્રતિકના દાદી, અથર્વ, ધ્રિત્વા મોટા દાદી, સ્વ. જીવરાજભાઈ ખેતસીભાઈ ભીંડોરા (બામણબોરવાળા)ના દીકરીનું તા. ૧૧ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તેમજ પિયર પક્ષની સાદડી તા. ૧૩ ને શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન પંચનાથ મહાદેવ મંદિર, પંચનાથ પ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** કારડીયા રાજપુત સ્વ. વિરાજસિંહ સુધીરસિંહ બારડ (ઉ.વ.૨૩) તે સુધીરસિંહ દેવસિંહજી બારડના પુત્ર, વિજયસિંહ, નિલેશસિંહ, કિશોરસિંહ, અજયસિંહ, ભવદીપસિંહના ભત્રીજાનું તા. ૧૧-૩ ના રોજ અવસાન થયેલ છે. સદગતનુ બેસણું તા. ૧૩-૩ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમિયાન પંચનાથ મંદિર, રાજકોટ રાખેલ છે.

**રાજકોટઃ** જોડીયા નિવાસી હાલ રાજકોટ સ્વ. જયવંતભાઈ રવિચંદભાઈ મહેતા તે બીનાબેનના પતિ, હિતેશભાઈ, સ્વ. ભાવેશભાઈ, ડિમ્પલબેન રાજેશભાઈ મહેતાના પિતા, કુંદનબેનના મોટાભાઈ, હેતલબેન, બિનલબેનના સસરાનું તા. ૧૧ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૩ ને શુક્રવારના રોજ સવારે ૧૦.૩૦ દરમિયાન સરદારનગર ઉપાશ્રય, સરદાર નગર શેરી નં. ૯/૧૪ નો કોર્નર, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાજકોટઃ** ભાણવડવાળા હાલ રાજકોટ સોની સ્વ. મનસુખલાલ ચુનીલાલ પાટડીયાના પત્ની સોની ચંપાબેન મનસુખભાઈ (ઉ.વ.૮૩) તે પંકજભાઈ, રેણુકાબેનના માતા, જેન્તીભાઈ, સ્વ. સુરેશભાઈ, કીરીટભાઈના ભાભી, જોડીયાવાળા ઓધવજીભાઈ ખેતશીભાઈ માંડલીયાના દીકરીનું તા. ૧૨ ના રોજ અવસાન થયેલ છે. બન્ને પક્ષનું બેસણું તા. ૧૩ ને શુક્રવારના રોજ બપોરે ૩.૩૦ થી ૫ દરમિયાન વાઘેશ્વરી વાડી, યુનિટ નં.૩ રામનાથ પરા, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાજકોટઃ** ઝાલાવાડી સઈ સુથાર દરજી જ્ઞાતિના સુરેશભાઈ જેઠાભાઈ પીઠડીયા (મુળ આણંદપુર) હાલ રાજકોટના માતા, ગીરીશભાઈ સુરેશભાઈ પીઠડીયાના દાદીમા નિર્મળાબેન જેઠાભાઈ પીઠડીયા (ઉ.વ.૯૨) નું તા. ૧૧ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૪ ને શનિવારે નહેરુનગર કો.ઓ. સોસાયટી, કોમ્યુનીટી હોલ, નાનામવા રોડ, રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કણસાગરા મહિલા કોલેજમાં વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થિનીઓએ બતાવ્યું કૌવત

## વિશ્વ મહિલા દિનની વિશીષ્ટ ઉજવણીમાં વિદ્યાર્થિનીઓ ઉત્સાહપુર્વક જોડાયા

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણી નારી તું નારાયણી શીર્ષક હેઠળ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.

આ પ્રસંગે કોલેજમાં એક વિશેષ સ્પધા જેમાં ૨૦ જેટલી વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ પોતાની માતાની સંઘર્ષ ગાથા અને જીવનપ્રેરણાદાયક અનુભવોને ભાવુક શબ્દોમાં વ્યક્ત કર્યા હતા. ઘણી વિદ્યાર્થીનીઓએ પોતાની માતાની મહેનત, ત્યાગ, સંસ્કાર અને પરિવાર માટે કરેલા અવિરત પ્રયત્નોની હૃદયસ્પર્શી વાતો રજૂ કરી હતી, જેને સાંભળી ઉપસ્થિત સૌના મનમાં માતૃત્વ પ્રત્યે વધુ સન્માન અને ગૌરવની ભાવના ઉદ્ભવી હતી.

આ સ્પર્ધાનું સંકલન પ્રાધ્યાપક મીરાબેન જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોલેજના પ્રિન્સિપાલ ડો. સ્નેહલબેન અને ડો. જ્યોતિ બેનનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું તેમજ ડો. જાગૃતિબેનનો પણ મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

વિજેતા બહેનોને પર્યાવરણ જાગૃતિના સંદેશરૂપે એક છોડ ભેટ આપવામાં આવ્યો હતો, જેથી પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના પણ વિકસે. સમગ્ર કાર્યક્રમ આનંદમય અને પ્રેરણાદાયક વાતાવરણમાં પૂર્ણ થયો હતો અને નારી તું નારાયણીના સંદેશને વધુ મજબૂત બનાવ્યો હતો.

# ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજમાં સક્ષમ સમાજમા કલા અને માનવતાનું મહત્વ વિષયે યોજાશે સેમિનાર

## સેમિનારમાં રજૂ થનાર ૮૦ સંશોધન પત્રો રેફરીડ પીઆર રિવ્યુજર્નલમાં કરાશે પ્રકાશીત

**અબતક, રાજકોટ**

રાજકોટની સૌથી જૂની અને ઐતિહાસિક ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ ખાતે તા. ૧૪ માર્ચ, ૨૦૨૬ શનિવારનાના રોજ સસ્ટેનેબલ સમાજમાં આર્ટ્સ અને હ્યુમેનિટીઝની ભૂમિકા વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર કોલેજના કેમ્પસ ખાતે યોજાશે.

આ સેમિનારનું આયોજન ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ દ્વારા એલ્યુમ્નાઈ એસોસિએશનના સહયોગથી કરવામાં આવશે. કાર્યક્રમનું માર્ગદર્શન કોલેજના પ્રિન્સિપાલ ડો. પરેશ એન. રાવલ દ્વારા આપવામાં આવી રહ્યું છે અને કોલેજની સમગ્ર ટીમ દ્વારા તેને સફળ બનાવવા માટે અંતિમ તૈયારીઓ ચાલી રહી છે. આ સેમિનારના મુખ્ય પ્રેરક તરીકે દિલીપકુમાર રાણા, કમિશનર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય રહેશે તેમજ ડો. યોગેશ યાદવનો સહયોગ પ્રાપ્ત છે.


સેમિનારમાં મુખ્ય વકતા તરીકે પ્રોફે. (ડો.) દિલીપ બારડ, હેડ - અંગ્રેજી વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. વિષય નિષ્ણાત તરીકે ડો. કે.કે. ખખ્ખર (ભૂતપૂર્વ પ્રોફેસર અને વડા, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) તથા ડો. ક્ષિતિજા પ્રશાંત ગાંધી (પ્રિન્સિપાલ, પ્રતિભા કોલેજ ઓફ કોમર્સ એન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ, પુણે) ઉપસ્થિત રહી ચાવીરૂપ પેપર રજુ કરશે. સેમિનારમાં આર્ટ્સ અને હ્યુમેનિટીઝ દ્વારા માનવ મૂલ્યો, સામાજિક સુમેળ, પર્યાવરણ જાગૃતિ, સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ તથા માનવ જીવનના સર્વાંગી વિકાસમાં થતી ભૂમિકાઓ અંગે ચર્ચા કરવામાં આવશે. આજના ડિજિટલ યુગમાં માનવતા, વિચારશીલતા અને જવાબદાર નાગરિકતાના વિકાસ માટે આર્ટ્સ અને હ્યુમેનિટીઝનું મહત્વ વધુ ઊભરતું જઈ રહ્યું છે. દેશભરના ૨૭૦થી વધુ પ્રોફેસરો, સંશોધકો અને વિદ્યાર્થીઓ આ સેમિનારમાં ભાગ લેશે તેમજ તેમનાં દ્વારા ૮૦ થી વધુ અલગ-અલગ પેટા થીમમાં સંશોધન પેપરો રજૂ કરવામાં આવશે. પસંદગી થયેલ સંશોધન પેપરોને ધરાવતા રેફરીડ અને પીઅર રિવ્યૂ જર્નલમાં પ્રકાશિત કરવામાં આવશે. આ સેમિનારના સંયોજક તરીકે ડો. મનીષ વ્યાસ કાર્ય કરી રહ્યા છે.

# સિવિલ હોસ્પિટલમાં એક્સ-રે ફિલ્મનો સ્ટોક ખૂટી પડતા ૩ કલાક મશીનો ઠપ્પ !

## દર્દીઓએ હોબાળો કરતા તાત્કાલિક અસરથી એક્સ-રે ફિલ્મનો જથ્થો મંગાવી કામગીરી હાથ ધરવામાં આવ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં વહીવટી તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. હોસ્પિટલમાં એક્સ-રે ફિલ્મોનો સ્ટોક ખલાસ થઈ જતાં ગઈકાલે બપોર પછી ત્રણ કલાક સુધી એક્સ-રે મશીનો બંધ હાલતમાં રહ્યા હતા. જેને કારણે અકસ્માત અને અન્ય ગંભીર બીમારીઓથી પીડાતા દર્દીઓને કલાકો સુધી હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.લાંબી કતારો અને વધુ પડતી મુશ્કેલીઓને લીધે દર્દીઓના સગાંઓએ હોસ્પિટલ પરિસરમાં દેકારો મચાવ્યો હતો.હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજકોટ સિવિલમાં દરરોજ ૧૦૦૦



થી ૧૨૦૦ જેટલી એક્સ-રે ફિલ્મની જરૂરિયાત છે. આમ છતાં, ખરીદી પ્રક્રિયામાં થયેલી ગરબડ અથવા આયોજનના અભાવે એક્સ-રે ફિલ્મનો જથ્થો ખૂટી પડ્યો હતો. આ ઉપરાંત ટ્રોમા સેન્ટરના ડીઆર (ડીજી) રૂમમાં પણ ફિલ્મો ઉપલબ્ધ નહોતી.બીજી તરફ, જનાના હોસ્પિટલમાં એક્સ-રે મશીનો નાની ક્ષમતાના હોવાથી ત્યાં હાડકાં કે મગજના એક્સ-રે લઈ શકાતા નથી. આ ટેકનિકલ મર્યાદાને કારણે બાળકોને પણ એક્સ-રે માટે મુખ્ય સિવિલ હોસ્પિટલમાં જ લાવવા પડે છે. ગઈકાલે જ્યારે અહીં મશીનો બંધ થયા, ત્યારે નાના બાળકો અને તેમના વાલીઓની હાલત કફોડી બની હતી. તંત્રની આ અણઘડ નીતિને કારણે હોસ્પિટલમાં અરાજકતા જેવો માહોલ સર્જાયો હતો. દર્દીઓ અને સ્વજનોનો આક્રોશ વધતા અને મામલો બિચકતા ઉચ્ચ અધિકારીઓ દોડતા થયા હતા. હોબાળો થયા બાદ તાત્કાલિક અસરથી એક્સ-રે ફિલ્મનો જથ્થો મંગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને મોડી સાંજે કામગીરી ફરી શરૂ થઈ હતી. જોકે, સવાલ એ ઉભો થાય છે કે સૌરાષ્ટ્રભરના દર્દીઓ જ્યાં આશા લઈને આવે છે, તેવી હોસ્પિટલમાં પાયાની જરૂરિયાત જેવી ફિલ્મો ખૂટી જાય તો તેની જવાબદારી કોની?

# ચેક રિટર્ન કેસમાં આરોપી મોન્ટુ રાઠોડને એક વર્ષની જેલ

## અંગત જરૂરિયાત માટે સંબંધના દાવે લીધેલા રૂ.૪ લાખ પરત કરવાનો આપેલો ચેક બાઉન્સ થયો તો

**અબતક, રાજકોટ**

અંગત જરૂરિયાત માટે સંબંધના દાવે લીધેલા રૂ. ૪ લાખ પરત કરવાનો આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે આરોપી મોન્ટુ રાઠોડને એક વર્ષની સજા અને ચેકની રકમ વળતર તરીકે ફરિયાદી ચુકવી દેવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, હિતેશભાઈ આર. આગરીયા પાસેથી મોન્ટુભાઈ જે રાઠોડ (રહે. રાજકોટ)એ પોતાની અંગત જરૂરિયાત માટે સંબંધના દાવે રૂ.૪ લાખ હાથઉછીતા લીધેલ હતા, જે રકમ પરત કરવા તેણે પોતાના બેંક ખાતાનો ચેક આપેલ, જે ચેક હિતેશ આગરીયાએ પોતાની બેંકમાં રજુ કરતા તે ચેક રિટર્ન થયેલ. આથી ચેક મુજબની રકમ મેળવવા માટે લીગલ ડીમાન્ડ નોટીસ મોકલ્યા છતાં મોન્ટુ જે રાઠોડ કોઈ દાદ દીધી ન હતી, આથી હિતેશ આગરીયાએ પોતાના એડવોકેટ મારફત કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. જે ચાલતા ફરિયાદ પક્ષે એડવોકેટની રજૂઆત તથા સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદા રજુ રાખેલ. જે પુરાવા તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ કોર્ટ દ્વારા ફરિયાદીનો કેસ સંપૂર્ણ માની અને આરોપી મોન્ટુભાઈ જે. રાઠોડને ચેક રિટર્નના કેસમાં તકસીરવાર ઠરાવી એક વર્ષની સજા ફરમાવેલ તેમજ ચેક મુજબની રકમ ફરિયાદીને વળતર પેટે આરોપીએ ચૂકવવાનો હુકમ કરેલ અને જો તે રકમ ચૂકવવામાં ન આવે તો વધુ છ વધુ સજા ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો છે. ફરિયાદી વતી રાજકોટના એડવોકેટ ધનશ્યામભાઈ સી.વાંક, નીખીલ રાઠોડ, પીયુષ ચાવડા રોકાયા હતા.

# ચડત ભરણપોષણ નહિ ચૂકવનાર સમીર ત્રિવેદીને ૧૨૦ દિવસની સજા

## રૂ.૨.૧૯ લાખનું ભરણપોષણ મેળવવા પત્નીએ અદાલતમા દાદ માંગી તી

**અબતક, રાજકોટ**

શહેરમાં માવતર ના ઘરે રિસામણે રહેલી પત્નીએ ભાવનગર સ્થિત પતિ સમક્ષ ₹૨.૧૯ લાખ નું ભરણપોષણ મેળવવા કરેલી અરજી માં અદાલતે સામાવાળા અન્ય કેસના કામ સબબ ન્યાયધીશ યાદવ સમક્ષ હાજર થયેલ હતા. પરણીતાના વકીલે કોર્ટને આ વોરન્ટની બજવણી અંગે સમીર ત્રિવેદીને ૧૨૦ દિવસની સજા ફરમાવી અને કોર્ટ કસ્ટડીમાં લઈ રાજકોટ જિલ્લા જેલમાં મોકલવામાં આવેલ છે. વધુ વિગત મુજબ ભાવનગર ખાતે રહેતા સમીરભાઈ મુકેશભાઈ ત્રિવેદી નામના યુવાન સાથે રાજકોટ ની યુવતીના લગ્ન થયા હતા લગ્ન બાદ દંપતિ વચ્ચે પણ બનાવ થતા પરણીતા રિસામણે આવી હતી બાદ પરણીતાએ પોતાના જીવન નિર્વાહ માટે ફેમિલી કોર્ટમાં દાદ માંગતા અદાલતે ભરણપોષણ ની અરજી મંજૂર કરી હતી. બાદ ચડત ભરણપોષણ રૂપિયા ૨.૧૯ લાખ મેળવવા માટે પરણીતાએ રાજકોટની ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. જે અરજીના કામે પતિ સમીરભાઈ ત્રિવેદીને નોટીસ અને જપ્તી વોરન્ટની બજવણી થઈ ગયેલ હોવા છતા અરજદારના ચડત ભરણપોષણની રકમ ભરપાઈ ન કરતા અરજદાર તરફે વકીલની એ.કે. ચુડાસમાએ સામાવાળા સામે ફરતુ વોરન્ટ ઈશ્યુ કરવા માટે અરજી આપતા ફેમીલી કોર્ટએ સામાવાળા સામે ફરતુ વોરન્ટ ઈશ્યુ કરી ૧૨૦ દિવસની સજાનો હુકમ કરેલ હતો. જે ફરતુ વોરન્ટ પણ સામાવાળા બજવણી કરવા દેતા ન હતા અને સામાવાળા અન્ય કેસના કામ સબબ ન્યાયધીશ યાદવ સમક્ષ હાજર થયેલ હતા. પરણીતાના વકીલે કોર્ટને આ વોરન્ટની બજવણી અંગે ધ્યાન દોરતા કોર્ટએ સમીરભાઈ ત્રિવેદી ને કોર્ટ કસ્ટડીમા લઈ અને ૧૨૦ દિવસની સજા ભોગવવા માટે રાજકોટ જીલ્લા જેલમાં મોકલી આપેલ હતા. અરજદાર તરફે વકીલ અનિરૂધ્ધસિંહ કે. ચુડાસમા, રાજેશ એન.મંજુશા, ધારાબેન બી. પરમાર, એમનબેન વાય. તાલબ અને રૂચિતાબેન કે. મકવાણા, રોકાયેલા હતા.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બિન શૈક્ષણિક જગ્યાની ભરતીમાં અનામતની જોગવાઈનો ભંગ થતાં ભરતી રોકવા માંગ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા અપાયેલી બિન શૈક્ષણિક સ્ટાફની ભરતીની જાહેરાતમાં અનામતની જોગવાઈ ન જળવાયાનું ખુલ્યું

**અબતક, રાજકોટ**

રાજકોટ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ૧૯ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલી બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી ની જાહેરાતમાં અનામત નીતિ અને ગુજરાત સરકારના લાગુ નિયમો નું પાલન થયું ન હોવાનું જાણમા આવતા આ ભરતી પ્રક્રિયાની તાત્કાલિક સમીક્ષા કરી જરૂર પડે તો ભરતી સ્થગિત કરવા યુનિવર્સિટીના રજીસ્ટારને પત્ર પાઠવી માંગ કરી છે

જાગૃત નાગરિક ભાવિકભાઈ સોલંકી એ રજીસ્ટારને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે ૧૯ ડિસેમ્બરના રોજ એપ્લોમેન્ટ નોટિસ નંબર આરસી૦૯થી ૪૪/૨૦૨૫ દ્વારા વિવિધ શૈક્ષણિક જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવ્યા ની જાહેરાત કરવામાં આવી છે આ જાહેરાતનું વિગતવાર અભ્યાસ કરતા ભારતના બંધારણ હેઠળ લાગુ પડતી અનામતનીતિ અને ગુજરાત સરકારના લાગુ નિયમોનું યોગ્ય પાલન થયું નથી ,ખાસ કરીને કેડરનો યોગ્ય નિર્ધારણ તથા રોસ્ટર આધારિત અનામતના અમલમાં કેટલીક ભૂલો જોવા મળી છે, અનામત અંગેની બંધારણીય અને કાનૂની જોગવાઈ મુજબ સરકારી અને અનુદાનીત સંસ્થાઓ ભરતી પ્રક્રિયા માટે અનામત લીધી અંગે કાયદાનું પાલન કરવું જોઈએ જેમાં બંધારણ કલમ૧૪સમાનતા ના અધિકાર ૧૬/૧ સરકારી રોજગારમાં સમાન અવસર ૧૬/૪ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના અનામત ની જોગવાઈ અને કેડર બેજ રોસ્ટર સિસ્ટમ નો અમલ કરવો જોઈએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નીઆ ભરતીમાં આ અમલમાં ક્યાંક ચૂક થઈ હોવાનું અને સમાન કેદારની જગ્યાઓને અલગ અલગ બતાવી અનામત તારવાનો પ્રયાસ કર્યો હોય તેવું લાગે છે જે આર.કે સબંધવાલ ના સિધ્ધાંતો થી વિરુદ્ધ હોવાનું જણાવી આ ભરતી પ્રક્રિયાની સમીક્ષા કરી જરૂર પડે તો ભરતી અટકાવવા ભાવિક ભાઈ સોલંકી દ્વારા માંગ કરવામાં આવી છે.

# ૧૮ વર્ષ પૂર્વે યુવાનીમાં છરી વડે હુમલો કરનાર આરોપી આધેડ વયની ઉંમરે ઝડપાયો

## સુરત સહિતના ઠેકાણે ભાટક્યા બાદ શાંતિલાલ ચૌહાણ ગોંડલમાં રહી મજૂરી કરવા લાગ્યો'તોઃ પેરોલ ફર્લો સ્કોડે દબોચ્યો

**અબતક, રાજકોટ**

ગુનો આચરી આરોપી ગમે ત્યાં ભાગે અંતે તેં પકડાઈ જ જતો હોય છે આ વાત વધુ એકવાર પથાર્થ ઠરી છે. જેમાં રાજકોટ શહેરમાં છરીથી હુમલાના ગંભીર ગુનામાં છેલ્લા ૧૮ વર્ષથી ફરાર આરોપીને પેરોલ ફર્લો સ્કોડે ગોંડલમાંથી ઝડપી લીધો હતો. યુવાન વયે ગુનો આચરનાર આરોપી ફરાર થઈ ગયા બાદ લગ્ન કરી લીધા હતા અને છૂટાછેડા પણ થઈ ગયા હતા. હાલ તે ગોંડલમાં માતા સાથે રહી મજૂરી કામ કરી ગુજરાન ચલાવતો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ શ્રધ્ધાપાર્ક મેઈન, રોડ પર બાલાજી ચોક પાસે ૨૦૦૭માં સંજયભાઈ જયસુખભાઈ પરમારને (ઉ.વ.૨૦, રહે. હુડકો કવાર્ટર) જૂના ઝઘડાના મનદુઃખમાં ઘરેથી બોલાવી છરીના ઘા ઝીંકી હિચકારો હુમલો કરતા તેને ગંભીર ઈજા થઈ હતી.

ભક્તિનગર પોલીસે આ અંગે ગુનો દાખલ કરી અગાઉ કુખ્યાત હિતેશ ઉર્ફે રામલો શાંતિલાલ માનસેતા અને કિશોર ઉર્ફે ડકો હેમરાજભાઈ મિસ્ત્રીની ધરપકડ કરી કાર્યવાહી કરી હતી. જ્યારે શાંતીલાલ બોઘાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૦) નામનો આરોપી ફરાર



થઈ જતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી હતી. આ ઘટનાને ૧૮ વર્ષ વીતિ ગયા બાદ રાજકોટ પેરોલ ફર્લો સ્કોડના પી.આઈ. ભાર્ગવસિંહ ઝણકાટ અને પી.એસ.આઈ. જે.જી. તેરૈયા સહિતના સ્ટાફે આરોપી ગોંડલમાં હોવાની બાતમીના આધારે તેને ઝડપી લઈરાજકોટ લાવી ભક્તિનગર પોલીસને સોંપ્યો હતો. ભકિતનગર પોલીસના પી.એસ.આઈ. વી.એલ. રાઠોડે આરોપીની પુછપરછ કરી જેલ હવાલે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, આરોપી અગાઉ રાજકોટમાં રહેતો હતો અને યુવાન વયે ગુનો આચર્યો હતો. જે હવે આધેડ વયની ઉંમરમાં પકડાયો છે.

આરોપી શાંતીલાલ ઉર્ફે શાંતીયો રાજકોટમાં ગુનો આચરી ફરાર થઈ ગયા બાદ અલગ-અલગ સ્થળે ગયો હતો. જેમાં સુરત ગયા બાદ ત્યાં લગ્ન કરી લીધા હતા. પરંતુ થોડા વર્ષો બાદ તેના છુટાછેડા થઈ ગયા હતા. બાદમાં તે ગોંડલ રહેવા આવી ગયો હતો. હાલ તે માતા સાથે રહી મજુરી કામ કરતો હતો

## હુમલાનો સહઆરોપી કુખ્યાત હિતેષનું માલવિયાનગર પોલિસેં એન્કાઉન્ટર

ઉલ્લેખનીય છે કે, હુમલાની ઘટનામાં ઝડપાયેલ આરોપીનો સાગરીત હિતેશ ઉર્ફે રામલો માનસેતાનુ આશરે ૧૨-૧૫ વર્ષ પહેલા લક્ષ્મીનગર રોડ પર માલવિયાનગર પોલીસે એન્કાઉન્ટર કર્યું હતું. ગંભીર ગુનામાં સામેલ હિતેશને પોલીસ પકડવા જતાં હુમલો કરતા પોલીસમેનને પણ ઈજા થઈ હતી.

# મહાત્મા ગાંધી સોસાયટીમાં દારૂ સાથે અશોક મકવાણા ઝડપાયો

## મોરબી રોડના સીતારામ પાર્કનો ગૌરવ રામાણી દારૂ બિયર સાથે પકડાયો

**અબતક, રાજકોટ**

શહેર પોલીસ દ્વારા બે સ્થળોએ વિદેશી દારૂના દરોડા પાડવામાં આવ્યા છે જેમાં ભક્તિનગર પોલીસે મહાત્મા ગાંધી સોસાયટી માં અને બી ડિવિઝન પોલીસે મોરબી રોડ રેલ્વે બ્રીઝ બાજુમાં દરોડો પાણી રૂપિયા ૨૧૬૦૦ ની કિંમતના દારૂ બિયરના જથ્થા સાથે બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. વધુ વિગત મુજબ શહેરમાં દારૂ અને જુગારની બદી ડામી દેવા પોલીસ કમિશનર બ્રજેસ કુમાર ઝા દ્વારા આપેલી સુચના ને પગલે ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ એમએમ સરવૈયા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે કોઠારીયા મેઈન રોડ પર મહાત્મા ગાંધી સોસાયટીમાં રહેતો અશોક ઉર્ફે હકો સામજી મકવાણા નામનો શખ્સ પોતાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યા હોવાની કો કોન્સ્ટેબલ યુવરાજસિંહ જાદવને મળેલી બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ મયુર દાન સહિતના સ્ટાફે દરોડો પાણી મકાનમાંથી ૧૦ ૫૦૦ ની કિંમતના ૩૫ બોટલ વિદેશી દારૂ સાથે અશોક મકવાણાની ધરપકડ કરી છે. જ્યારે મોરબી રોડ સીતારામ પાર્ક ગૌરવ અશોકભાઈ રામાણી નામના પટેલ યુવાન મોરબી રોડ રેલવે બ્રિજ ની પાસે વિદેશી દારૂ સાથે હોવાની કોન્સ્ટેબલ સુખદેવ સિંહ દાંતી મળેલી બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ એનપી ચાવડા સહિતના સ્ટાફે દરો પાડી ગૌરવ રામાણીની અટકાયત કરી તલાસી લેતા તેના કબજા માંથી રૂપિયા ૧૬૬૦ ની કિંમત નો દારૂ બિયર મળી આવતા ધરપકડ કરી છે.

# ઈન્સ્ટીટયુટ ઓફ ઈલે. ટેલી એન્જી. એસો. દ્વારા મહિલા દિવસ ઉજવાયો

## આપો અને મેળવો વિષયે તજજ્ઞોનું વ્યાખ્યાન યોજાયું

**અબતક, રાજકોટ**

રાજકોટ આઈટીઆઈ સેન્ટર દ્વારા તા. ૮ માર્ચ ૨૦૨૫ ના રોજ -વિશ્વ મહિલા દિવસ ની ઉજવણી ના ભાગ રૂપે મહિલાઓ માટે 'આપો અને મેળવો' વિષય પર વાર્તાલાપ નું આયોજન કરવામાં આવેલ હતું

મુખ્ય અતીથી તથા વકતા બીનાબેન રાવલ, મોટીવેશનલ સ્પીકર તથા રીટાયર્ડ શિક્ષક જી. ટી. શેઠ વિદ્યાલય દ્વારા 'આપો અને મેળવો'વિષય પર વિસ્તૃતમાં વ્યાખ્યાન આપેલ તથા પોતાના અનુભવો અને અન્ય ઉદાહરણો દ્વારા વિષય રજુ કરેલ હતો.

આઈ. છે. ટીના ચેરમેન ડો. નિલેશ કાલાણી દ્વારા મુખ્ય




અતીથી તથા વિષય વકતા નું પુષ્પગુચ્છ તથા મેમેન્ટો દ્વારા અભીવાદન કરવામાં આવેલ વિશ્વ મહિલા દિવસ''ની ઉજવણી નીમીતે હાજર રહેલ તમામ મહિલાઓનું તથા આઈ.ઈ.ટી.ઈ મેમ્બર્સનું અભીવાદન કરવામાં આવેલ હતું.

આ વાર્તાલાપમાં ભાગ લીધેલ તમામ મહિલાઓને આઈ. ઈ. ટી. ઈ. સેન્ટર દ્વારા ગીફ્ટ આપવામાં આવેલ હતી . આભારવિધિ અમીબેન ડૈયા દ્વારા કરવામાં આવેલ હતું. નેહલબેન કાલાણી તથા ખ્યાતીબેન પોપલીયા દ્વારા મહિલાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સફળ બનાવવા બ્રિજેશ દેવાણી આઈ ઈ. ટી. ઈ. રાજકોટ દ્વારા જહેમત ઉઠાવેલ હતી.

# ત્રણ લાખના ચેક રિટર્ન કેસમાં રેલવેના અધિકારી દીપક પંડ્યાને ૧ વર્ષની કેદ

## ચેકની રકમનું વળતર ફરીયાદીને 30 દિવસની અંદર ન ચુકવે તો વધુ 3 માસની સજા

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સંબંધના દાવે લીધેલા રૂપિયા ત્રણ લાખ પરત કરવા માટે આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે રેલવેના અધિકારી દીપકભાઈ પંડ્યાને એક વર્ષની કેદ અને ચેકની રકમ રૂ. ૩ લાખ ફરિયાદીને વળતર તરીકે એક માસમાં ન ચૂકવે તો વધુ ત્રણ માસની સજાનો હુકમ કર્યો છે.આ કેસની હકીકત એવી છે કે રાજકોટ ખાતે રહેતા શબ્બીર આમદભાઈ શેખને રેલ્વેના અધિકારી દિપક કનૈયાલાલ પંડયા (રહે. રેલનગર)સાથે મિત્રતાનો સંબંધ બંધાયેલ. દરમિયાન દિપકભાઈને નાણાની જરૂરિયાત ઊભી થતા તેણે શબ્બીર આમદભાઈ શેખ પાસેથી મિત્રતાના દાવે રૂપિયા ત્રણ લાખ વગર વ્યાજે મદદ માટે લીધા હતા. બાદમાં આ રકમ ચુકવવા માટે દિપકભાઈએ શબ્બીરભાઈને પોતાના ખાતાવાળી બેંકનો ચેક આપેલ, જે ચેક શબ્બીરભાઈએ દિપકભાઈના કહેવા અનુસાર બેંકમાં રજુ કરતા તે ચેક વણબજયે પરત ફરેલ હતો. જેથી શબ્બીરભાઈએ તેમના એડવોકેટ મારફત આરોપી દિપકભાઈ કનૈયાલાલ પંડયાને લેણી રકમ ચુકવવા માટે લીગલ નોટિસ મોકલ્યા બાદ દીપક પંડ્યા વિરૂધ્ધ રાજકોટની કોર્ટમાં ફોજદારી ફરીયાદ દાખલ કરી હતી. આ કેસ ચાલવા ઉપર આવતા ફરીયાદી વતી રોકાયેલા એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણીએ તમામ ડોક્યુમેન્ટ તથા પુરાવાઓ કોર્ટ સમક્ષ રજુ કરેલ. કાયદાની તમામ પ્રક્રિયા પુર્ણ કરી, દલીલોના સમર્થનમાં રજૂ કરેલા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ધ્યાને લઈ જજ દિપેશ મીતલે રેલ્વેના અધીકારી દિપકભાઈ પંડયાને ૧ વર્ષની કેદની સજા તથા ચેકની રકમ રૂ. ૩ લાખ આરોપીએ ફરીયાદીને વળતર પેટે ૩૦ દિવસની અંદર ચુકવી આપવી જો તેમ કરવામાં નિષ્ફળ જાય તો આરોપીને વધુ ૩ માસની સજા કરતો હુકમ ફરમાવેલ છે. આ કામમાં ફરીયાદી વતી એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણી, વિજય સીતાપરા, વીવેક સોજીત્રા, દિવ્યાબા વાળા, સંજય કાટોળીયા તથા ધનશયામ શીરોડીયા રોકાયા હતા.

# રૈયા રોડની સહજાનંદ સ્વીટના થડામાંથી રોકડની ચોરી તસ્કર ઝડપાયો

## જૂનાગઢનો ભરત મેંઘનાથીને ૮૫ હજારના મુદ્દામાલ સાથે દબોચી લેતી ક્રાઈમ બ્રાન્ચ જેતપુરમાંથી ચોરેલ બાઈક પણ કબ્જે કરાયું

**અબતક, રાજકોટ**

રૈયા રોડ પર આવેલી સહજાનંદ સ્વીટમાંથી રોકડની ચોરી કરનાર તસ્કરને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડી રોકડ, બાઈક અને મોબાઈલ મળી કુલ રૂ.૮૫ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો. તસ્કર પાસેથી જેતપુરમાંથી ચોરેલ બાઈક પણ કબ્જે કરાયું છે.

ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા મિલકત સંબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ રાજકોટ શહેરમાં થતી ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લૂંટના અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢી આરોપીને પકડવાની આપેલ સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ એ.એન.પરમાર ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર, અર્જુનભાઈ ડવ અને કોન્સ્ટેબલ ગોપાલભાઈ પાટીલને મળેલ સંયુકત બાતમીના આધારે તસ્કર ભરત બાલુગર મેઘનાથી (ઉ.વ.૪૫, રહે.દોલતપરા દાસારામ એપા. ની બાજુમાં જુનાગઢ) ને પકડી ચોરાઉ બાઈક, એક્ટિવા અને રોકડ મળી કુલ રૂ.૮૫ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો.આરોપીની પૂછતાછમાં તેને અગાઉ રૈયા રોડ, બ્રહ્મ સમાજ ચોક ખાતે તિરુપતિ શેરી નં-૬ ના ખૂણે સહજાનંદ સ્વીટ નામે સિઝન સ્ટોર આવેલ હોય ત્યાંથી ગલ્લાના ખાનામાંથી રૂ.૨૫ હજારની ચોરી કર્યાની કબૂલાત આપી હતી. જે રોકડ પણ ક્રાઈમ બ્રાન્ચની ટીમે કબ્જે કરી હતી. તેમજ તેની પાસેથી મળી આવેલ ચોરાઉ બાઈક તેને જેતપુરથી ચોરી કર્યાની પણ કબૂલાત આપી હતી.

# સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાંથી પસાર થતા ભારતીય જહાંજને નહીં રોકે ઈરાન

## જે જહાજો અમેરિકા અને ઈઝરાયલ સાથે જોડાયેલા નથી, તેમને સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાંથી પરથી પસાર થવા દેવામાં આવશેઃ લાઈબેરિયાના ધ્વજ વાળું તેલ ટેન્કર 'શેનલોન્ગ' મુંબઈ નજીક ભારતીય દરિયાઈ વિસ્તારમાં પહોંચ્યું

**અબતક, રાજકોટ**

ઈરાન હવે હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતીય જહાજોને નહીં રોકે. જ્યારે ઈરાની નૌકાદળ અમેરિકા અને યુરોપિયન દેશોના જહાજો હોર્મુઝ સ્ટ્રેટમાં પ્રવેશતાની સાથે જ તેમના પર હુમલો કરી રહ્યું છે, ત્યારે ભારતીય ધ્વજવાળા જહાજો હવે કોઈ અવરોધ વિના સ્ટ્રેટમાંથી પસાર થઈ શકશે. આ સમાચાર ભારતની વિદેશ નીતિ અને વધતા પ્રભાવનું ઉદાહરણ છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર અને ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી વચ્ચે ઉચ્ચ સ્તરીય વાટાઘાટો બાદ ભારતને આ છૂટ આપવામાં આવી હોવાનુ સૂત્રો જણાવી રહ્યા છે.

વિદેશ મંત્રી એસ. જયશંકર અને ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી વચ્ચેની ટેલિફોન વાતચીત બાદ, ઈરાને ભારતીય ટેન્કરોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થવાની મંજૂરી આપી છે. આ ભારતની ઉર્જા સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ પગલું છે, કારણ કે હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંનો એક છે, જે વૈશ્વિક તેલ અને કુદરતી ગેસનો નોંધપાત્ર હિસ્સો વહન કરે છે.વિદેશ મંત્રીના કોલ બાદ, ઈરાન ભારતીય ધ્વજવાળા ટેન્કરોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપવા સંમત થયું. અહેવાલો અનુસાર, બે ભારતીય ટેન્કર, 'પુષ્પક' અને 'પરિમલ', હોર્મુઝમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ રહ્યા છે. અમેરિકા, યુરોપ અને ઈઝરાયલના જહાજો હજુ પણ ત્યાં પ્રતિબંધોનો સામનો કરી રહ્યા છે તે હકીકત હોવા છતાં આ થઈ રહ્યું છે.ભારતની રાજદ્વારી ફરી સફળ થઈ છે.

પશ્ચિમ એશિયામાં ઈરાન-અમેરિકા-ઈઝરાયલ સંઘર્ષ વચ્ચે ભારતની સંતુલિત રાજદ્વારી ફરી એકવાર તેની અસરકારકતા દર્શાવી છે. વિદેશ મંત્રી એસ. જયશંકર અને ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી વચ્ચે થયેલી ત્રીજી ટેલિફોન વાતચીત બાદ, ઈરાને ભારતીય ધ્વજવાળા તેલ ટેન્કરોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થવાની મંજૂરી આપી છે.

આ ક્ષેત્રમાં વૈશ્વિક શિપિંગ ટ્રાફિકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, પરંતુ ભારતીય જહાજોને ખાસ છૂટ આપવામાં આવી છે. તાજેતરમાં, થાઈ ધ્વજવાળા એક જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો, જ્યારે અન્ય ઘણા જહાજોને અવરોધિત અથવા હુમલો કરવામાં આવ્યો છે.

### ભારતને ગેસ અને તેલ બંનેનો સંપૂર્ણ પુરવઠો મળશે

ભારતની ઉર્જા સુરક્ષા માટે આ એક મોટી રાહત છે, કારણ કે વૈશ્વિક તેલનો લગભગ ૨૦ ટકા હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. ભારતે ઈરાન સાથે વાતચીત જાળવી રાખી છે અને ખાડીમાંથી ક્રૂડ ઓઈલ અને એલએનજી પુરવઠો સુનિશ્ચિત કર્યો છે. બુધવારે, જયશંકરે રશિયન વિદેશ મંત્રી સેર્ગેઈ લવરોવ સાથે પણ વાત કરી હતી. બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ અને રશિયાથી ભારતમાં વધતા તેલ પુરવઠા વચ્ચે દ્વિપક્ષીય સહયોગ અંગે ચર્ચા કરી હતી. ભારત આ વધતા જતા પ્રતિકૂળ વાતાવરણમાં પોતાની ઉર્જા સુરક્ષિત રાખવા માટે સતત પ્રયત્નશીલ છે.

# "બેહદ્" - લવ જેહાદના સંવેદનશીલ વિષયને તટસ્થતાથી રજૂ કરતી ગુજરાતી ફિલ્મ

## દાનેશ ગાંધીની સોલિડ એન્ટ્રીની સાથે જહાનવી ચૌહાણ, નિમેશ દિલીપ રાય, હિતુ કનોડિયા અને સંજય ગોરડિયા વગેરેનો જાનદાર અભિનય

**અબતક, રાજકોટ**




ગુજરાતી ફિલ્મોમાં એક તરફ હળવી કોમેડી અને લવ ડ્રામાની ફિલ્મોનો દોર ચાલી રહ્યો છે ત્યારે ૧૯મી ફેબ્રુઆરીએ રિલીઝ થયેલી રાજુ ગાંધી પ્રોડકશનની પહેલી જ ફિલ્મ' બેહદ્' લવ જેહાદ જેવ ા ગંભીર વિષયને લઈ ને આવી છે, જેમાં સૌથી અગત્યની વાત એ છે કે કોઈ આખેઆખા સમાજને આ પ્રકારનો ચીતરવાને બદલે, ભટકી ગયેલા જૂજ યુથ સામે એલર્ટ રહેવાની વાત છે. જેમાં, આવા લવ જેહાદી યુથને નથી એના ઘરમાંથી કોઈનો ટેકો કે નથી એના મિત્ર વર્તુળમાંથી કોઈનો ટેકો.

ગુજરાતી ફિલ્મ જગતમાં આવી બહુ જ વિચારપ્રેરક અને સંવેદનશીલ ફિલ્મો બનાવવાના સાહસ અને જોખમ પ્રમાણમાં ઓછા લેવાય છે ત્યારે રાજુ ગાંધી પ્રોડક્શન્સ હેઠળ, ચેતન ગાંધીએ રજૂ કરેલી અને તેમના પુત્ર દાનેશ ગાંધી તેમજ સક્ષમ અભિનેત્રી જહાનવી ચૌહાણને લીડ રોલમાં રજૂ કરતી, અંકુશ ભટ્ટ દિગ્દર્શિત અને રાજુ પટેલ, આલાપ ત્રિપાઠી અને કૃણાલ ભટ્ટ લિખિત આ ફિલ્મ તેનો વિષય અને ટ્રીટમેન્ટને લઈને બહુ બેલેન્સ રીતે રજૂ કરાઈ છે.

લવ જેહાદી યુવકના વિલનીશ રોલમાં દાનેશે ગાંધીએ પોતાની પહેલી જ ફિલ્મમાં એક સિઝન્ડ એક્ટરની જેમ સોલિડ એન્ટ્રી કરી છે. સામાન્ય રીતે અત્યારના ખોટા હીરોઈઝમ અને છવાઈ જવાના કાલ્પનિક ટ્રેન્ડમાં કોઈ સીધી જ વિલન તરીકે એન્ટ્રી ના મારે અને એમાંય હોમ પ્રોડક્શન હોય તો તો શું કામ મારે? પરંતુ એક એક્ટરને રોલનો પ્રકાર કે લેન્થ નહીં, જબરજસ્ત એક્ટિંગનો સ્કોપ જોઈએ એ વાત દાનેશે પોતાની પહેલી જ ફિલ્મથી સાબિત કરી દીધી.

એવી જ રીતે, કિશાના રોલમાં જહાનવી ચૌહાણે પણ બહુ જ એકસપ્રેસિવ અને લાઈવલી પરફોર્મન્સ આપ્યું છે. સંજય ગોરડિયા આટલી ગંભીર ફિલ્મ વચ્ચે પણ કિશાના માઈન્ડ રીડર મામાના રોલમાં થોડી હળવી ક્ષણો આપી જાય છે,

આખી ફિલ્મમાં કોઈ બિનજરૂરી ગીતો કે ઠોકી બેસાડવાના આવેલું નકામું સંગીત નથી.

લવ જેહાદ અને કમ્યુનલ ટેન્શન જેવા બહુ જ ગંભીર અને દૂરગામી વિષયને સ્પર્શવું સહેલું નથી, કારણ કે ક્યાંક પણ જો મિસકમ્યુનિકેશન થઈ જાય તો સુધારવાના આશયથી રજૂ કરાયેલી વાત બગડી પણ જાય, પરંતુ આ ફિલ્મમાં એનું બહુ જ ધ્યાન રખાયું છે કે કટ્ટરવાદીઓના બહેકાવામાં આવી ગયેલા યુથને એના જ સમાજના સંવેદનશીલ અને ભણેલા લોકોનો સહેજ પણ ટકો નથી. એની દાદીના પાત્રમાં ઉષા ભાટિયા આ વાત બહુ જ સારી રીતે વ્યક્ત કરે છે.

# ગિરનાર પર્વત પર અંબાજી મંદિર ખાતે ભંડારામાં કથિત વીડિયોની તપાસના આદેશ આપતા કલેકટર

## કથિત વીડિયોમાં દેખાતા શખ્સોને ગિરનાર પર પ્રતિબંધ એસડીએમએ તપાસ કરી અહેવાલ સુપ્રત કરવા નિર્દેશ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

ગિરનાર પર્વત પર સ્થિત અંબાજી મંદિર ખાતેના ભંડારામાં ગેરકાયદે પ્રવૃત્તિઓ અને આસ્થાને ઠેસ પહોંચાડનારો કથિત વિડીયો બહાર આવ્યો છે, જેની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ એસ. ડી. એમ. જૂનાગઢને ઝીણવટભરી તપાસ કરીને અહેવાલ સુપ્રત કરવા આદેશ આપ્યા છે.

આ કથિત ઘટના સંદર્ભે વહીવટી તંત્રના સંલગ્ન અધિકારીઓ દ્વારા જરૂરી તપાસ પણ શરૂ કરી દેવામાં આવી છે, સાથે જ પ્રાથમિક તબક્કે પગલાં તરીકે કથિત વીડિયોમાં દેખાતા શખ્સોને ગિરનાર પર જવા માટે પ્રતિબંધ પણ મૂકવામાં આવ્યો છે.

હાલ, આ કથિત ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે, તપાસના અંતે ગિરનારની ગરિમા અને લાખો શ્રદ્ધાળુઓની લાગણી ઠેસ પહોંચાડનાર જે કોઈ વ્યક્તિઓ હશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.કસૂરવાર સામે દાખલારૂપ કડક કાયદાકીય પગલાઓ લેવામાં આવશે, તેમ પણ જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું.

# ઉમા સારથી ફાઉન્ડેશન દ્વારા દીકરીઓ માટે ધી કેરાલા સ્ટોરીનો યોજાયો શો

## સિનેમા ઘરોના ફિલ્મ શો સાથે દિકરીઓને અપાયા ધર્મ સંકારના પાઠ

**અબતક, રાજકોટ**



રાજકોટની જાણીતી સેવા ભાવી સામાજીક સંસ્થા ઉમા સારથી ફાઉન્ડેશન દ્વારા દિકરીઓ માટે શહેરના સિનેમા ઘરોમાં ધી કેરેલા સ્ટોરી-૨ નિશુલ્ક બતાવી દીકરીઓને ધર્મ સંસ્કૃતિના સંસ્કાર પાઠ ભણાવાયા હતા.

સંસ્થા દ્વારા શહેરની અનેક સનાતન હિંદુ બહેન-દીકરીઓને સિનેમાઘરમાં વિના મૂલ્યે The Kerala Story ૨ ફિલ્મ બતાવવામાં આવી.

સંસ્થાના ફાઉન્ડર અને સામાજિક અગ્રણી જ્યોતિબેન ટીલવા તેમજ ટીમનો મુખ્ય હેતુ હતો કે આજના સમયમાં સમાજમાં વધી રહેલી કેટલીક ધર્મ પ્રત્યેની ગેરમાન્યતાઓ વિશે યુવતીઓને માહિતગાર કરી શકાય અને તેઓમાં જાગૃતિ તથા આત્મવિશ્વાસ ઉભો થાય.

ફિલ્મના દેખાડ્યા બાદ કિશન ભાઈ ટીલવાએ દીકરીઓને જણાવ્યું કે આજના સમયમાં દરેક દીકરીએ પોતાના ધર્મ, સંસ્કૃતિ અને સ્વાભિમાન અંગે સજાગ રહેવું ખૂબ જરૂરી છે. તેમણે દીકરીઓને સંદેશ આપ્યો કે સમાજમાં જાગૃતિ અને સાવચેતી જ સુરક્ષાનું સૌથી મોટું હથિયાર છે.

તેમણે સંસ્કૃતના શાસ્ત્રીય સૂત્રો દ્વારા પણ દીકરીઓને પ્રેરણા આપી હતું.

જયોતિબેન ટીલવાએ દીકરીઓને પ્રેરિત કરતાં જણાવ્યું કે આપણી સંસ્કૃતિ અને મૂલ્યોની રક્ષા માટે દીકરીઓએ પણ નિર્ભય બની આગળ આવવું જોઈએ. સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે જાગૃત નારી સૌથી મોટી શક્તિ છે.

આ કાર્યક્રમ ને સફળતા બનાવા માટે શ્રી જયોતી બેન ટીલવા,કિશન ભાઈ ટીલવા, મનીષભાઈ ડેડકિયા, ઉદય ભાઈ ભૂત, સંજય ખીરસરીયા, જીત પાડલિયા, પાર્થ કોરિંગા , કેવિનભાઈ બોડા હિરેનભાઈ સાપરિયા,પાર્થ માનસુરીયા ,રીટા બેન કાલાવડીયા, ભાવના બેન રાજપરા,શીતલ ડેકીવાડીયા, વર્ષા બેન મોરી,કિરણ બેન માકડિયા અને સમગ્ર ટીમ ને જેહમત ઉઠાવી હતી.

# રાજ્ય સરકારના કર્મચારી પર નિર્ભર ભાઈ-બહેનને પણ તબીબી સારવારનો લાભ મળશે

## સરકારી કર્મચારીઓને તબીબી સારવાર માટે મળતા લાભોમાં વધુ સ્પષ્ટતા આવશે અને નિર્ભર પરિવારના સભ્યોને પણ યોગ્ય સારવાર સુવિધાનો લાભ મળી શકશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સરકારી કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય સેવા નિયમો, ૨૦૦૨ હેઠળ કુટુંબ ની વ્યાખ્યામાં સુધારો કરીને તેને વધુ વ્યાપક બનાવવામાં આવી છે. આ અંગે સત્તાવાર પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. સુધારા મુજબ હવે સરકારી કર્મચારી પર આર્થિક રીતે આધારિત હોય અને તેની સાથે રહેતા હોય તેવા ભાઈ-બહેનને પણ તબીબી સારવારનો લાભ મળશે.


આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૪ ઓગસ્ટ, ૨૦૧૫ના ઠરાવથી લાગુ કરેલ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ના નિયમ-૨.૨માં આપવામાં આવેલ ''કુટુંબ'' ની વ્યાખ્યાને બદલે તેના સ્થાને ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૯(૨૬)માં આપવામાં આવેલ ''કુટુંબ'' ની વ્યાખ્યા લાગુ પાડવાની રહેશે. સરકારના નિર્ણય અનુસાર હવે સરકારી કર્મચારી સાથે રહેતા અને તેના પર આર્થિક રીતે આધારિત પરિવારના સભ્યોને સારવાર સંબંધિત લાભોમાં સમાવેશ કરવામાં આવશે. નવા સુધારા મુજબ કર્મચારી સાથે રહેતા માતા-પિતા, પત્ની અથવા પતિ, સંતાનો ઉપરાંત અન્ય નિર્ભર સભ્યોને પણ કેટલીક પરિસ્થિતિમાં લાભ મળવાની જોગવાઈ કરવામાં આવી છે.

આ સુધારા બાદ હવે સરકારી કર્મચારીઓને તબીબી સારવાર માટે મળતા લાભોમાં વધુ સ્પષ્ટતા આવશે અને નિર્ભર પરિવારના સભ્યોને પણ યોગ્ય સારવાર સુવિધાનો લાભ મળી શકશે. સરકારે જણાવ્યું છે કે નિયમોમાં કરાયેલ આ સુધારો તરત જ અમલમાં આવશે.

# થાઈલેન્ડથી કંડલા આવતા જહાજ પર ઈરાનનો બોમ્બમારો

## હોર્મુઝ સ્ટ્રેટમાં થાઈ કાર્ગો જહાજ 'મયુરી નારી' પર ઈરાની સેનાનો હુમલોઃ ભારતીય વિદેશ મંત્રાલયે ઘટનાની સખત નિંદા કરી

**અબતક, રાજકોટ**




ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર હવે સીધી રીતે ભારત પર જોવા મળી રહી છે. બુધવારે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈને ગુજરાતના કંડલા આવી રહેલા એક થાઈ કાર્ગો જહાજ પર હુમલો કર્યો હતો. દુઃખની વાત એ છે કે, આ ઘટનામાં બે ભારતીય નાગરિકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે એક ભારતીય હજુ લાપતા છે. ભારતના વિદેશ મંત્રાલયે આ હુમલાની આકરી નિંદા કરતા વેપારી જહાજો અને નિર્દોષ લોકોના જીવ જોખમમાં ન મૂકવાની સ્પષ્ટ ચેતવણી આપી છે. બીજી તરફ, ઈરાને દાવો કર્યો છે કે આ જહાજોએ તેમની ચેતવણીઓને અવગણીને વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો.

વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે આ ઘટના અને તેમાં થયેલા ભારતીયોના મૃત્યુની પુષ્ટિ કરી છે. તેમણે માહિતી આપતા જણાવ્યું હતું કે, અમને અહેવાલ મળ્યા છે કે ૧૧ માર્ચે હોર્મુઝ સ્ટ્રેટમાં થાઈ કાર્ગો જહાજ 'મયુરી નારી' પર હુમલો થયો છે. આ જહાજ ગુજરાતના કંડલા બંદરે આવી રહ્યું હતું.

તેમણે સ્પષ્ટ શબ્દોમાં ભારતનો વિરોધ નોંધાવતા કહ્યું કે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે વેપારી જહાજોને આ રીતે નિશાન બનાવવાની ભારત સખત નિંદા કરે છે. આ હુમલામાં ભારતીયો સહિત નિર્દોષ લોકોના જીવ ગયા છે. કોઈપણ સંજોગોમાં કાર્ગો જહાજો અને નિર્દોષ નાગરિકોના જીવને જોખમમાં મૂકવાનું ટાળવું જોઈએ.

આ હુમલા પાછળ ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડએ પોતાનો બચાવ રજૂ કર્યો છે. લાઈબેરિયાના ધ્વજવાળા જહાજ 'એકસપ્રેસ રોમ' અને થાઈ જહાજ 'મયુરી નારી'એ તેમની ચેતવણીઓ કાને ધરી ન હતી અને પરવાનગી વગર જ હોર્મુઝ સ્ટ્રેટમાં પ્રવેશ કર્યો હતો, જેના કારણે આ કાર્યવાહી કરવામાં આવી.

# જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લા પર હુમલો

## શખ્સે અત્યંત નજીક આવીને બંદૂક તાણી અને ફાયરિંગ પણ કર્યું હતું, પરંતુ સમયસૂચકતા વાપરીને સુરક્ષાકર્મીઓએ તેને તુરંત પકડી પાડ્યો

**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લા અને ડેપ્યુટી ઈખ સુરેન્દ્ર ચૌધરી એક લગ્ન પ્રસંગમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે એક વ્યક્તિએ તેમની ગાડીઓના કાફલા પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ શખ્સે અત્યંત નજીક આવીને બંદૂક તાણી હતી અને ફાયરિંગ પણ કર્યું હતું, પરંતુ સમયસૂચકતા વાપરીને સુરક્ષાકર્મીઓએ તેને તુરંત પકડી પાડ્યો હતો.

આ હુમલામાં બંને નેતાઓનો આબાદ બચાવ થયો છે.આરોપી નશાની હાલતમાં હોવાનું મનાય છે અને તેની પૂછપરછ ચાલુ છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ સવાલ ઉઠાવ્યો છે કે આટલી ચુસ્ત સુરક્ષા હોવા છતાં કોઈ વ્યક્તિ



આટલી નજીક કેવી રીતે પહોંચી શકે? પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન ડેપ્યુટી ઈખ જેવા મોટા નેતાઓ પર હુમલો થવો એ સુરક્ષા વ્યવસ્થામાં મોટી ખામી સૂચવે છે.

# ધો.૮ના પાઠ્ય પુસ્તકમાં "અદાલતમાં ભ્રષ્ટાચાર"ના ઉલ્લેખને લઈ ત્રણ શિક્ષણવિદો પર પ્રતિબંધ મૂકતી સુપ્રીમ

## એનસીઆરટીઈનાં ત્રણેય શિક્ષણવિદોને સરકારી સહાય પ્રાપ્ત સંસ્થાઓ કે પ્રોજેક્ટ્સ સાથે કોઈપણ કાર્ય ન સોંપવા પણ આદેશ કર્યો

**અબતક, રાજકોટ**

વર્ગ ૮ના એનસીઈઆરટીઈના પાઠયપુસ્તકમાં અદાલતમાં ભ્રષ્ટાચારનો ઉલ્લેખ કરીને ન્યાયતંત્રની નકારાત્મક છબી રજૂ કરવા માટે જવાબદાર ઠેરવી સુપ્રીમ કોર્ટે ત્રણ શિક્ષણવિદો પર જીવનભરનો પ્રતિબંધ લગાવ્યો છે.કોર્ટે એમ પણ જણાવ્યું છે કે તે આ વિવાદમાં સોશિયલ મીડિયા પર ઉશ્કેરણીજનક પોસ્ટ મુકનાર સામે પણ કડક કાર્યવાહી કરશે, જેમણે આ વાતને સમર્થન આપીને ન્યાયતંત્રને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે.

ત્રણ શિક્ષણવિદોને સરકારી સહાય પ્રાપ્ત સંસ્થાઓ કે પ્રોજેક્ટ્સ સાથે કોઈપણ કાર્ય સોંપવા પર પ્રતિબંધ મૂકયા બાદ, મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાન્ત, ન્યાયમૂર્તિ જોયમલ્યા બાગચી અને ન્યાયમૂર્તિ વિપુલ પંચોલીની બેંચે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે તે સોશિયલ મીડિયા ઉશ્કેરણીજનક પોસ્ટ કરનાર વ્યક્તિઓની ઓળખ કરે.

એનસીઆરટીઈના નિયામક દિનેશ પ્રસાદ અને શાળા શિક્ષણ સચિવ સંજય કુમારે સુપ્રીમ કોર્ટ



સમક્ષ ભૂલ માટે માફી માંગી છે અને ભવિષ્યમાં આવી ભૂલો અટકાવવા માટે પગલાં લેવાનું વચન આપ્યું છે.

એનસીઆરટીઈએ જણાવ્યું છે કે જે વિવાદાસ્પદ પ્રકરણ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું, જેના અધ્યક્ષ પ્રોફેસર મિશેલ દનિનો હતા અને તેમાં સુપર્ણા દિવાકર અને અલોક પ્રસાદ કુમારનો સમાવેશ થતો હતો. આ ત્રણેયને ભવિષ્યમાં એનસીઆરટીઈની કોઈપણ પ્રવૃત્તિ સાથે સંકળાવવામાં આવશે નહીં.

બેંચે કહ્યું છે કે ત્રણેય પ્રોફેસરો ન્યાયતંત્ર વિશે યોગ્ય જ્ઞાન ધરાવતા ન હતા અથવા જાણીજોઈને તથ્યોનું ખોટું અર્થઘટન કરીને વર્ગ ૮ના વિદ્યાર્થીઓ સમક્ષ ભારતીય ન્યાયતંત્રની નકારાત્મક છબી રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

સુપ્રીમ કોર્ટે તમામ સરકારી ભંડોળ પ્રાપ્ત સંસ્થાઓને આદેશ આપ્યો છે કે તેઓ તરત જ આ ત્રણ શિક્ષણવિદો સાથેના સંબંધો તોડી નાખે, જેમને કોર્ટે ન્યાયતંત્રની નકારાત્મક છબી રજૂ કરવા માટે જવાબદાર ઠેરવ્યા છે, પરંતુ તેમને આદેશમાં ફેરફાર માટે અરજી કરવાનો વિકલ્પ પણ આપ્યો છે.

# પ્રજાકીય કાર્યોને પ્રથમ પ્રાધાન્ય અપાશે: વહીવટદાર રેમ્યા મોહન

## ચૂંટાયેલી બોડીના અભાવે શહેરમાં પ્રાથમિક સુવિધાના એકપણ કામમાં કોઈ સમસ્યા ઉભી ન થાય તેની ખાસ કાળજી રખાશે: વહીવટદાર

### મહાપાલિકાના ૧૧માં વહીવટદાર તરીકે ચાર્જ સંભાળ્યા બાદ રેમ્યા મોહને મ્યુનિસિપલ કમિશનર, ડીએમસી, સિટી એન્જિનિયર સહિતના અધિકારીઓ સાથે કરી બેઠક: વિકાસ કાર્યોની જાણકારી મેળવી

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટાયેલી બોડીની મુદ્દત ગઈકાલે સાંજે પૂર્ણ





તસવીર: શૈલેષ વાડોલિયા

થતાની સાથે જ આજથી વહીવટદાર શાસન આવી ગયું છે. રાજ્ય સરકાર દ્વારા સિનિયર આઈએએસ રેમ્યા મોહનની રાજકોટ મહાપાલિકાના વહીવટદાર તરીકે નિમણુંક કરવામાં આવી છે. દરમિયાન આજે સવારે તેઓએ ૧૧માં વહીવટદાર તરીકે સત્તાવાર રીતે ચાર્જ સંભાળી લીધો છે. સર્કિટ હાઉસ ખાતે તેઓને મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા અને ઈન્ચાર્જ સેક્રેટરી ધવલ જેસડીયા સહિતના અધિકારીઓએ આવકાર્યા હતા. કોર્પોરેશન કચેરી ખાતે તેઓએ મેયર ચેમ્બરમાં અધિકારીઓ સાથે બેઠક યોજીને શહેરમાં ધમધમી રહેલા વિવિધ વિકાસ કામોની જાણકારી મેળવી હતી.

વહીવટદાર તરીકે સત્તાવાર રીતે ચાર્જ સંભાળ્યા બાદ પત્રકારો સાથેની વાતચિત દરમિયાન રાજકોટના પૂર્વ કલેક્ટર અને રાજ્યના સિનિયર આઈએએસ રેમ્યા મોહને જણાવ્યું હતું કે હાલ રાજકોટ મહાનગરપાલિકામાં ચૂંટાયેલી બોડી અસ્તિત્વમાં નથી. આવામાં પ્રાથમિક સુવિધાના કામો જેવા કે રોડ, પાણી, લાઈટ, ગટરના કામો પર કોઈ જ પ્રકારની વિપરિત અસર ન પડે તેની ખાસ



તકેદારી રાખવામાં આવશે. પ્રજાકીય પ્રાથમિક સુવિધાના કામોને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. તેઓએ ઉમેર્યું હતું કે ગાંધીનગર ખાતે પણ તેઓ પાસે મહત્વપૂર્ણ જવાબદારી છે. આવામાં એક વહીવટદાર તરીકે સપ્તાહમાં એક દિવસ રાજકોટ આવવાનો ચોક્કસ પ્રયાસ કરવામાં આવશે. મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા સાથે સતત સંકલનમાં રહી એકપણ કાર્ય અટકે નહિં તેની ખાસ ખેવના રાખવામાં આવશે.

ચાર્જ સંભાળ્યા બાદ વહીવટદાર રેમ્યા મોહને મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા, ઈન્ચાર્જ સેક્રેટરી ધવલ જેસડીયા, ડે.મ્યુનિ.કમિશનર ચેતન નંદાણી, મહેશ જાની, પથીક પટેલ, હર્ષદ પટેલ અને સિટી એન્જીનીયર શ્રીવાસ્તવ સાથે બેઠક યોજી હતી. હાલ શહેરમાં ધમધમી રહેલા વિવિધ વિકાસ કામોની માહિતી એકત્રિત કરી હતી. ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ હાલ અસ્તિત્વમાં ન હોય આવામાં શહેરીજનોએ મરણના દાખલા માટે કોઈ જ સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટેની યોગ્ય વ્યવસ્થા કરવાની ખાતરી પણ તેઓએ આપી હતી.

(અનુ. આઠમા પાને)

### મેયર ચેમ્બરમાંથી મેયરની નામાવલીનું બોર્ડ નિકળી ગયું: વહીવટદારનું લાગી ગયું

ચૂંટાયેલી બોડીની મુદ્દત ગઈકાલે પૂર્ણ થતાની સાથે જ આજથી કોર્પોરેશનમાં વહીવટદાર શાસન આવી ગયું છે. મેયર ચેમ્બરમાં લાગેલું અત્યાર સુધીના મેયરોની નામાવલીનું બોર્ડ હટાવી દેવામાં આવ્યું છે. તેના સ્થાને વહીવટદારની નામાવલીવાળું બોર્ડ લાગી ગયું છે.




આવું કરવા પાછળનું કોઈ સચોટ કારણ સામે આવતું નથી. કારણ કે અત્યાર સુધી મેયર પદ ભોગવેલા નેતાઓની નામાવલીનું બોર્ડ મેયર ચેમ્બરમાં અગાઉ ચૂંટણીની આચાર સંહિતામાં પણ ક્યારેય હટાવવામાં આવ્યું નથી. પરંતુ વહીવટદાર શાસન આવતાની સાથે જ આજે નવી પ્રણાલી શરૂ થઈ હોય તેવું લાગી રહ્યું છે. મેયર સિવાયના અન્ય પદાધિકારીઓ અને સમિતિ ચેરમેનની ચેમ્બરોને લોક કરી દેવામાં આવી છે. શાસક પક્ષના કાર્યાલયને પણ તાળા મારી દેવામાં આવ્યા છે. જ્યાં સુધી કોર્પોરેશનની ચૂંટણીના પરિણામો નહિં આવે અને નવી બોડી કાર્યરત નહિં થાય ત્યાં સુધી આ રીતે વહીવટ ચાલશે.

# ભાજપના જૂના જોગીઓ સાથે પ્રભારીની મેરેથોન બેઠક: 'વડીલ' બની માર્ગદર્શન આપવા તાકીદ

## શહેર ભાજપના વર્તમાન હોદ્દેદારો ઉપરાંત પૂર્વ પ્રમુખ, પૂર્વ મેયર અને પૂર્વ ધારાસભ્યો સાથે સતત દોઢ કલાક સુધી બેઠક યોજતા પ્રદેશ મહામંત્રી – રાજકોટના પ્રભારી અનિરૂદ્ધ દવે: સંગઠનને વધુ મજબૂત કેવી રીતે બનાવી શકાય તે અંગે અને ચૂંટણીલક્ષી માર્ગદર્શન પુરૂં પાડવાની પણ સૂચના



**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવેની રાજકોટ મહાનગરના પ્રભારી તરીકે પણ નિયુક્તી કરવામાં આવી છે. પ્રભારી બન્યા બાદ તેઓ ગઈકાલે પ્રથમ વખત રાજકોટ આવ્યા હતા. ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને સંગઠનના હોદ્દેદારો સાથે વિવિધ મુદ્દે બેઠક યોજી હતી ત્યારબાદ શહેર ભાજપના જૂના જોગીઓ સાથે તેઓએ સતત દોઢ કલાકની મેરેથોન મિટીંગ કરી તમામને વડિલોની ભૂમિકા ભજવી વર્તમાન હોદ્દેદારોને સંગઠનલક્ષી અને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપવા માટે તાકીદ કરી હતી. કોર્પોરેશનની ચૂંટણી માથે આવી રહી હોય તમામને સંગઠનને કેવી રીતે મજબૂત બનાવી શકાય તે અંગે સૂચન આપવા માટે પણ ટકોર કરી હતી.



છેલ્લા ઘણા સમયથી શહેર ભાજપ જૂથવાદ ઘર કરી ગયો છે. જેની નોંધ ગાંધીનગર તો ઠીક દિલ્હી સુધી લેવામાં આવી છે. રાજ્ય સરકાર કે સંગઠનમાં રાજકોટને કોઈ મહત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું નથી. શહેર ભાજપના વર્તમાન હોદ્દેદારોને જૂના જોગીઓ પુરૂં સમર્થન આપતા ન હોવાની વાત જગ જાહેર છે. આવામાં ગઈકાલે રાજકોટ આવેલા પ્રદેશ મહામંત્રી અને શહેર ભાજપના પ્રભારી અનિરૂદ્ધભાઈ દવેએ જૂના જોગીઓ સાથે દોઢ કલાકની પરિચય બેઠક યોજી હતી. આ બેઠકમાં તમામને આડકતરી રીતે જૂથવાદ વિસરીને પક્ષને ફાયદો થાય તે પ્રકારની કામગીરી કરવા માટે તાકીદ કરવામાં આવી હતી. શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, પ્રતાપભાઈ કોટક, ડો.કમલેશ જોશીપુરા, ડો.ધનસુખ ભંડેરી, પૂર્વ ધારાસભ્ય અરવિંદભાઈ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, ગોવિંદભાઈ પટેલ, માધુભાઈ બાબરીયા, પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા, નયનાબેન પેઢડિયા, ડો.પ્રદિપ ડવ, ડો.જયમીન ઉપાધ્યાય, પૂર્વ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા ઉપરાંત વર્તમાન પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, ઉપરાંત પ્રદેશ ભાજપ કારોબારી સમિતિના સભ્ય કશ્યપભાઈ શુક્લ ઉપરાંત મીડિયા કન્વીનર પ્રશાંત વાળા સાથે મેરેથોન મિટીંગ યોજી હતી. જેમાં તમામને એક જ લીટીમાં એવી સૂચના આપવામાં આવી હતી કે ભાજપનો કાર્યકર ક્યારેય નિષ્ક્રીય હોતો નથી. કોર્પોરેશનની ચૂંટણી નજીકના ભવિષ્યમાં યોજાવાની છે ત્યારે તમામ નેતાઓને એકજૂટ બની ફરી એકવાર રાજકોટમાં કમળ સોળે કળાએ ખીલી ઉઠે તેવા પ્રયાસો કરવા કામે લાગી જવાની ટકોર કરી હતી. સંગઠનને હજુ વધુ મજબૂત કેવી રીતે બનાવી શકાય તે માટે જો કોઈ નેતા પાસે સૂચન હોય તો તે પણ આવકાર્યા છે. આવા સૂચન પ્રમુખને આપવા ટકોર કરવામાં આવી હતી. આ ઉપરાંત ચૂંટણીલક્ષી

(અનુ. આઠમા પાને)

### ચૂંટણી પૂર્વે તમામને ફરી સક્રિય કરી દેવાની પક્ષની વ્યૂહરચના

શહેર ભાજપમાં ચાલી રહેલા જૂથવાદના કારણે વર્ષોથી પાર્ટી લાઈનના આગેવાનો અને કાર્યકરો છેલ્લા ઘણા સમયથી સાઈડ લાઈન થઈ ગયા છે. હવે કોર્પોરેશનની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે તમામને ફરીથી સક્રિય કરી દેવાની વ્યૂહરચના ભાજપ હાઈકમાન્ડ દ્વારા અપનાવવામાં આવી છે. તમામ જૂના જોગીઓ સાથે બેઠક યોજવાની પ્રભારીએ સૂચના આપ્યા બાદ યુદ્ધના ધોરણે તમામને ફોન કરી કમલમ્ ખાતે બોલાવવામાં આવ્યા હતા. ચૂંટણીમાં ભાજપને કોઈપણ પ્રકારનો જૂથવાદ પાલવે તેમ નથી. ટિકિટ ફાળવણીમાં પણ તમામને સાચવી લેવામાં આવશે તેવું હાલ દેખાઈ રહ્યું છે. જૂના જોગીઓ ફરી સક્રિય થશે તો પક્ષને કોર્પોરેશનની આગામી ચૂંટણીમાં મોટો ફાયદો થશે.



### વોર્ડ પ્રભારી, પ્રમુખ અને મહામંત્રીને અપાયું સંગઠન લક્ષી જ્ઞાન

રાજકોટ શહેર સંગઠનના પ્રભારી તરીકે પ્રદેશ ભાજપના મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવેની વરણી થતાં તેઓ સૌપ્રથમ રાજકોટ શહેર કમલમ કાર્યાલય ખાતે વોર્ડ પ્રભારી, વોર્ડ પ્રમુખ અને વોર્ડ મહામંત્રીઓ સાથે પરીચય બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં આગામી સમયમાં યોજનાર સ્થાનિક સ્વરાજયની ચુંટણીલક્ષી કામગીરી બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## ગુજરાત શહેરી આજીવિકા મિશન અંતર્ગત

# રાજકોટ સહિત ચાર શહેરોમાં બનશે 'નમો સ્વદેશી અર્બન મોલ'

## સ્થાનિક કારીગરો, સ્વસહાય જૂથોની બહેનો અને શેરી ફેરીયાઓને સ્વદેશી ઉત્પાદનો વેચવા માટે આધુનિક બજાર મળશે

**અબતક, ગાંધીનગર**

દેશનો દરેક નાગરિક સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવે અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવામાં પોતાનું યોગદાન આપે એ હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેક ઈન ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત અને હર ઘર સ્વદેશી જેવા અભિયાનો શરૂ કર્યા છે. આ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર શહેરી વિસ્તારોમાં સ્થાનિક કારીગરો અને નાના ઉદ્યોગકારોને મંચ આપવા માટે વિવિધ પહેલો અમલમાં મૂકી




રહી છે. ગુજરાતમાં સ્વદેશી મેળાઓના સફળ આયોજન બાદ હવે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ એમ ૪ મહાનગરપાલિકાઓમાં નમો સ્વદેશી અર્બન મોલ બનાવવામાં આવશે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે નમો સ્વદેશી અર્બન મોલ યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. આ યોજનાનો હેતુ મહાનગરપાલિકાઓમાં સ્વદેશી ઉત્પાદનોના વેચાણ માટે કાયમી અને આધુનિક બજાર વ્યવસ્થા ઊભી કરવાનો છે જેથી શહેરીજનો સ્વદેશી ઉત્પાદનો ખરીદવા પ્રોત્સાહિત થાય.

ઉલ્લેખનીય છે કે, શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્યની ૧૬ મહાનગરપાલિકાઓમાં પ્લાસ્ટિક ફ્રી સ્વદેશી ફેસ્ટિવલ અંતર્ગત સ્વદેશી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક કારીગરો, સ્વ-સહાય જૂથોની બહેનો, શેરી ફેરીયાઓ અને નાના વેપારીઓને પોતાના ઉત્પાદનો પ્રદર્શિત અને વેચાણ કરવાની તક મળી હતી.

હવે સ્વદેશી ઉત્પાદનોને વ્યાપક અને કાયમી બજાર ઉપલબ્ધ થાય તે માટે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં કાયમી નમો સ્વદેશી અર્બન મોલ શરૂ કરવામાં આવશે. આ મોલ સ્થાનિક કારીગરો, મહિલા સ્વ-સહાય જૂથો, શેરી ફેરીયાઓ અને નાના ઉદ્યોગકારોને પોતાના સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ કરવા માટે એક સુવ્યવસ્થિત અને આધુનિક પ્લેટફોર્મ પૂરું પાડશે.

### વોકલ ફોર લોકલ અભિયાનને વેગ મળશે

આ મોલ દ્વારા ખરીદદારો અને વેચાણકારો વચ્ચે સીધું જોડાણ સ્થાપિત થશે, જેના કારણે ગ્રાહકોને વિવિધ સ્વદેશી ઉત્પાદનો એક જ જગ્યાએથી સરળતાથી ઉપલબ્ધ થશે અને ઉત્પાદકોને પણ પોતાના ઉત્પાદનો માટે બજાર મળી રહેશે. આ ઉપરાંત, આ મોલનો ઉપયોગ સ્વદેશી મેળાઓ, હાટ અને વિવિધ પ્રદર્શનો માટે પણ કરી શકાશે, જેના કારણે વોકલ ફોર લોકલ અભિયાનને વધુ વેગ મળશે.

રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૬-૨૭ના બજેટમાં નમો સ્વદેશી અર્બન મોલ અને સ્વદેશી મેળાઓના આયોજન માટે ૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ પહેલ સ્થાનિક કારીગરો અને નાના ઉદ્યોગકારોને સશક્ત બનાવશે અને આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

## સ્પોર્ટ્સ અબતક



# આઈપીએલ-૨૦૨૬ની સિઝનનો ૨૮ માર્ચથી પ્રારંભ: ૨૦ મેચોનું શેડ્યુઅલ જાહેર

**અબતક, રાજકોટ**

ક્રિકેટ ચાહકો માટે મોટા સમાચાર આઈપીએલ ૨૦૨૬ ના પહેલા તબક્કાનું શિડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટની પહેલી મેચ ૨૮ માર્ચે રમાશે, જેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સનરાઈઝર્સ હૈદરાબાદનો સામનો કરશે. આ મેચ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે સાંજે ૭:૩૦ વાગ્યે શરૂ થવાની છે. જોકે, આરસીબીની હોમ મેચો અંગે હજુ પણ કેટલાક સસ્પેન્સ છે. સ્ટેડિયમની તૈયારીઓનું અંતિમ નિરીક્ષણ ૧૩ માર્ચે નિષ્ણાત સમિતિ દ્વારા કરવામાં આવશે. આ પછી જ ત્યાં બધી મેચો યોજવા માટે અંતિમ મંજૂરી આપવામાં આવશે.

બીસીસીઆઈએ હાલમાં ટુર્નામેન્ટના પ્રથમ તબક્કા માટે ૨૮ માર્ચથી ૧૨ એપ્રિલ સુધી ૨૦ મેચનું શિડ્યૂલ જાહેર કર્યું છે. બાકીની મેચોનું શિડ્યૂલ પછીથી જાહેર કરવામાં આવશે. આનું કારણ આગામી વિધાનસભા ચૂંટણી હોવાનું કહેવાય છે, જેનું સંપૂર્ણ શિડ્યૂલ તારીખો નક્કી થયા પછી જાહેર કરવામાં આવશે.

આઈપીએલ ૨૦૨૬ માં કુલ ૧૦ ટીમો ભાગ લઈ રહી છે,

### આઈપીએલના પ્રથમ ૨૦ મેચોનું સમય પત્રક

| મેચ નં. | તારીખ | દિવસ | મેચ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૨૮/૦૩/૨૬ | શનિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિ/એસ. સનરાઈઝ હૈદરાબાદ | બેંગ્લુરૂ |
| ૨ | ૨૯/૦૩/૨૬ | રવિવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિ/એસ. કોલકત્તા નાઈટ રાઈડર્સ | મુંબઈ |
| ૩ | ૩૦/૦૩/૨૬ | સોમવાર | રાજસ્થાન રોયલ્સ વિ/એસ. ચેન્નઈ સુપર કિંગ્સ | ગૌહાટી |
| ૪ | ૩૧/૦૩/૨૬ | મંગળવાર | પંજાબ કિંગ્સ વિ/એસ.ગુજરાત ટાઈટન્સ | મુલ્લાનપુર |
| ૫ | ૦૧/૦૪/૨૬ | બુધવાર | લખનઉં સુપર જાયન્ટ્સ વિ/એસ. દિલ્હી કેપિટલ | લખનઉં |
| ૬ | ૦૨/૦૪/૨૬ | ગુરૂવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. સનરાઈસ હૈદરાબાદ | કોલકત્તા |
| ૭ | ૦૩/૦૪/૨૬ | શુક્રવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિ/એસ. પંજાબ કિંગ્સ | ચેન્નઈ |
| ૮ | ૦૪/૦૪/૨૬ | શનિવાર | દિલ્હી કેપિટલ વિ/એસ. મુંબઈ ઈન્ડિયન્સ | દિલ્હી |
| ૯ | ૦૪/૦૪/૨૬ | શનિવાર | ગુજરાત ટાઈટન્સ વિ/એસ. રાજસ્થાન રોયલ્સ | અમદાવાદ |
| ૧૦ | ૦૫/૦૪/૨૬ | રવિવાર | સનરાઈસ હૈદરાબાદ વિ/એસ. લખનઉં સુપર જાયન્ટ્સ | હૈદરાબાદ |
| ૧૧ | ૦૫/૦૪/૨૬ | રવિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિ/એસ. ચેન્નઈ સુપર કિંગ્સ | બેંગ્લુરૂ |
| ૧૨ | ૦૬/૦૪/૨૬ | સોમવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. પંજાબ કિંગ્સ | કોલકત્તા |
| ૧૩ | ૦૭/૦૪/૨૬ | મંગળવાર | રાજસ્થાન રોયલ્સ વિ/એસ. મુંબઈ ઈન્ડિયન્સ | ગૌહાટી |
| ૧૪ | ૦૮/૦૪/૨૬ | બુધવાર | દિલ્હી કેપિટલ વિ/એસ. ગુજરાત ટાઈટન્સ | દિલ્હી |
| ૧૫ | ૦૯/૦૪/૨૬ | ગુરૂવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. લખનઉં સુપર જાયન્ટ્સ | કોલકત્તા |
| ૧૬ | ૧૦/૦૪/૨૬ | શુક્રવાર | રાજસ્થાન રોયલ વિ/એસ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | ગૌહાટી |
| ૧૭ | ૧૧/૦૪/૨૬ | શનિવાર | પંજાબ કિંગ્સ વિ/એસ. સનરાઈસ હૈદરાબાદ | મુલ્લાનપુર |
| ૧૮ | ૧૧/૦૪/૨૬ | શનિવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિ/એસ. દિલ્હી કેપિટલ | ચેન્નઈ |
| ૧૯ | ૧૨/૦૪/૨૬ | રવિવાર | લખનઉં સુપર જાયન્ટ્સ વિ/એસ. ગુજરાત ટાઈટન્સ | લખનઉં |
| ૨૦ | ૧૨/૦૪/૨૬ | રવિવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિ/એસ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | મુંબઈ |

## પ્રથમ મેચમાં ચેમ્પિયન બેંગલોર અને હૈદરાબાદ વચ્ચે મુકાબલો

અને સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ૮૪ મેચ રમાશે. આ ગયા સીઝન કરતા ૧૦ વધુ મેચ છે. બધી ટીમો ડબલ રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં રમશે, ત્યારબાદ પ્લેઓફ અને ફાઈનલ રમાશે.

પ્રથમ તબક્કામાં દસ અલગ અલગ સ્થળોએ કુલ ૨૦ મેચ રમાશે. આ સ્થળોમાં બેંગલુરુ, મુંબઈ, ગુવાહાટી, ન્યૂ ચંદીગઢ, લખનૌ, કોલકાતા, ચેન્નાઈ, દિલ્હી, અમદાવાદ અને હૈદરાબાદનો સમાવેશ થાય છે. આ તબક્કામાં અમદાવાદ ખાતે ચોથી એપ્રિલે ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુકાબલો થશે. આ તબક્કામાં ચાર દિવસે ડબલ હેડર (એક દિવસમાં બે મેચ) મેચ યોજાશે. સિઝનનું પ્રથમ ડબલ હેડર ચૌથી એપ્રિલે રમાશે. જેમાં બપોરે દિલ્હીમાં દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ આમને-સામને થશે, જયારે સાંજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુકાબલો થશે. કેટલીક ટીમોએ આ વખતે તેમના હોમ ગ્રાઉન્ડમાં વિવિધતા રાખી છે. રાજસ્થાન રોયલ્સઃ પોતાની શરૂઆતની હોમ મેચો ગુવાહાટીમાં રમશે.

# અમેરિકામાં યોજાનારા ફૂટબોલ વર્લ્ડકપમાં ઈરાને પારોઠના પગલાં ભર્યા




## ઈરાનની નેશનલ ફૂટબોલ ટીમ ૨૦૨૬ ફિફા વર્લ્ડકપમાં ભાગ લેશે નહીં, જે યુએસએ, કેનેડા અને મેક્સિકોમાં યોજાવાનો છે

**અબતક, રાજકોટ**

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે ઈરાને જાહેરાત કરી છે કે તેની નેશનલ ફૂટબોલ ટીમ ૨૦૨૬ ફિફા વર્લ્ડકપમાં ભાગ લેશે નહીં, જે આવતા વર્ષે યુએસએ, કેનેડા અને મેકિસકોમાં યોજાવાનો છે.ટેલિવિઝન પર આ નિર્ણયની જાહેરાત કરતા ઈરાનના રમતગમત મંત્રી અહમદ દોંજમાલીએ કહ્યું કે હાલની પરિસ્થિતિઓમાં તેમની ટીમ માટે રમવા માટે યુએસ જવું શક્ય નથી. તેમને કહ્યું કે તેઓ વર્લ્ડકપમાં ભાગ લેશે નહીં.રમતગમત મંત્રીએ પોતાના નિવેદનમાં કહ્યું કે ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈની હત્યા બાદ દેશની સરકારે આ કડક વલણ અપનાવ્યું છે.

તેમને કહ્યું કે આ ભ્રષ્ટ સરકારે અમારા નેતાની હત્યા કરી હોવાથી અમારો વર્લ્ડકપમાં ભાગ લેવાનો કોઈ ઈરાદો નથી. મંત્રીએ એવો પણ આરોપ લગાવ્યો કે છેલ્લા કેટલાક મહિનામાં ઈરાન વિરુદ્ધ મોટા હુમલાઓ કરવામાં આવ્યા છે. તેમના મતે છેલ્લા ૮-૯ મહિનામાં દેશ પર બે યુદ્ધો લાદવામાં આવ્યા છે અને હજારો નાગરિકોએ જીવ ગુમાવ્યા છે.

ઈરાનના નિર્ણયથી ફિફા માટે પણ પરિસ્થિતિ જટિલ બની ગઈ છે. ફિફાના પ્રમુખ ગિયાની ઈન્ફન્ટિનોએ તાજેતરમાં વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત બાદ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે યુએસ રાષ્ટ્રપતિએ તેમને ખાતરી આપી છે કે ઈરાનની ટીમનું વર્લ્ડકપમાં સ્વાગત કરવામાં આવશે. પરંતુ ઈરાનના તાજેતરના નિવેદનથી હવે અનિસ્ચિતતા વધી ગઈ છે.

### ઈરાનની જગ્યાએ કોને તક મળશે?

ઈરાનના ખસી ગયા પછી સૌથી મોટો સવાલ એ છે કે વર્લ્ડકપમાં તેનું સ્થાન કોણ લેશે. ફિફાના નિયમો મુજબ જો કોઈ દેશ ટુર્નામેન્ટમાંથી ખસી જાય છે અથવા તેને બહાર કાઢવામાં આવે છે, તો ફિફાને તેના વિવેકબુદ્ધિથી બીજી ટીમનો સમાવેશ કરવાનો અધિકાર છે. આનો અર્થ એ છે કે ફિફા અંતિમ નિર્ણય લેશે કે કયા દેશને ઈરાનનું સ્થાન લેવાની તક આપવામાં આવશે. તમને વર્લ્ડકપ ૨૦૨૬ પહેલાથી જ ઘણા કારણોસર ઐતિહાસિક માનવામાં આવે છે.

# પ્રથમ વન-ડેમાં પાકિસ્તાનનો સફાયો કરતું બાંગ્લાદેશ

## પાકિસ્તાનની ટીમ ૧૧૪ રનમાં ખખડી, જવાબમાં બાંગ્લાદેશે બે વિકેટ ગુમાવી ૧૫.૧ ઓવરમાં જ ૧૧૫ રનનો લક્ષયાંક હાંસલ કર્યો

**અબતક, રાજકોટ**

પાકિસ્તાન ક્રિકેટ ટીમે ફરી એકવાર એ જ સિદ્ધિ હાંસલ કરી છે જે તે હંમેશા કરતી આવી છે. ૨૦૨૬ના ટીર૦ વર્લ્ડકપમાં ટીમ સુપર ૮થી આગળ વધવામાં નિષ્ફળ ગઈ, અને હવે જ્યારે તેઓએ ઈન્ટરનેશનલ ક્રિકેટ ફરી રમવાનું શરૂ કર્યું છે, ત્યારે તેઓએ લગભગ ૨૭ વર્ષ જૂનો રેકોર્ડ તોડીને વધુ એક શરમજનક રેકોર્ડ બનાવ્યો છે. ટીમનો કોઈ પણ બેટ્સમેન રન બનાવવામાં સફળ રહ્યો નથી.

ટીર૦ વર્લ્ડકપ ૨૦૨૬ પછી ઈન્ટરનેશનલ ક્રિકેટ ફરી શરૂ થયું છે. પાકિસ્તાની ટીમ ૩ મેચની ઓડીઆઈ સિરીઝ માટે બાંગ્લાદેશના પ્રવાસે છે, જેની પહેલી મેચમાં પહેલા બેટિંગ કરતા પાકિસ્તાની ટીમ ફક્ત ૧૧૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. સંપૂર્ણ ૫૦ ઓવરની મેચ ટીર૦ મેચ નહીં જે ૨૦ ઓવરમાં સમાપ્ત થાય છે. ટીમ તેની સંપૂર્ણ ૫૦ ઓવર રમવામાં નિષ્ફળ ગઈ, ૩૦.૪ ઓવરમાં પેવેલિયન પરત ફરી.




પાકિસ્તાનના ઓપનિંગ બેટ્સમેનોએ પહેલી વિકેટ માટે ૪૧ રનની પાર્ટનરશીપ કરી હતી, જ્યારે છેલ્લી વિકેટ માટે ૩૨ રન બનાવ્યા હતા. ત્યારબાદ ટીમનો સ્કોર ૧૧૪ સુધી પહોંચી ગયો. જો આ પાર્ટનરશીપ ન થઈ હોત તો સ્ટોરી અલગ હોત.

ટીમ માટે ફહીમ અશરફે સૌથી વધુ ૩૭ રન બનાવ્યા, ત્યારબાદ સાહિબજાદા ફરહાને ૨૭ રન બનાવ્યા.

૧૧૫ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમના બેટ્સમેનોને થોડી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. ઓપનર સૈફ હસન માત્ર ૪ રન બનાવીને આઉટ થયા હતા, પરંતુ ત્યારબાદ તન્ઝીદ હસને ૪૨ બોલમાં ૭ ચોગ્ગા અને ૫ છગ્ગા સાથે ૬૭ રનની શાનદાર ઈનિંગ રમી હતી. નઝમુલ હસન શાંતોએ ૨૭ રનનું યોગદાન આપ્યું હતું અને લક્ષ્ય ૧૫.૧ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને પ્રાપ્ત કરી લેવામાં આવ્યું હતું.

### ૧૯૯૯ના સૌથી ઓછા સ્કોરનો રેકોર્ડ તૂટ્યો

શાહીન શાહ આફ્રિદીની કેપ્ટનશીપ હેઠળ પાકિસ્તાને ૧૧૪ રન બનાવ્યા, જે બાંગ્લાદેશ સામે તેમનો સૌથી ઓછો સ્કોર હતો. આ પહેલા પાકિસ્તાને ૧૯૯૯માં બાંગ્લાદેશ સામે ૧૬૧ રન બનાવ્યા હતા. પરંતુ હવે સૌથી ઓછા સ્કોરનો રેકોર્ડ તૂટી ગયો છે. પાકિસ્તાને સિરીઝની શરૂઆત ખૂબ જ શરમજનક રીતે કરી હોવાથી બાકીની મેચોમાં શું થાય છે તે જોવું રસપ્રદ રહેશે.



# ટીર૦માં અભિષેક અને કિશન મોખરાના બે ક્રમે પહોંચ્યા

## વરૂણ ચક્રવર્તી ૭૪૦ પોઈન્ટ સાથે બીજા સ્થાને જયારે રાશિદ ખાન બન્યો નંબર ૧ બોલર

**અબતક, રાજકોટ**

આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ટાઈટલ જીત્યા બાદ ભારતીય ખેલાડીઓએ વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. આઈસીસી ટીર૦ ક્રિકેટના ક્રમાંકમાં બેટર્સની યાદીમાં આક્રમક બેટર ઈશાન કિશન વર્લ્ડ કપમાં તેના શાનદાર પ્રદર્શનના આધારે કારકિર્દીના સર્વોચ્ચ બીજા સ્થાને પહોંચી ગયો છે. જ્યારે તેનો સાથી ઓપનર અભિષેક શર્મા મોખરે રહ્યો છે. આમ ટીર૦ રેન્કિંગમાં પહેલી વાર ભારતના બે ખેલાડીએ મોખરાના બે સ્થાન હાંસલ કરીને નવી સિદ્ધિ હાંસલ કરી છે. ઈશાન કિશન હવે ટોચના સ્થાને રહેલા અભિષેક શર્મા કરતાં માત્ર ચાર પોઈન્ટ પાછળ છે. અમદાવાદમાં રમાયેલી ટીર૦ વર્લ્ડ કપની ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે આક્રમક અડધી સદી ફટકાર્યા બાદ અભિષેક શર્માએ પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.બીજી તરફ તેના સાથી ડાબોડી બેટ્સમેન ઈશાન કિશને ટુર્નામેન્ટમાં ૩૧૭ રન ફટકારીને બે સ્થાનની છલાંગ લગાવી છે અને હવે તે અભિષેકનો સૌથી નજીકનો હરીફ છે. અભિષેક શર્મા આ ટુર્નામેન્ટમાં સળંગ ત્રણ વાર શૂન્ય પર આઉટ થતાં તેની આકરી ટીકા થઈ રહી હતી તેમ છતાં તેને ટીમમાં સામેલ કરાયો હતો અને અંતે તેણે પોતાની કાબેલિયત પુરવાર કરી દીધી હતી તો હજી થોડા સમય અગાઉ ઈશાન કિશનને ભારતીય ટીમમાંથી બાકાત કરી દેવાયો હતો અને તેનો કેન્દ્રીય કરાર પણ રિન્યૂ કરાયો ન હતો. પરંતુ તેણે પણ શાનદાર પુનરાગમન કરીને ટીમને ચેમ્પિયન બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ઈશાન કિશન (૮૭૧ પોઈન્ટ) તેની કારકિર્દીના સર્વોચ્ચ રેટિંગ પર પહોંચ્યો છે અને બુધવારે જારી કરાયેલા ક્રમાંક મુજબ તે હવે અભિષેક શર્મા (૮૭૫ પોઈન્ટ) કરતા માત્ર ચાર રેટિંગ પોઈન્ટ પાછળ છે. આ ઉપરાંત ન્યૂઝીલેન્ડનો ટિમ સેફર્ટ

(અનું. આઠમાં પાને)

# વર્લ્ડકપ જીતની ઉજવણી દરમિયાન તિરંગાના અપમાન બદલ હાર્દિક પંડ્યા વિરુધ્ધ ફરિયાદ

**અબતક, રાજકોટ**

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલ મેચ રમાઈ હતી. ટીમ ઈન્ડિયાએ મોટી લીડથી ન્યુઝીલેન્ડને હરાવતા દેશભરમાં જશ્નનો માહોલ છવાયો હતો. ટીમ ઈન્ડિયાએ પણ ટીર૦ વર્લ્ડ કપની જીતની જોરશોરથી ઉજવણી કરી. જયારે હાર્દિક પંડયાએ ક્રિકેટના મેદાન પર જ અલગ અંદાજમાં ગર્લફ્રેન્ડ માહિકા શર્મા જીતની ઉજવણી કરી. જેના ફોટો સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થયા.

પુણેના એક વકીલ દ્વારા હાર્દિક પંડયા વિરુદ્ધ રાષ્ટ્રીય ધ્વજનું અપમાન કરવા બદલ પોલીસ ફરિયાદ

(અનું. આઠમાં પાને)



# સૌ.યુનિ.ની સાયક્લિંગ સ્પર્ધામાં વિજેતાઓને સાયકલ ભેટ આપી પ્રોત્સાહિત કરાયા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૨૬ની ઈન્ટર કોલેજ રોડ સાયકલિંગ સ્પર્ધાનું આયોજન જામનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના સંચાલનની જવાબદારી ભવન્સ એચ.જે. દોશી કોલેજ, જામનગરને સોંપવામાં આવી હતી. સ્પર્ધા જામનગરના વાલસુરા રોડ ખાતે યોજાઈ હતી.

સ્પર્ધામાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી અંદાજે ૩૦થી વધુ ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાઈઓ માટે ૩૦ કિમી અને બહેનો માટે ૨૦ કિમી રોડ રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ૬ ખેલાડીઓ ભાઈઓ અને બહેનો આગામી દિવસોમાં મહારાષ્ટ્રના ઔરંગાબાદ ખાતે યોજાનારી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે રમશે.

સ્પર્ધાના પરિણામ મુજબ ભાઈઓના વિભાગમાં કામાણી સાયન્સ કોલેજ, અમરેલી ચેમ્પિયન બની હતી જ્યારે ભવન્સ એચ.જે. દોશી કોલેજ, જામનગર રનર્સ-અપ રહી હતી. બહેનોના વિભાગમાં ભવન્સ એ.કે. દોશી મહિલા કોલેજ, જામનગર ચેમ્પિયન અને કામાણી સાયન્સ કોલેજ, અમરેલી રનર્સ-અપ રહી હતી.





સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈનામ વિતરણ કાર્યક્રમમાં કોલેજના ટ્રસ્ટી રજનીકાંત પ્રાગડા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ટુર્નામેન્ટ ઓબ્ઝર્વર ડો. એચ.એ. ભાલીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા જામનગરના યુવા ઉદ્યોગપતિ મિતેશભાઈ લાલ દ્વારા ચેમ્પિયન બનેલા ભાઈઓ અને બહેનોને સાયકલ ભેટ આપવામાં આવી હતી.આંતર કોલેજ સાયકલિંગ સ્પર્ધાના ઈતિહાસમાં પ્રથમ વખત આયોજક કોલેજ દ્વારા વિજેતા ખેલાડીઓને સાયકલ ભેટ આપવાની અનોખી શરૂઆત કરવામાં આવી છે, જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસમાં એક નવી પહેલ ગણાય છે.

સમગ્ર સ્પર્ધાનું સફળ સંચાલન ભવન્સ એચ.જે. દોશી કોલેજના પ્રિન્સિપાલ ડો. તોસીફખાન પઠાણ અને તેમના સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સુંદર આયોજન બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી, રજીસ્ટ્રાર તથા ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા સહિત યુનિવર્સિટીના અધ્યાપકમિત્રોએ આયોજક કોલેજને અભિનંદન પાઠવ્યા હતા.

# યુરોપ વર્ક પરમીટના નામે દિલ્હીની ટોળકીએ રૂ.૩.૨૮ કરોડની ઠગાઈ આચરી

## રાજકોટમાં રહી ઈમિગ્રેશન કન્સલટન્સીનું કામ કરતા મહિલાનો સંપર્ક કરી વિશ્વાસ કેળવી ફસાવ્યા: ૭૮ ઉમેદવારોના દસ્તાવેજો અને ફી મેળવી લીધી

## ત્રણ માસમાં વર્ક પરમીટ આપી દેવાનું જણાવી નાણાં ખંખેર્યા : બે વર્ષ સુધી નવા નવા બહાના બતાવવી વારંવાર વાયદાઓ આપ્યા

**અબતક, રાજકોટ**

રાજકોટ અને સૌરાષ્ટ્રના લોકો સાથે યુરોપના વર્ક પરમીટના નામે દિલ્હીની ટોળકીએ રૂ. ૩.૨૮ કરોડ ખંખેરી લીધાનો મોટું કૌભાંડ સામે આવ્યું છે. રાજકોટમાં ઈમિગ્રેશન કન્સલ્ટન્સીનું નામ કરતી મહિલાનો સંપર્ક કેળવી યુરોપ વર્ક પરમીટ ફક્ત ત્રણ મહિનામાં અપાવી દેવાનો વાયદો આપી ૭૮ ઉમેદવારોના દસ્તાવેજો અને ફીના નામે રૂ. ૩.૨૮ કરોડ મેળવી લાઈ દિલ્હીની ટોળકીએ વર્ક પરમીટ નહિ કઢાવી આપી ઠગાઈ આચરતા રાજકોટ સાયબર ક્રાઈમ પોલિસ મથકે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જામનગર રોડ પર શ્રીજી પાર્ક-૧, બ્લોક નં.-૫ માં રહેતા ૩૮ વર્ષીય પરિણીતા મિત્તલબેન્ક વિજયકુમાર સુરજીવાલાએ આરોપી તરીકે ગ્યાનગતિ પ્રા. લિ., બેડોન એજ્યુકેશન કન્સલ્ટન્સી, કંપની ડિરેક્ટર અજય મોહનપાલ અને વિકાસ સૈની, નેહા ગુપ્તા, શ્વેતા શાહુ, સ્વાતિ મોહપાલ, મનપ્રિત સંધુ, મોનીકા સૈની (રહે. તમામ ઓફિસ નં.-૫, કોમ્યુનિટી સેન્ટર, બી બ્લોક, જનકપુરી (ઈસ્ટ), ન્યુ દિલ્હીનું નામ આપતાં રાજકોટ સાયબર ક્રાઈમ પોલિસે બીએનએસની કલમ ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૧૯(૧), ૩૩૬(૧), ૩૩૬(૩), ૩૩૮,૩૪૦(૧), ૩૪૦(૨), ૬૧(૨) તેમજ આઈટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેણી કે. એમ. ઈમિગ્રેશન કન્સલ્ટન્સી નામે ધ વન વર્લ્ડ-ડી બિલ્ડીંગ, અયોધ્યા ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે છેલ્લા ચાર વર્ષથી ઈમીગ્રેશનનો વ્યવસાય ધરાવે છે. જયારે તમામ આરોપીઓ ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ તરીકે કામ કરે છે. અમે અલગ અલગ રાજ્ય અને શહેરના ઈમિગ્રેશન કન્સલ્ટન્ટો સાથે વર્ક પરમિટનું બીટુબી પદ્ધતિથી કામ કરીએ છીએ. જેમાં રાજકોટ ખાતેથી વિદેશ કામ કરવા જવા માંગતા લોકોના દસ્તાવેજો તૈયાર કરી સંબંધિત રકમ સાથે આરોપીઓને મોકલેલ હતી.

ગ્યાનગતિ પ્રાઈવેટ લિમિટેડના સિનિયર સ્ટુડન્ટ કાઉન્સિલર નેહા ગુપ્તા દ્વારા ગત તા.૧૨-૧૦-૨૦૨૩ ની આસપાસ અમારો ફોન દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો અને અમને વોટ્સએપ દ્વારા ઇઝરાયેલ એગ્રીકલ્ચર વર્ક પરમિટ વિશેની માહિતી મોકલાવેલ હતી. જેથી અમે ઈઝરાયેલ વર્ક પરમિટ માટેનું કામ તેણીની કંપનીને આપેલ હતું પરંતુ ઈઝરાયેલ વર્ક પરમિટનું કામ રદ કરી ઈઝરાયેલમાં હાલ યુદ્ધની સ્થિતિ હોવાના કારણે વર્ક પરમિટ નહીં મળે તેમ જણાવી અમે ચૂકવેલી તમામ રકમ આરોપીઓ દ્વારા પરત આપી વિશ્વાસ સંપાદન કરવામાં આવેલ હતું.

બાદ મેં યુરોપના દેશોના વર્ક પરમિટ માટે પ્રપોઝલ આપવાં આરોપીઓની દિલ્હી ખાતે આવેલી ઓફિસની મુલાકાત લીધેલ હતી. જ્યાં અજય મોહનપાલ, વિકાસ સૈનિ, નેહા ગુપ્તા અને શ્વેતા સાહુ સાથે મુલાકાત થયેલ હતી. આ મીટીંગ દરમિયાન અમને આરોપીઓ દ્વારા સારા કામ માટેનો ભરોસો અને વચન આપવામાં આવતા અમે સૌ પ્રથમ ઓસ્ટ્રીયા એગ્રીકલ્ચર વર્ક પરમિટનું કામ આપવાનું નક્કી કરેલ હતું. જે પરમિટ માટે અમે ૫૨ ઉમેદવારોના દસ્તાવેજો અને તેની ફી આરોપીઓને આપેલ હતી. જે વર્ક પરમિટ અને વિઝા સબમિશનનું કામ આરોપીઓ ફક્ત ત્રણ માસમાં કરી દેશે તેવી ખાતરી આપેલ હતી. બાદ અમે ઑસ્ટ્રીયા દેશના ૪૮ ઉમેદવાર, નોર્વે દેશના ૧૭ ઉમેદવાર, કેનેડાના પાંચ ઉમેદવાર, લક્ઝમ દેશના બે ઉમેદવાર, ફ્રાંસના એક ઉમેદવાર, નેધરલેન્ડના એક ઉમેદવાર, સ્લોવાકીયાના બે ઉમેદવાર તથા હંગ્રીના બે ઉમેદવાર મળી ફૂલ ૭૮ ઉમેદવારોના વર્ક વિઝા માટે ઉમેદવારોના દસ્તાવેજો તેમજ રકમ મેળવી આરોપીઓના અલગ અલગ બેંક એકાઉન્ટમાં રૂ. ૧,૦૪,૨૦,૧૪૩ ટ્રાન્સફર કરેલ હતા. જયારે રૂ.૧, ૮૭,૬૫,૨૩૩૭ પીએમ આંગડિયા ઈન્દિરા સર્કલ રાજકોટ થી તેમજ ૩૭ લાખ ડીકે આંગડિયા ઈન્દિરા સર્કલ મારફત એમ કુલ મળી કુલ રૂ. ૩,૨૮,૮૨,૫૦૦ આરોપીઓને ચૂકવેલ હતા.

દસ્તાવેજો અને રકમ ચૂકવ્યા બાદ આરોપીઓએ ત્રણ મહિનામાં વર્ક પરમિટ આપી દેવાનો વાયદો પૂર્ણ ન કર્યો હતો. જેથી ઉમેદવારો દ્વારા ઝડપી પ્રક્રિયા પૂર્ણ કરવા દબાણ શરૂ કરવામાં આવ્યું હતું. છ મહિના પછી તા. ૨૩-૦૭-૨૦૨૪ ના રોજ સ્ટેપ બાય સ્ટેપ ૪૮ વ્યક્તિઓની વર્ક પરમિટ આપવા અંગે આરોપી અજય મોહેપાલે ૨૩-૮-૨૦૨૪ ના રોજ અમને ઉમેદવારોના સબમિશન માટે ઈમેલ દ્વારા ભરોસો રાખવા અને ટૂંક સમયમાં જ વર્ક પરમિટ મળી જશે તેવી ખાતરી આપવામાં આવેલ હતી. પરંતુ આ વાયદો પણ ફક્ત પોકળ સાબિત થયો હતો.

વધુમાં આરોપીઓએ અમારા ઉમેદવારો સાથે ઝૂમ એપ્લિકેશન મારફતે મીટીંગ કરી વિશ્વાસમાં લઈ જુદી જુદી તારીખો આપી ઉમેદવારોને ખોટા આશ્વાસન આપવામાં આવ્યા હતા. તેમજ મનપ્રીત સંધુ દ્વારા અમને લેટર હેડ પર નવેમ્બર,૨૦૨૪ ના અંત સુધીમાં તમામ ઉમેદવારોના વિઝા સબમીશન મળી જશે તેવી લેખિત બાંહેધરી આપવામાં આવી હતી પરંતુ ત્યાં સુધીમાં પણ કોઈ વર્ક પરમિટ આપવામાં આવી ન હતી. બાદ આરોપીઓએ ગત તા.૧૨-૧૨-૨૦૨૪ થી તા. ૦૨-૦૧-૨૦૨૫ સુધી અમારા ૪૮ ઉમેદવારોને ઓસ્ટ્રીયા એમ્બેસી ન્યુ દિલ્હી ખાતે વિઝા સબમીશન માટે એપોઈન્ટમેન્ટ લેટર આપવામાં આવ્યા હતા પરંતુ જ્યારે ફર્સ્ટ બેન્ચના સાત ઉમેદવારો તા.૧૨-૧૨-૨૦૨૪ ના સબમીશન માટે ગયેલ ત્યારે અજય મોહન પાલે અલગ અલગ બહાના બતાવી સાતેય ઉમેદવારોને પરત મોકલી દીધેલ હતા. જેથી ફરીવાર સાત ઉમેદવારોને બીજી બેચ સાથે તા.૨૧-૧૨-૨૦૨૫ ના રોજ ફરી વિઝા સબમીશન માટે આવવા જણાવેલ હતું. જેથી બાદમાં ફર્સ્ટ બેચના સાત ઉમેદવારો અને સેકન્ડ બેચના ૧૨ ઉમેદવારો સાથે ફરિયાદી પણ નવી દિલ્હી ગયેલ હતા પરંતુ બીજીવાર પણ આરોપીઓએ ખોટા બહાના બતાવી વિઝા સબમીશન કરાવેલ ન હતું. બાદમાં આરોપીઓએ તા. ૧૫-૦૨-૨૦૨૫ સુધીમાં સબમીશન ન થાય તો તા.૩૦-૩-૨૦૨૫ ના રોજ બધું પેમેન્ટ રિફંડ કરી આપશે તેવી બાહેંધરી તેમની કંપનીના લેટરપેડ પર આપેલ હતી જો કે, તેં વાત પણ ફક્ત કાગળ પર જ રહી હતી.

સતત વર્ક પરમિટ માટે આરોપીઓને પૂછપરછ કરતા તેઓ ખોટા કમિટમેન્ટ આપી, ફોન કોલ રિસીવ નહીં કરી મોબાઈલ સ્વીચ ઓફ કરી દેતા હોય અંતે ફરિયાદીએ યુરોપ વર્ક પરમીટના નામે રૂ. ૩.૨૮ કરોડની ઠગાઈ અંગે ફરિયાદ નોંધાવી હતી.

### ઓસ્ટ્રીયા એમ્બેસીના ખોટા લેટર બનાવી મોકલ્યા : તપાસ કરતા બનાવટી નીકળ્યા

આરોપીઓએ પરિણીતાને ગત તા.૦૮-૦૧-૨૦૨૫ ના રોજનું વિઝા સબમિશન માટેબો ઓસ્ટ્રીયા એમ્બેસી, ન્યુ દિલ્હીના નામે ઈમેઈલ મોકલ્યો હતો. જે ઈમેઈલમાં ૪૭ ઉમેદવારોના વિઝા સબમિશન થઈ જશે તેવી ખાતરી આપવામાં આવી હતી. જેથી ફરિયાદી ૪૭ ઉમેદવારો સાથે દિલ્હી ગયેલ હતા પણ આરોપીઓએ સબમિશન કરાવેલ ન હતું. જેથી ફરીયાદીવાહ ઓસ્ટ્રીયા એમ્બેસી, ન્યુ દિલ્હીમાં ઈમેઈલ મારફતે આરોપીએ મોકલેલ ઈમેઈલ, વર્ક પરમીટ અને વિઝા સબમિશન એપોઈમેન્ટ લેટર એટેચ કરી મોકલ્યો હતો અને બાદમાં કાઉન્સેલરને ફોન કરતા આરોપીઓએ આપેલ તમામ લેટર બોગસ હોવાનં સામે આવ્યં હતં.

### ઉમેદવારોની ધીરજ ખૂંટી : ઉઘરાણી શરૂ કરતા ફરિયાદીએ સોનુ વેંચી રૂ.૩૦.૫૦ લાખ ચૂકવ્યા

ફરિયાદીએ જણાવ્યું હતું કે, વર્ક પરમીટમાં ખુબ સમય લાગી જતાં ઉમેદવારોએ ઉઘરાણી શરૂ કરી વર્ક પરમીટ અથવા નાણાં પરત આપવા દબાણ શરૂ કર્યું હતુ. જેથી પરિણીતાએ પોતાનું અને પરિજનોનું સોનુ વેંચી રૂ. ૩૦.૫૦ લાખ ઉમેદવારોને ચૂકવ્યા હતા. ઉપરાંત ઉમેદવારોને રિફંડ આપવા પરિણીતાએ ઘર અને ઓફિસ પર લોન લેવા પણ અરજી કરી હતી. વધુમાં ઉમેદવારોને પોરબંદરથી ન્યુ દિલ્હી ઓસ્ટ્રીયા એમ્બેસી ખાતે લઈ જવા અને રહેવા અને જમવા માટે ફરિયાદીએ રૂ. ૩.૯૨ લાખનો ખર્ચ કર્યો હતો. ઉપરાંત એપ્લિકેશન, કુરિયર પેટે રૂ. ૨૯ હજાર, આરોપીઓની ઓફિસે સાતથી આઠ વાર જવા માટે ચાર લાખનો ખર્ચ થયો હતો. આરોપીઓએ ઠગાઈ આચરતા આ તમામ ખર્ચ ફરીયાદીએ ઉઠાવવો પડ્યો હતો.

## વિઝા સબમિશન માટે વારંવાર દિલ્હી બોલાવતા અને લીલા તોરણે જ પરત મોકલી દેતાં : અંતે પરિણીતાએ ફરિયાદ નોંધાવી

# સગીર વિદ્યાર્થી ઉપર સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્યમાં પટેલ બોર્ડિંગના ગ્રહપતિને શંકાનો લાભ

## સુપ્રીમ સુધીની કાનૂની કાર્યવાહીમાં આરોપીને જામીન ન મળ્યા: ફરિયાદી અને ભોગ બનનારાની વારંવાર બદલતી રહેતી હોવાની દલીલ થઈ

**અબતક,રાજકોટ**

શહેરની લેઉવા પટેલ બોર્ડિંગમાં સગીર વિદ્યાર્થીને ધમકી આપી અશ્લીલ વિડિયો બતાવી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવાના ગુનાનો ત્રણ વર્ષ પહેલાના કેસમાં અદાલતે તત્કાલીન ગૃહપતિ હસમુખ વસોયાને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.આ અંગેની હકીકત મુજબ શહેરની લેઉવા પટેલ બોર્ડિંગમાં અભ્યાસ કરતા ૧૩ વર્ષના સગીર વિદ્યાર્થીને બોર્ડિંગના ગૃહપતિ હસમુખ ચકુભાઈ વસોયાએ રૂમમાં બોલાવી અશ્લીલ વિડિયો બતાવી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચારી અને માર મારી ભણતર બગાડી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગેના આક્ષેપ સાથે સગીરના વાલીએ માલવીયાનગર પોલીસ મથકમાં ૨૯/ ૮/ ૨૦૨૩ના રોજ ફરિયાદ નોંધાવી હતી. તેમાં પોલીસે આરોપીની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી બાદ કોર્ટની સુચનાથી જેલ હવાલે થયેલ, તપાસ તપાસ પૂર્ણ થતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જે દરમિયાન જામીન અરજીની કાનૂની લડત સુપ્રીમ કોર્ટ સુધી ચાલી હતી. સુપ્રીમના કડક વલણને ધ્યાનમાં રાખીને અરજી વિથડ્રો કરવામાં આવી હતી. દરમિયાન કેસની સુનાવણી ચાલવા પર આવતા પ્રોસિક્યુશન તરફથી ડોકટરો, પોલીસ અધિકારીઓ, બોર્ડિંગના ટ્રસ્ટીઓ વગેરે મળી ૧૩ જેટલા સાક્ષીઓને તપાસ કરવામાં આવ્યા હતા. એફએસએલ રિપોર્ટ સહિત કુલ ૧૮ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. કેસમાં ફરીયાદી તથા ભોગ બનનારની કહાની વારંવાર બદલાતી હોવાથી તે વિશ્વાસપાત્ર નહિ હોવાની અને પોકસો એક્ટની કલમ ૨૯ મુજબનું પ્રિઝમ્પશન આ કેસમાં લાગુ પડતું ન હોવાના મતલબની બચાવ પક્ષે એડવોકેટ કુલદીપસિંહ બી. જાડેજાની દલીલો અને કાનૂની મુદ્દાઓ અને તેના ટેકામાં હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના મહત્વના ચુકાદાઓ ટાંક્યા હતા. જે ધ્યાનમાં લઈ સ્પેશિયલ પોક્સો કોર્ટે ત્રણ વર્ષથી જેલમાં રહેલા આરોપી હસમુખ ચકુભાઈ વસોયાને શંકાના લાભના આધારે નિર્દોષ જાહેર કરી જેલમુક્ત કરવાનો ચુકાદો ફરમાવ્યો હતો. આ કેસમાં બચાવ પક્ષે એડવોકેટ કુલદીપસિંહ બી. જાડેજા, જયોત્સનાબા જાડેજા, ડી.કે. પરમાર, સુભાગીનીબા ઝાલા, લકીરાજસિંહ જાડેજા અને યોગેશ્વરીબા જાડેજા હાજર રહ્યા હતા.


એડવોકેટ કુલદીપસિંહ જાડેજા

# વિંછીયાના અમરાપર ગામે ગાંજાની ખેતી કરતા ઝડપાયેલો શામજી ઝાપડિયા જામીન મુક્ત

## કપાસના પાકમાંથી લીલા ગાંજાના ૧૩ છોડ મળી રૂ.૫.૨૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો તો

**અબતક,રાજકોટ**

વિછીયા તાલુકાના અમરાપર ગામે ત્રણ મહિના પહેલા સ્થાનિક પોલીસે વાડીમાં દરોડો પાડી રૂપિયા ૫. ૨૭ લાખના ગાંજાના વાવેતર સાથે ઝડપાયેલા ખેડૂત શામજી સવા ઝાપડિયા ની જામીન અરજી અદાલતે મંજૂર કરી છે.વધુ વિગત મુજબ વિંછીયા તાલુકાના અમરાપુર ગામે રહેતા શામજી સવાભાઈ ઝાપડીયા (ઉં.વ. ૬૧) એ પોતાની વાડીમાં કપાસના પાક વચ્ચે ગાંજાના છોડનું વાવેતર કર્યું હોવાની પોલીસને મળેલી બાતમીના આધારે તારીખ ૧૩ ૧૨ ૨૫ ના રોજ દરોડો પાડ્યો હતો દરોડા દરમિયાન કપાસના પાકમાંથી ૧૪ કિલો અને ૧૧૦ ગ્રામ વજનના લીલા ગાંજાના ૧૩ છોડ મળી આવ્યા હતો, પોલીસે ગાંજા સહિત કુલ ₹૫.૨૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.પોલીસે માદક પદાર્થનું વાવેતર કરનાર ખેડૂત શામજીભાઈ ઝાપડીયાની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. તપાસ પૂર્ણ થતા શામજી ઝાપડિયા ને જેલ હવાલે કર્યો હતા.બાદ જેલ હવાલે રહેલા શામજી સવાભાઈ ઝાપડીયાએ વકીલ રૂપરાજસિંહ પરમાર મારફત રાજકોટની સ્પેશ્યલ એન.ડી.પી.એસ.કોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે.જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ પોલીસ દ્વારા જામીન અરજીનો વિરોધ કરવા સોગંદનામું રજુ કરી રજુઆત કરી કે પોતાના ખેતરમાંથી આરોપી હાજર મળી આવેલ હોય કાયદા મુજબ વધુ પ્રમાણમાં માદકપદાર્થ (ગાંજા)નો જથ્થો હોય જામીન મંજુર નહી કરવા રજુઆત કરી હતી.જે ઉભયપક્ષોની રજુઆતો સાંભળી આરોપી તરફે થયેલ દલીલો અને ઉચ્ચ અદાલતોના રજુ કરવામાં આવેલ ચુકાદાઓને ધ્યાને લઇ રાજકોટ સ્પેશ્યલ એન.ડી.પી.એસ.કોર્ટ દ્વારા આરોપીની જામીન અરજી મંજુર કરી આરોપીને જામીન મુકત કરવાનો હુકમ કર્યો છે.આરોપી શામજીભાઈ ઝાપડીયા તરફે રાજકોટના વકીલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા અને પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા.


રૂપરાજસિંહ પરમાર (આરોપી ના એડવોકેટ)

# અન્ય પુરૂષ સાથે રહેતી પત્નીની ભરણપોષણ મેળવવા હકદાર નથી

## પત્ની પરપુરૂષ સાથે રહેતી હોવાના ફોટોગ્રાફ્સ અને કરાર પણ અદાલત સમક્ષ રજૂ કર્યા

**અબતક, રાજકોટ**

ફેમિલી કોર્ટએ ભરણ પોષણના કેસમાં મહત્વનો ચુકાદો આપ્યો છે. જેમાં પ્રેમી સાથે રહેતી હોવાનું સામે આવતા પત્નીએ કરેલી વચગાળાના ભરણપોષણની અરજી નામંજૂર કરવામાં આવી છે. અદાલતે હાલના તબક્કે ભરણપોષણ મેળવવાનો હક બનતો નથી. વધુ વિગતો મુજબ પતિએ પત્ની વ્યભિચારી જીવન જીવતી હોવાનો આક્ષેપ કરી હિન્દુ લગ્ન અધિનિયમની કલમ ૧૩(એ) હેઠળ લગ્નવિચ્છેદ મેળવવા ફેમિલી કોર્ટ સમક્ષ દાવો દાખલ કર્યો છે. આ દરમિયાન પત્નીએ હિન્દુ લગ્ન અધિનિયમની કલમ-૨૪ હેઠળ વચગાળાનું ભરણપોષણ મેળવવા અરજી કરી હતી. અરજીમાં જણાવ્યું હતું કે, તેમની પાસે આવકનો કોઈ સ્વતંત્ર સ્રોત નથી અને પોતાનું જીવન નિર્વા ચલાવવા માટે પતિ પાસેથી આર્થિક મદદ જરૂરી છે. પતિ પાસે પૂરતી આવક હોવા છતાં તેઓ ભરણપોષણ આપવા તૈયાર નથી.પતિના એડવોકેટ પ્રકાશ બેડવા એ દલીલ કરી હતી કે, પત્ની પોતાની મરજીથી અલગ રહે છે અને હાલ અન્ય પુરુષ સાથે રહેતી હોવાથી ભરણપોષણ મેળવવા હકદાર નથી. આ અંગેના ફોટોગ્રાફ્સ અને એક કરાર પણ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટએ નોંધ્યું કે, રજૂ કરાયેલ કરાર પર બંને પક્ષો તેમજ પત્નીના મિત્રના પણ હસ્તાક્ષર છે તે અમલમાં મુકાયેલ હોવાનો પ્રાથમિક દ્રષ્ટિએ અંદાજ આવે છે. તેથી હાલના તબક્કે પત્ની ભરણપોષણ મેળવવા હકદાર નથી એવી નોંધ લઈને અદાલતે વચગાળાના ભરણપોષણની અરજી નામંજૂર કરી હતી. પતિ તરફથી એડવોકેટ પ્રકાશ નથુભાઈ બેડવા, માધવભાઈ બગડા, અશોકભાઈ વાઘેલા, અભીભાઈ ચોલેરા, મદદનીશ જોશનાબેન જી. સોલંકી, આર.કે. વાઘેલા અને હિતેષભાઈ બેડવા રોકાયેલા હતા.

# બોટાદના નિવૃત્ત શિક્ષક સાથે રાજકોટમાં પરાણે શરીર સંબંધ બંધાવી ૧૨ લાખ પડાવ્યા: ત્રિપુટી ઝબ્બે

## પેન્શનની રકમનું જમીનમાં રોકાણ કરવા પરિચિત પાયલ પટેલનો સંપર્ક કરતા વૃદ્ધ ફસાયા : બસ સ્ટેન્ડ પાછળ એલેક્ષા હોટેલમાં રોકાતા પાયલ અન્ય બે યુવતીઓ સાથે આવી'તી

## અંતે ૧૨ લાખમાં સમાધાન કરી નાણાં ટ્રાન્સફર કરાવી લીધા'તા : વધુ નાણાંની ઉઘરાણી કરતા વૃદ્ધે ફરિયાદ નોંધાવી

## એક યુવતીએ કપડાં ઉતારી ધરાર શારીરિક સંબંધ બંધાવ્યો અને બીજીએ વિડીયો ઉતારી લીધો : જો બંનેને ૪૦-૪૦ લાખ નહિ આપો તો વિડીયો વાયરલ કરવાની ધમકી આપી

### ક્રાઈમ બ્રાન્ચે પાયલ પટેલ, તેજલ અને નિલેશને દબોચ્યા : નાણાં રીકવર કરવા તજવીજ

**અબતક, રાજકોટ**

બોટાદના નિવૃત શિક્ષકને જમીન બતાવવાના બહાને રાજકોટ બોલાવી બસ સ્ટેન્ડ પાછળની હોટેલમાં પરાણે શરીર સબંધ બાંધી રૂ.૧૨ લાખ પડાવી લેવાનો બનાવ સામે આવતાં ચકચાર જાગી છે. શિક્ષકની ફરજ પરથી નિવૃત્ત થતાં વૃધ્ધને પેન્સનની રકમ જમીનમાં રોકવા માટે અગાઉ પરિચયમાં આવેલ ગાંધીનગરની પાયલનો સંપર્ક કર્યો અને બંને રાજકોટ આવી બસ સ્ટેન્ડ પાછળ આવેલ એલેક્ષા હોટલમાં ઉતર્યા હતાં. જ્યાં સાથે રહેલ અને અન્ય એક યુવતીએ પોતાના કપડા કાઢી પરાણે શરીર સબંધ બંધાવી અન્ય યુવતીએ વિડીયો ઉતારી જો ૪૦-૪૦ લાખ નહીં આપે તો ન્યૂડ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ૧૨ લાખ પડાવી લેતાં ગુનો નોંધાયો હતો. જે મામલે કાર્યવાહી કરતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગણતરીની કલાકોમાં જ પાયલ, તેજલ અને નિલેશ નામના શખ્સને દબોચી નાણાં રિકવર કરવા તજવીજ આદરી હતી. બનાવ અંગે બોટાદમાં ભાંભણ રોડ પર હીફલી શેરી નં.૯ માં રહેતાં બટુકભાઈ માનસંગભાઈ પટેલ (ઉ.વ.૫૯) ૨ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પાયલ ભાવીન પટેલ (રહે. ગાંધીનગર) અને તેની સાથેની અજાણી બે મહિલાનું નામ આપતાં એ.ડિવિઝન પોલીસે બીએનએસ એકટ ૧૪૦(૪), ૩૦૮(૫), ૧૨૭(૭) સહિતની આકરી કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ અગાઉ શિક્ષક તરીકે સ્વા.ગઢડાના હામાપર ગામમે ફરજ બજાવતા અને ગઈ તા.૩૧/૧૦/ ૨૦૨૫ ના રોજ નિવૃત થયેલ છે. તેઓ જે હામાપર ગામ ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવતાં તે ગામની બાજુમાં ઈગૌરાણા (ખાલસા) ગામ ખાતે વર્ષ ૨૦૧૦ માં આશરે ૧૭ વિઘા જમીન ખરીદ કરેલ હતી, તે જમીન ભાગ્યાને વાવેતર કરવા આપતો હતો. એકાદ વર્ષ પહેલા બોટાદ ખાતે સમન્વય સ્કુલનો કાર્યક્રમ હોય ત્યાં પાયલ પટેલનો કાર્યક્રમ કરનાર કમલેશભાઈ દ્વારા પરીચય થયેલ હતો. કમલેશભાઈએ જણાવેલ હતુ કે, આ પાયલબેન ગાંધીનગરથી આવે છે અને જમીન મકાનનું કામકાજ કરે છે. જેથી પાયલબેનને વાત કરેલ કે, હું એકાદ વર્ષમાં નિવૃત થવાનો છું, મારી પાસે જમીન છે તે વેચવાની અને તે રૂપીયા આવે તેનું બીજી જગ્યાએ જમીન લઈ અને રોકાણ કરવાનું છે. તો આ પાયલબેને વાત કરેલ કે, તમારી જમીન તેમજ તમો રીટાયર્ડ થાવ તેના રૂપીયા આવે ત્યારે મને વાત કરજો કરી બે મોબાઈલ નંબર આપ્યા હતા.

બાદ ગઈ તા. ૩૧/૧૦/૨૦૨૫ ના રોજ ફરીયાદી શિક્ષકની નોકરીમાંથી હામાપર ગામથી રીટાયર્ડ થયેલ અને નિવૃતીના હકક હીસ્સાના રૂપીયા આવી જતાં પાયલબેનને વાત કરેલ કે, હું રીટાયર્ડ થઈ ગયેલ છું, મારા હકક હિસ્સાના રૂપીયા આવી ગયેલ છે તો મારે ખેતીની જમની લેવાની છે તો ક્યાંય જમીન સારી હોય તો બતાવજો, તો તેણે કહેલ કે, કઇ બાજુ તો, તેને કહેલ કોઈ પણ જગ્યાએ ચાલશે. તેઓ પાયલ સાથે અવાર નવાર જમીન લેવા બાબતે વાતચીત કરતાં તેને કહેલ કે, રાજકોટ જમીન જોવા જવાની છે. ગઈ તા.૦૭/૦૨/૨૦૨૬ ના સવારના નવેક વાગ્યા વખતે પાયલ સાથે વાત કરેલ અને તેઓ ધોળકાથી નીકળુ છું તેમ વાત કરેલ જેથી પાયલે કહેલ કે, હું ગાંધીનગરથી આવું છું અને આપણે ઉજાલા સર્કલે ભેગા થાય જેથી ફરીયાદી સ્વીફ્ટ ડીઝાયર કાર નં. જીજે-૦૪-સીએ-૧૪૦૬ ચાલવીને એકલો ઉજાલા સર્કલ ખાતે ગયેલ અને પાયલ પ્રાઈવેટ ઉબેર ટેકસીમાં આવેલ અને કહેલ કે, હાલો નીકળીએ. જેથી ફરીયાદીએ કારની ચાવી આ પાયલને આપી દીધેલ અને તે કાર ચાલવતી હતી અને તેઓ તેની બાજુમાં આગળની શીટ પર બેઠો હતો. તેણે રસ્તામાં જમીન બાબતે વાતચીત કરેલ અને બાદ બપોરના ચોટીલા પહોંચેલ અને ત્યાં હાઈવે રોડ પર આવેલ લાલા રઘુવંશી હોટલ પર જમવા રોકાયેલ અને ત્યાંથી જમીને રાજકોટ આવવા રવાના થયેલ અને શહેરમાં એન્ટર થતા આ પાયલે એક લેડીઝને ફોનમાં વાત કરીને કહેલ કે, અમે આવી છીએ તું, કયાં છો તો તેણે કહેલ કે હું રેલ્વે સ્ટેશન ખાતે ઉભી છું, જેથી આ પાયલે કાર લઈ અને રાજકોટ રેલ્વે સ્ટેશન ખાતે આવેલ ત્યાં એક લેડીઝ ઉભી હોય તેને કારમાં બેસાડી બસ સ્ટેન્ડ પાછળ લઈ આવેલ અને ત્યાં એલેક્ષા હોટલ ખાતે વખતે ગયેલ હતાં. ત્યાં એક રૂમ રાખેલ જેમાં ફરિયાદીનું આધાર કાર્ડ આપેલ અને રૂમ નં.૩૦૭ આપેલ અને ત્રણેય રૂમમાં ગયેલ અને પાયલે કહેલ કે, હું પાર્ટીને બોલાવીને આવું તેમ કહી જતાં રહેલ અને થોડીવારમાં રૂમમાં એક બીજી લેડીઝ આવેલ અને તેમની સાથે આવેલ લેડીઝે પોતાના કપડા ઉતારી નાખેલ અને બીજી આવેલ લેડીઝે બળજબરીથી શરીર સંબંધ બાંધવા કહેતાં તેઓએ ના પાડતા તેને પોકસોની કલમમાં ફીટ કરી દઈશની ધમકી આપી સાથે કારમાં આવેલ લેડીઝ સાથે પરાણે શરીર સબંધ બંધાવેલ અને પાછળથી આવેલ લેડીઝે બંનેના ફોટા પાડેલ હતાં.

બાદ બંને મને માર મારવા લાગેલ અને કહેલ કે, તારા ઉપર બળાત્કારનો કેસ કરવો છે, મારી પાસે ફોટાના પુરાવા છે. જેથી પાયલને ફોન કરી કહેલ કે, આ બંને લેડીઝે મારી સાથે બળજબરી કરેલ છે તમો આવો તેમ વાત કરતા તેણે કહેલ કે, હું નીચે જ છું, આવું છું. પાયલે આવી કહેલ કે આપણે બધા અહીંથી નીકળી જઈએ પોલીસ આવશે તો ખોટા કેસ કબાડામાં પડીશું. પાયલ હોટલ નીચે ઉતરી ગયેલ અને તેમની સાથેની બીજી બે અજાણી મહીલાએ તેની પાસેની છરી વતી જાનથી મારી નાખવાની ધમકી આપી અને હોટલ નીચે ઉતારી ધમકી આપી કારમાં બેસાડી દીધેલ હતો. કાર પાયલ ચલાવતી હતી અને બીજી બે અજાણી મહીલા પાછળની સીટમાં બેસેલ હતી. તેઓ કોઈ અજાણી જગ્યાએ રાજકોટ બારોબાર લઈ ગયેલ અને બંને અજાણી મહીલાએ કહેલ કે, અમારા બંનેના ચાલીસ લાખ, ચાલીસ લાખ થશે તો તમારી સાથે સમાધાન કરીએ નહીતો બળાત્કારના કેસમાં ફીટ કરી દઈશું, આ પાયલ સમાધાન કરાવવા માટે વાતચીત કરેલ અને તેણે રૂ.૧૫ લાખ આપી સમાધાન કરી આપવાનું કહેલ તો તેને કહેલ કે, મારી પાસે બેંકમાં પંદર લાખની બેલેન્સ નથી, તેમ કરી અને અંતે રૂ.૧૨ લાખ આપવાનું નકકી કરેલ અને કહેલ કે સોમવારે બેંક ખુલે ત્યારે આપીશ. બાદ આ અજાણી મહીલા રીક્ષામાં જતી રહેલ અને પાયલે કહેલ કે, આપણે અહીંથી જલ્દી નીકળી જઈએ આ બંને કોઇ પોલીસ ફરીયાદ કરે તો તેમ કહી અને બંને કારમાં જતાં રહેલ અને અમદાવાદ સરખેજ ઉજાલા ચોકડીએ તેઓને કાર આપી દીધેલ અને આ પાયલે ઉબેર ટેકસીમાં જતી રહેલ અને તેઓ કાર લઈને ધોળકા મારા ઘરે જતો રહેલ હતો. બાદમાં સોમવારે ગઈ તા.૦૯/૦૨ ના પાયલના બેંક એકાઉન્ટમાં આરટીજીએસ કરી રૂ.૧૨ લાખ ટ્રાન્સફર કરી અને પાયલને ફોન કરી કરતાં તેણે કહેલ કે, તમારા રૂપીયા આવી ગયા છે, આ રૂપીયા હું બંને લેડીઝને આપી દઈશ. બાદમાં આ પાયલે બે ત્રણ વાર ફોન કરેલ કે, તમારે બાકીના રૂપીયા આપવાના છે કે નહી અને નહી આપી તો તમને બળાત્કારના કેસમાં ફીટ કરી દઈશ, અવાર નવાર ફોન કરી કેસ કરવાની ધમકી આપતી હોય જેથી સમાજમાં બદનામી થશે તેવો ભય લાગતા કોઈને વાત કરેલ નહિ અંતે મિત્રોને બનાવની સંપૂર્ણ વાત કરી અને કહેલ કે, મારે સમાજમાં રહેવા જેવું રહ્યું નથી અને મારે મરી જવું છે તેવું કેહતા મીત્રોએ સમજાવેલ અને હીંમત આપતા ફરીયાદ નોંધાવી હતી. મામલામાં ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા અને સી એચ જાદવની રાહબરી હેઠળ પીએસઆઈ એસ વી ચુડાસમા અને ડી પી ઝાલાની ટીમે ગણતરીની કલાકોમાં જ હનીટ્રેપ કરનાર પાયલ ભાવેશભાઈ પટેલ, તેજલ અને નિલેશ નામના શખ્સને દબોચી લાઈ નાણાં રિકવર કરવા તજવીજ આદરી હતી.



### પાયલ પટેલે એક વર્ષ પૂર્વે સુરતના જમીન દલાલને હનીટ્રેપમાં ફસાવી રૂ.૭.૫૦ લાખ પડાવી લીધા'તા

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર બોટાદના નિવૃત શિક્ષકને હનીટ્રેપમાં ફસાવી લેનાર પાયલ પટેલ અગાઉ સુરતના જમીન દલાલને પણ હનીટ્રેપમાં ફસાવી ચુકી છે. ગત તા.૦૬-૦૩-૨૦૨૫ ના રોજ સુરતના જમીન દલાલ પરસોત્તમભાઈ સુતરીયાને સૌરાષ્ટ્ર તરફની જમીનની ફાઈલની આપ-લે કરવા અંકલેશ્વરની હોટેલમાં મળવા બોલાવ્યા હતા. જે રૂમમાં પાયલ પટેલ અગાઉથી જ હાજર હતી. પરસોતમ સુતરીયા આવતા જ પાછળથી પાયલના સાગરીત પાર્થ ઠાકર અને કમલેશ મહેતા રૂમમાં ધસી આવ્યા હતા અને જમીન દલાલનું અપહરણ કરી ભરૂચ ખાતે લાઈ ગયા હતા. જમીન દલાલને ડરાવી-ધમકાવી અને માર મારી ચપ્પુની અણીએ ટોળકીએ રૂ. ૭.૫૦ લાખ પડાવી લીધા હતા. જે મામલે પાયલ પટેલની અગાઉ ધરપકડ પણ થઈ ચુકી છે.

# આંબરડી સફારી પાર્કમાં મુલાકાતીઓની સંખ્યામાં ૧૮ %નો વધારો

## અત્યાર સુધી સિંહ એટલે માત્ર 'સાસણ ગીર' એવું મનાતું, પણ હવે આંબરડી સફારી પાર્ક એક મજબૂત પર્યાય તરીકે ઊભર્યું




### અમરેલી જિલ્લામાં સાવજોના હુમલામાં પશુધારકોને ૧.૪૩ કરોડની સહાય

અમરેલી જિલ્લાના ગીર વિસ્તારમાં સિંહ, દીપડા કે અન્ય વન્યજીવોના હુમલામાં જેમણે પોતાના પશુઓ ગુમાવ્યા છે, તેવા ૧,૯૬૬ પશુપાલકોને કુલ રૂ.૧.૪૩ કરોડનું વળતર ચૂકવવામાં આવ્યું છે. વિધાનસભામાં વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૩માં ૯૨૦ પશુપાલકોને રૂ. ૬૭.૯૧ લાખ ચૂકવાયા. વર્ષ ૨૦૨૪માં ૯૬૫ પશુપાલકોને ૬૯.૪૦ લાખની સહાય અપાઈ (જેમાં અગાઉના વર્ષ કરતા ૪.૯% નો વધારો થયો છે). જાન્યુઆરી ૨૦૨૫માં માત્ર એક મહિનામાં જ ૮૧ પશુપાલકોને રૂ. ૫.૫૦ લાખ ચૂકવવામાં આવ્યા છે.સરકારના નિયમ મુજબ વન્યજીવના હુમલામાં ગાય અને ભેંસમાં વધુમાં વધુ રૂ. ૫૦ હજાર અને ઊંટ પરના હુમલામાં વધુમાં વધુ રૂ.૪૦ હજાર ની સહાય અપાઈ હતી.

**અબતક, અમદાવાદ**

અમરેલી જિલ્લાના ધારી પાસે આવેલું અમરડી સફારી પાર્ક હવે એશિયાટિક સિંહ જોવા માટે પ્રવાસીઓની પહેલી પસંદ બની રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં અહીં આવનારા પ્રવાસીઓની સંખ્યામાં ૧૮.૬% નો ધરખમ વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૪ માં

(અનુ. આઠમા પાને)

### ધારી વન વિભાગ દ્વારા કાળઝાળ ગરમીમાં વન્ય પ્રાણીઓ માટે પાણીના પોઇન્ટ ઉભા કરાયા

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારીઃ** ધારી વન વિભાગ દ્વારા કાળઝાળ ગરમીમાં વન્ય પ્રાણીઓ માટે પાણીના પોઇન્ટ ઊભા કરવામાં આવ્યા છે.

ધારી વન વિભાગના નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ ના જરૂરી માર્ગદર્શન હેઠળ ધારી વન વિભાગના કાર્ય ક્ષેત્રમાં આવતી દરેક રેન્જ કચેરી ના જંગલ વિસ્તારમાં ઉનાળાની ગરમીને લઈ અને વન્ય પ્રાણીઓને

(અનુ. આઠમા પાને)




# જળાશયોમાં પર્યાપ્ત જળ જથ્થોઃ ઉનાળો સાંગોપાંગ નિકળી જશે

## સૌરાષ્ટ્રના જળાશયોમાં ૫૩૬૨૧ એમસીએફટી પાણી

**અબતક, રાજકોટ**

રાજયની જળ જરૂરિયાત સંતોષતા તમામ જળાશયોમાં હાલ પર્યાપ્ત માત્રામાં જળ જથ્થો ઉપલબ્ધ છે. ઉનાળાની સિઝનમાં પીવાની કે સિંચાઈના પાણીની કોઈ જ પ્રકારની મુશ્કેલી સર્જાય તેવું હાલ દેખાળું નથી. ડેમોમાં હાલ ૬.૪૬ લાખ એમસીએફટી એટલે કે ૭૨ ટકા પાણી છે સૌરાષ્ટ્રના જળાશયોમાં ૫૩૬૨૧ એમસીએફટી પાણી છે.



ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ઉનાળાની સિઝનમાં રાજ્યના પ્રત્યેક નાગરિકને પીવાનું અને ખેડૂતોને સિંચાઈ માટેનું પૂરતું પાણી ઉપલબ્ધ થઈ શકે તે માટે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના જળાશયોમાં ઉપલબ્ધ પાણીના જથ્થાની માહિતી મેળવી હતી.

ગુજરાતમાં ચાલુ વર્ષે ચોમાસામાં સારા વરસાદના પરિણામે રાજ્યના મુખ્ય જળાશયોમાં હાલની સ્થિતિએ કુલ ૬.૪૬ લાખ એમસીએફટી એટલે કે, ૭૨ ટકાથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ગત વર્ષની

(અનુ. આઠમા પાને)

# છેલ્લા દસકામાં "અભયમ" પર લગ્નેત્તર સંબંધોની ફરિયાદો પાંચ ગણી વધી

## માત્ર લગ્નેત્તર સંબંધો જ નહીં, પરંતુ ઘરેલું હિંસાના કેસમાં પણ મોટો વધારો

**અબતક, અમદાવાદ**

ગુજરાતમાં મહિલાઓની સુરક્ષા અને સહાય માટે કાર્યરત 'અભયમ ૧૮૧' હેલ્પલાઈનના છેલ્લા ૧૦ વર્ષના આંકડા એક ચોંકાવનારી સામાજિક સ્થિતિ તરફ ઈશારો કરી રહ્યા છે. રાજ્ય સરકાર અને ગ્રીન સિટી દ્વારા સંચાલિત આ હેલ્પલાઈન પર લગ્નેત્તર સંબંધોને કારણે ઊભી થતી સમસ્યાઓના કોલ્સમાં પાંચ ગણો વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૬માં જ્યાં આ કિસ્સામાં ૨,૧૯૦ કોલ્સ આવ્યા હતા, ત્યાં ૨૦૨૫ સુધીમાં આ સંખ્યા વધીને ૧૦,૪૨૮ પર પહોંચી ગઈ છે.

માત્ર લગ્નેત્તર સંબંધો જ નહીં, પરંતુ ઘરેલું હિંસાના કિસ્સાઓમાં પણ ચિંતાજનક વધારો થયો છે. ૨૦૧૬માં કુલ કોલ્સના ૩૨ ટકા કોલ્સ ઘરેલું હિંસાના હતા, જે ૨૦૨૫માં વધીને ૪૬ ટકા(લગભગ ૯૦,૦૦૦ કોલ્સ) થયા છે. ખાસ કરીને કોવિડકાળ દરમિયાન આ આંકડો ૪૯% સુધી પહોંચી ગયો હતો. આ ઉપરાંત પજવણી, માનસિક ત્રાસ અને કાયદાકીય મદદ માટેના કોલ્સમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે.

માર્ચ ૨૦૧૪માં શરૂ થયેલી અભયમ હેલ્પલાઈને તાજેતરમાં


(અનુ. આઠમા પાને)

### સોશિયલ મીડિયા અને બદલાતી જીવનશૈલી જવાબદાર

તાજેતરમાં અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં બનેલી એક ઘટના મુજબ, એક પરિણીત મહિલા સોશિયલ મીડિયા પર મળેલા પ્રેમીના વિશ્વાસે પોતાનું પાંચ વર્ષનું લગ્નજીવન છોડીને ભાગી ગઈ હતી. જોકે, બે મહિના બાદ પ્રેમીએ લગ્નનો ઈનકાર કરતા મહિલાએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ૧૮૧ના કાઉન્સિલરોએ સમયસર હસ્તક્ષેપ કરી મહિલાનું કાઉન્સિલિંગ કર્યું અને હાલ તે પોતાના પતિ સાથે પુનઃ સ્થાપિત થવા પ્રયત્નશીલ છે. નિષ્ણાતોના મતે, અતિશય સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના વળગણને કારણે આંતરવ્યક્તિત્વ સંબંધોમાં તિરાડ પડી રહી છે.

# ગુજરાતના ૪૯.૫૯ લાખ ખેડુતોના બેંક ખાતામાં કાલે રૂ.૧૦૨૮ કરોડ જમા થશે

## વડાપ્રધાન દેશના ખેડૂતો સાથે વર્ચ્યુઅલ સંવાદ કરીને વિશેષ સંબોધન કરશે



**અબતક, રાજકોટ**

આવતીકાલે શુક્રવારે સાંજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આસામના ગુવાહાટી ખાતેથી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો ૨૨મો હપ્તો રિલીઝ કરશે. આ કાર્યક્રમના માધ્યમથી વડાપ્રધાન દેશના ખેડૂતો સાથે સંવાદ કરીને વિશેષ સંબોધન કરશે. જે અનુસંધાને ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો કાર્યક્રમ યોજાશે.

આ અંગે વધુ વિગતો આપતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પીએમ કિસાન યોજનાના ૨૨માં હપ્તા પેટે સમગ્ર દેશના ૯.૩૨ કરોડથી વધુ ખેડૂતોને રૂ. ૧૮,૬૪૦ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવશે. જે પૈકી ગુજરાતના આશરે ૪૯.૫૯ લાખ ખેડૂત પરિવારોને રૂ. ૧,૦૨૮ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

રાજ્ય

(અનુ. આઠમા પાને)

## રાજયમાં મેટ્રો રેલનું નેટવર્ક ૧૦૮ કિ.મી. થી વધી ૧૯૦ કિ.મી. થશે

# રાજકોટ-વડોદરામાં પણ મેટ્રો રેલ સેવા શરૂ કરવાની સરકારની વિચારણા

## અમદાવાદ અને સુરત મેટ્રો માટે ૩૪ અત્યાધુનીક ટ્રેન સેટસનો ઓર્ડર આપતી રાજય સરકાર

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે ૩૪ અત્યાધુનિક મેટ્રો ટ્રેનસેટ્સ માટે ઓર્ડર આપ્યો છે, જેમાં અમદાવાદ મેટ્રો ફેઝ-II માટે ૧૦ ટ્રેનસેટ અને સુરત મેટ્રો માટે ૨૪ ટ્રેનસેટનો સમાવેશ થાય છે. આ ટ્રેનો કોલકાતામાં ટીટાગઢની અદ્યતન મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ખાતે બનાવવામાં આવી રહી છે,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં મેટ્રો ટ્રેન શરૂ કરવાનું સ્વપન સેવ્યું હતું, અને તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં અમદાવાદ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા હતા. આજે તેમના સુદૃઢ માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ ફેઝ-૧ અને ફેઝ-૨ સફળતાપૂર્વક શરૂ કરવામાં આવ્યા છે, અને અમદાવાદ-ગાંધીનગરના લાખો નાગરિકો મેટ્રો ટ્રેનનો લાભ મેળવી રહ્યા છે. મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ આજે રાજ્ય શહેરી પરિવહન માળખાને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભરી રહ્યું છે. અમદાવાદ મેટ્રો ફેઝ-૨ હેઠળ અમદાવાદ-ગાંધીનગર કોરિડોરમાં, ૬૮.૨ કિમી મેટ્રો નેટવર્ક પહેલેથી જ કાર્યરત છે, જેમાં હાલમાં ૩૨ ટ્રેનસેટ્સ સેવામાં છે. તેમાં વધુ ૧૦ ટ્રેનસેટ્સનો ઉમેરો થવાથી મુસાફરોના પરિવહન માટે ટ્રેનની ફ્રીકવન્સી વધી જશે, ટ્રેનો માટે રાહ જોવાનો સમય ઘટશે અને મુસાફરોને વધુ સારી સુવિધા મળશે.

હાલમાં, સુરત ખાતે ૪૦.૩ કિમી લાંબા મેટ્રો રેલ નેટવર્કનું બાંધકામ ઝડપથી આગળ વધી રહ્યું છે. સુરત મેટ્રો માટે ૨૪ ટ્રેનસેટ્સનો ઓર્ડર આપવામાં આવ્યો છે, જે પૂર્ણ થયે સુરત શહેર ટકાઉ શહેરી પરિવહનના મજબૂત વિસ્તરણનું સાક્ષી બનશે.

ગુજરાત રાજ્યમાં હાલમાં મેટ્રો રેલ નેટવર્ક ૧૦૮ કિમી સુધી વિસ્તરેલું છે, અને આગામી વર્ષોમાં ૧૯૦ કિમી સુધી તેનું વિસ્તરણ થવાનો અંદાજ છે. તેમાં ૬.૦૪ કિમીની અગાઉથી આયોજિત એરપોર્ટ લાઈનનો પણ સમાવેશ થાય છે, જે કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવશે. રાજકોટ અને વડોદરા જેવા અન્ય મુખ્ય શહેરોમાં પણ મેટ્રો રેલ સેવાઓનું વિસ્તરણ કરવા માટેની દરખાસ્તો વિચારણા હેઠળ છે, જેથી રાજ્યભરમાં આધુનિક, કાર્યક્ષમ અને પર્યાવરણને અનુકૂળ પરિવહનના લાભો વધુ ને વધુ નાગરિકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરી શકાય.

ગુજરાતમાં નવી મેટ્રો સિસ્ટમ્સ અત્યાધુનિક ડ્રાઈવરલેસ (ડ્રાઈવર વગરની) ટેક્નોલોજીથી સજ્જ હશે, જે સમયપાલકતા, સલામતી અને ઊર્જા કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ ટ્રેનોમાં રિયલ-ટાઈમ મોનિટરિંગ અને ઓટોમેટેડ બ્રેકિંગ સિસ્ટમ્સ, ઑપ્ટિમાઈઝ્ડ સ્પીડ પ્રોફાઈલ્સ અને ઈન્ટેલિજન્ટ ફોલ્ટ ડાયગ્નોસ્ટિક્સ હશે, જે વિશ્વસનીય કામગીરીની ગેરંટી આપે છે. વધુમાં, સીસીટીવી સર્વેલન્સ, ફાયર ડિટેક્શન સિસ્ટમ્સ, ફેઈલ-સેફ ડોર ઓપરેશન્સ અને ઓબ્સ્ટેકલ

(અનુ. આઠમા પાને)

## પ્રમોલગેશન થયેલા ગામોની

# જમીન માપણીની ક્ષતિઓ સુધારવા માટે રાજયમાં એક સમાન પદ્ધતિ અપનાવાશે

## જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લાઓમાં ભૂમિ સીમાંકન સમિતિ કાર્યરત થશેઃ પ્રમોલગેશન બાદ આવેલી ક્ષતિ સુધારણા અરજીઓના આયોજનબદ્ધ નિકાલ માટે સાત કેટેગરી નિયત કરાય

**અબતક, રાજકોટ**


મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં પ્રમોલગેશન થયેલા ગામોમાં માપણી અંતર્ગત રહી ગયેલી ક્ષતિઓની સુધારણાની અરજીઓનો એકસમાન પદ્ધતિ અને આયોજનબદ્ધ ધોરણે નિકાલ હાથ ધરવા માટે ભૂમિ સીમાંકન માટેના સ્પષ્ટ દિશાનિર્દેશો મહેસુલ વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યા છે.

ખેતીની જમીનોની માપણીમાં પ્રમોલગેશન પછી ખેડૂતોની વાંધા અરજીઓનો નિકાલ પારદર્શક અને ચોકસાઈપૂર્વક રીતે કરીને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વેગ આપવા સાથે ગ્રામીણ ખેડૂતોના હિતોની રક્ષા કરવાનો ખેડૂત કલ્યાણલક્ષી અભિગમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નિર્ણયથી અપનાવ્યો છે.

તેમણે ભૂમિ સીમાંકન અંતર્ગત રાજ્યના જિલ્લાઓમાં કલેકટરની અધ્યક્ષતામાં ભૂમિ સીમાંકન સમિતિ કાર્યરત કરવા અને જિલ્લાની ભૂમિ સીમાંકન કામગીરીની સમીક્ષા કરવાની સૂચનાઓ આપી હતી.

આવી જિલ્લા સ્તરીય સમિતિમાં કલેકટર

(અનુ. આઠમા પાને)



# નેશનલ હાઈવે ઓથોરિટીએ ગુજરાતના વાહન ચાલકો પાસેથી પાંચ વર્ષમાં રૂ.૨૦૩૮૩ કરોડનો ટોલ ખંખેર્યા


## હાઈવે વિકાસ અને જાળવણી માટે રૂ. ૪૭,૨૩૬ કરોડ ફાળવાયાઃ રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણીને કેન્દ્રીય મંત્રીનો જવાબ

**અબતક, રાજકોટ**

કેન્દ્ર સરકારે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ગુજરાતમાંથી પસાર થતા નેશનલ હાઈવે પરથી કુલ રૂ. ૨૦,૩૮૩ કરોડનો ટોલ વસૂલ્યો હોવાનું જણાવ્યું છે. આ સાથે જ આ સમયગાળા દરમિયાન ગુજરાતના નેશનલ હાઈવેના વિકાસ અને જાળવણી માટે કુલ રૂ. ૪૭,૨૩૬ કરોડની ફાળવણી કરવામાં આવી હોવાનું પણ કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે. રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના લેખિત જવાબમાં કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ બુધવારે આ માહિતી આપી હતી.

સાંસદ નથવાણીએ છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર વસૂલવામાં આવેલા ટોલ તથા રાજ્યમાં હાઈવેના બાંધકામ અને જાળવણી માટે ફાળવાયેલા ભંડોળ અંગે માહિતી માંગેલી હતી. સાથે જ તેમણે મુંબઈ-અમદાવાદ (એનએચ-૪૮), સુરત-દહીંસર અને અમદાવાદ-રાજકોટ-જેતપુર જેવા મહત્વપૂર્ણ માર્ગો પર ચાલી રહેલા કામોની હાલત તથા તેની પૂર્ણતા અંગે સમયમર્યાદા વિશે પણ પૂછપરછ કરી હતી. આ ઉપરાંત ભરૂચ-સુરત અને અમદાવાદ-હિંમતનગર સહિતના હાઈવે માર્ગો પર પડેલા ખાડા અને તૂટી ગયેલી રોડ

(અનુ. આઠમા પાને)



# રાજકોટ-સુરેન્દ્રનગરમાં આજે સિવિયર હિટવેવની આગાહી

## પોરબંદર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, બનાસકાંઠા, પાટણ, વડોદરા અને સુરતમાં યલો એલર્ટઃ માર્ચમાં મે મહિના જેવી આકરી ગરમીથી જનજીવન ત્રાહીમામ

### કયાં શહેરનું કેટલુ તાપમાન

| | |
|---|---|
| વલ્લભ વિદ્યાનગર | ૪૨.૨ ડિગ્રી |
| રાજકોટ | ૪૧.૯ ડિગ્રી |
| વડોદરા | ૪૧.૬ ડિગ્રી |
| સુરેન્દ્રનગર | ૪૧.૫ ડિગ્રી |
| અમદાવાદ | ૪૧.૪ ડિગ્રી |
| સુરત | ૪૧ ડિગ્રી |
| કેશોદ | ૪૦.૭ ડિગ્રી |
| દિવ | ૪૦.૭ડિગ્રી |
| ડિસા | ૪૦.૭ ડિગ્રી |
| મહુવા | ૪૦.૪ ડિગ્રી |

**અબતક,રાજકોટ**

ઉનાળાના આરંભે જ સુર્યનારાયણ આક્રમક મિજાજમાં જોવા મળી રહ્યા છે. માર્ચ માસમાં મે મહિના જેવી આકરી ગરમી પડી રહી છે. તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર થઈ ગયો છે. આજે પણ સૌરાષ્ટ્રના રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં સિવિયર હિટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે.કાળઝાળ ગરમીથી બચવા લોકો માટે ગાઈડલાઈન પણ જાહેર કરવામાં આવી છે. બુધવારે રાજયના ૧૪ શહેરોમાં મહતમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ રહેવા પામ્યો હતો. આજે રાજયના આઠ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના રેકોર્ડ અનુસાર બુધવારે વલ્લભ વિદ્યાનગર ૪૨.૩ ડિગ્રી સાથે



રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. રાજયના ૧૪ શહેરોમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધઉ રહેવા પામ્યું હતુ. અમદાવાદનું તાપમાન ૪૧.૪ ડિગ્રી, ડિસાનું તાપમાન ૪૦.૭ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૦.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૪૧.૬ ડિગ્રી, સુરતનું તાપમાન ૪૧ ડિગ્રી, દમણનું તાપમાન ૩૩ ડિગ્રી, ભુજનું તાપમાન ૩૯.૪ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૬.૨ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૯ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૩૯.૭ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૪૦.૯ ડિગ્રી, ભાવનગરનું ૩૯.૪ ડિગ્રી, પોરબંદર ૪૦.૨ ડિગ્રી, રાજકોટ ૪૧.૯ ડિગ્રી, વેરાવળ ૪૦.૬ ડિગ્રી, દિવ ૪૦.૭ ડિગ્રી, સુરેન્દ્રનગર ૪૧.૫ ડિગ્રી, મહુવા ૪૦.૪ ડિગ્રી અને કેશોદનું મહતમ તાપમાન ૪૦.૭ ડિગ્રી નોંધાયું હતુ

આજે પોરબંદર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, બનાસકાંઠા, પાટણ, વડોદરા, અને સુરતમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આગામી દિવસોમાં હજી ગરમીનું જોર વધી શકે છે.